પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૭-૦૧-૨૦૨૬-શનિવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૩૧ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# વિદ્યાર્થીઓને ન્યુઝીલેન્ડમાં સપ્તાહમાં ૨૫ કલાક કામને મંજૂરી

## ફ્રી ટ્રેડ અગ્રીમેન્ટના કારણે આઈટી સહિતના ૧૧૮ સર્વિસ સેક્ટરમાં ભારતીયો માટે ઉજ્જવળ તક

નવી દિલ્હી, તા. ૧૭

અમેરિકા, કેનેડા, યુકે અને ઓસ્ટ્રેલિયાપ આ માત્ર દેશના જ નામો નથી, પરંતુ ગુજરાતીઓના 'હોટ ફેવરિટ' દેશ છે, જ્યાં ભણીને સ્થાયી થવું એ ઘણા લોકોનું સપનું હોય છે. એ માટે ક્યારેક લોકો જીવનમૂડી ખર્ચીને, લોન લઈને કે પછી જીવ જોખમમાં મૂકીને પણ જવા માટે તત્પર હોય છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી અમેરિકા, કેનેડા અને બ્રિટન સહિત મોટા ભાગના દેશોમાં વિઝાના નિયમો કડક કરવામાં આવ્યા છે. ત્યારે વિદેશમાં સેટલ થવા માગતા ભારતીયો અને એમાં પણ ગુજરાતીઓ માટે ન્યૂઝીલેન્ડ બેસ્ટ ઓપ્શન બની શકે છે.

આ પાછળનું મુખ્ય કારણ થોડા દિવસ અગાઉ ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે થયેલો ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ અને એના પછી નિયમોમાં થનારો ફેરફાર છે.

ન્યૂઝીલેન્ડમાં અત્યારસુધીનો ક્રેઝ સ્ટેબલ રહ્યો હતો. અત્યારસુધી એકદમ સ્ટેડી રીતે ભારતમાંથી ન્યૂઝીલેન્ડ જવાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો હતો.

કોઈપણ દેશમાં જવા માટે વિદ્યાર્થીઓના જવાનો ટ્રેન્ડ કે આકર્ષણ એ દેશની વેલકમિંગ પોલિસી પર નિર્ભર રાખે છે. અત્યારસુધી ન્યૂઝીલેન્ડે ભારતીય વિદ્યાર્થીઓ માટે 'ઓપન અપ' પોલિસી ઘડી નહોતી. હાલમાં એવી પરિસ્થિતિ છે કે મોટા ભાગના દેશો એન્ટી-ઈમિગ્રન્ટ પોલિસી પર કામ કરી રહ્યા છે.

કેનેડામાં ૨૦૨૪ પછી સતત કંઈક ને કંઈક બદલાવ આવી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ પણ મૂંઝવણમાં આવી ગયા છે કે આપણે ત્યાં જવું જોઈએ કે નહીં? આવી પરિસ્થિતિમાં કેનેડા જવાનો રેશિયો ૭૦ ટકા સુધી ઓછો થઈ ગયો છે.

અમેરિકાની વાત કરીએ તો ત્યાં સ્ટુડન્ટ વિઝા માટેની જે નીતિ છે એમાં પણ ઘણા બદલાવ આવી રહ્યા છે, પણ સૌથી મોટી તકલીફ એ છે કે આ બદલાવ એકસાથે નથી આવતા. આપણે એ નથી જાણતા કે ટ્રમ્પ સરકાર કે અમેરિકા ક્યારે વિઝાના નવા નિયમો જાહેર કરશે. આવામાં વિદ્યાર્થીઓ પણ ખૂબ જ મૂંઝવણમાં છે.

આજે ઘણા દેશો એન્ટી-ઈમિગ્રન્ટ પોલિસી પર કામ કરી રહ્યા છે, એવામાં ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ થયા, જેના પર સત્તાવાર રીતે ૨૨ ડિસેમ્બરે નિર્ણય લેવામાં આવ્યો.

આ એગ્રીમેન્ટ હેઠળ ન્યૂઝીલેન્ડ સરકાર ભારત સરકાર સાથે એક સારી ટ્રેડ ડીલ કરવા માગે છે. આ ટ્રેડ ડીલ આગળ જતાં તબક્કાવાર લાગુ કરવામાં આવશે. હાલ આ પોઝિટિવ સાઈન છે કે ન્યૂઝીલેન્ડ સરકાર ભારતીય વિદ્યાર્થીઓને આવકારવા માગે છે. આવા સંજોગોમાં આવનારા સમયમાં ગુજરાતીઓની ન્યૂઝીલેન્ડ જવાની સંખ્યામાં વધારો થઈ શકે છે.

ન્યૂઝીલેન્ડ સરકાર હાલમાં ફોરેન એજ્યુકેશનમાંથી ૪ બિલિયન ડોલરની આસપાસ આવક કરી રહી છે. આ ઈન્કમ ન્યૂઝીલેન્ડની ટોપ ૧૦ ઈન્કમ પૈકીની એક છે. આ જોતાં ન્યૂઝીલેન્ડ સરકાર ૨૦૩૪ સુધીમાં ફોરેન એજ્યુકેશનની ઈન્કમને ડબલ કરવા તરફ ફોકસ કરી રહી છે. તેમણે આ પ્લાન તબક્કાવાર કર્યો છે, એટલે એ પ્રમાણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ થશે અને સામે ઈન્કમના સોર્સ પણ વધતા જશે. હવે વિદ્યાર્થીઓ ૨૫ કલાક કામ કરી શકશે

ન્યૂઝીલેન્ડમાં અગાઉ અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓ અઠવાડિયામાં માત્ર ૨૦ કલાક જ કામ કરી શકતા હતા, પરંતુ હવે તેઓ અઠવાડિયામાં ૨૫ કલાક કામ કરી શકશે. એટલે કે વર્ક વિઝાના રાઈટ્સ વધ્યા છે, જેથી વિદ્યાર્થીઓને એટલા કલાકના વધારાના પૈસા મળશે. સામાન્ય રીતે આપણને એવું લાગે કે માત્ર પાંચ જ કલાક વધારવામાં આવ્યા છે, પણ જો એને વાર્ષિક રીતે જોવામાં આવે તો એની મોટી ઈમ્પેક્ટ પડશે અને તે વિદ્યાર્થીની આવકમાં મદદરૂપ થશે.

# મુંબઈ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપ ગઠબંધનને કુલ ૧૧૮ બેઠકો જીતી

### ઉદ્ધવની એક ભૂલથી મુંબઈમાં સત્તા છીનવાઈ : મત વિભાજનથી મોટો ફટકો

મુંબઈ, તા. ૧૭

મહારાષ્ટ્રમાં ૨૯ કોર્પોરેશનોમાંથી ૨૫માં ભાજપનો વિજયવાવટો ફરકયો છે. ખાસ કરીને મુંબઈ મહાપાલિકા પર ભાજપ ગઠબંધનનો કબ્જો મોટો ઉલટફેર છે. ઠાકરે જૂથની ત્રણ દાયકાની બાદશાહત ખત્મ થઈ છે. નિષ્ણાંતોનો એવો દાવો છે કે ઉદ્ધવ ઠાકરેની એક ભુલ ભારે પડી હતી. અન્યથા પરિણામો જુદા હોત.BMC ચૂંટણીમાં ભાજપ અને એકનાથ શિંદેની શિવસેનાવાળી મહાયુતિએ શાનદાર જીત નોંધાવી છે. દેવેન્દ્ર ફડણવીસની રણનીતિ સામે ઉદ્ધવ ઠાકરે લાચાર દેખાયા. મહાયુતિએ કુલ ૨૨૭ બેઠકોમાંથી ૧૧૮ બેઠકો જીતીને બહુમતીનો ૧૧૪નો આંકડો પાર કરી લીધો છે.ભાજપે એકલા હાથે ૮૯ બેઠકો મેળવી, જ્યારે શિંદે જૂથની શિવસેનાને ૨૯ બેઠકો મળી. આ જીત ભાજપ માટે એક ઐતિહાસિક સફળતા છે, કારણ કે તેમણે મુંબઈની સૌથી ધનિક નગર નિગમ પર કબજો જમાવ્યો છે.આ ચૂંટણીની કહાની ઉદ્ધવ ઠાકરે માટે દુઃખદ છે. તેમની શિવસેના (UBT)ને માત્ર ૬૫ બેઠકોથી સંતોષ માનવો પડ્યો, જે ૨૦૧૭માં મળેલી ૮૪ બેઠકો કરતાં ઓછી છે. ઉદ્ધવ ઠાકરેએ આ ચૂંટણીમાં તેમના ભાઈ રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS) સાથે હાથ મિલાવ્યો હતો, પરંતુ આ ગઠબંધનનો ખાસ ફાયદો ન મળ્યો. હવે સવાલ એ છે કે ઉદ્ધવ ઠાકરેથી એવી કઈ ચૂક થઈ ગઈ, જેણે તેમની પાસેથી મ્હાની ગાદી છીનવી લીધી? રાજકીય વિશ્લેષકો માને છે કે જો ઉદ્ધવ ઠાકરેએ વિધાનસભાવાળી રણનીતિ અપનાવી હોત તો પરિણામો અલગ હોત.

તેમની સૌથી મોટી ભૂલ કોંગ્રેસ સાથે ગઠબંધન

અનુસંધાન પાના ૭ પર

# બ્રિટનમાં ગુરુદ્વારા સાહિબમાં માંસ ફેંકાતા સંસદમાં મામલો ઉઠયો

### સીસીટીવીમાં કેદ થયેલા આરોપીની પોલીસે ધરપકડ કરી

નવી દિલ્હી, તા. ૧૭

બ્રિટનના વેસ્ટ બ્રોમવિચ ખાતે ગુરુ નાનક ગુરુદ્વારા સાહિબ પર માંસ ફેંકનાર વ્યક્તિને પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે આ કાર્યવાહી વેસ્ટ બ્રોમવિચના લેબર સાંસદ સારા કૂમ્બ્સ દ્વારા સંસદમાં આ મુદ્દો ઉઠાવ્યા બાદ કરી. પોલીસે પહેલા સીસીટીવીની મદદથી આરોપીની ઓળખ કરી અને પછી તેને પકડીને તેની સામે આરોપો ઘડ્યા.

પોલીસના જણાવ્યા અનુસાર, ૪૨ વર્ષીય ટોમાઝ બ્રુચને ગુરુદ્વારાની બહાર જાણી જોઈને માંસ ફેંકવા અને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. આ કૃત્ય શીખ ધર્મની માન્યતાઓ વિરુદ્ધ માનવામાં આવે છે અને પોલીસ તેને હેટ ક્રાઈમ તરીકે જોઈ રહી છે. પોલીસ રેકોર્ડ મુજબ, આરોપીનું કોઈ કાયમી સરનામું મળ્યું નથી.


બ્રિટન પોલીસે આરોપીને કસ્ટડીમાં લઈને કોર્ટમાં રજૂ કર્યો, જ્યાંથી તેને આગળની સુનાવણી સુધી રિમાન્ડ પર મોકલી દેવામાં આવ્યો. આ કેસની આગામી સુનાવણી વૂલ્વરહેમ્પટન મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં થશે. આરોપી પકડાયાની જાણકારી સાંસદ સારા કૂમ્બ્સે પોતાના ઠ હેન્ડલ પર વીડિયો શેર કરીને આપી.

બ્રિટનના વેસ્ટ બ્રોમવિચ સ્થિત ગુરુ નાનક ગુરુદ્વારા સાહિબ પર માંસ ફેંકવાની ઘટના ૨૨ ડિસેમ્બર

અનુસંધાન પાના ૭ પર

# ઓરિસ્સામાં બીજેડી નેતા હૃષિકેશ પાધીના ઘર પર ઈડીના દરોડા

### ગેરકાયદે ખાણકામ અને મની લોન્ડરીંગ કેસમાં કાર્યવાહી : રૂ. ૫૦૦ની નોટોના બંડલોનો જથ્થો મળી આવ્યો




ગંજમ, તા. ૧૭

ઓડિશામાં ગેરકાયદે ખાણકામ અને મની લોન્ડરિંગના કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. ગંજમ જિલ્લામાં બીજુ જનતા દળ (BJD)ના ઉપપ્રમુખ અને કોન્ટ્રાક્ટર હૃષિકેશ પાધીના નિવાસસ્થાને દરોડા દરમિયાન કરોડો રૂપિયાની રોકડ મળી આવતા ખળભળાટ મચી ગયો છે. તિજોરીઓ અને કબાટમાંથી ૫૦૦ની નોટોના અસંખ્ય બંડલ જોઈને તપાસ કરી રહેલા અધિકારીઓ પણ ચોંકી ઊઠ્યા હતા.

EDએ હૃષિકેશ પાધી અને તેમના કથિત નાણાકીય નેટવર્ક સાથે જોડાયેલા ગંજમ જિલ્લાના અંદાજે ૨૦ સ્થળોએ એકસાથે દરોડા પાડ્યા હતા. બહેરામપુર શહેરના ઉદ્યોગપતિઓના નિવાસસ્થાનો સહિત બિજીપુર, લાંજીપલ્લી અને જયપ્રકાશ નગર જેવા વિસ્તારોમાં તપાસનો ધમધમાટ તેજ કરાયો છે.

તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે રેતી માફિયાઓએ કાયદાથી બચવા માટે ઓટો માલિકો, ટ્રેક્ટર ચાલકો અને નાની દુકાનો ધરાવતા સામાન્ય લોકોના નામે રેતીના લીઝ મેળવ્યા હતા. રૂષિકુલ્યા, બહુદા અને બડા નદીઓના પટમાં મોટા પાયે ગેરકાયદે ખાણકામ કરી સરકારી તિજોરીને કરોડોનું નુકસાન પહોંચાડ્યું હતું. ઝછચ્ના અહેવાલ

અનુસંધાન પાના ૭ પર

# ઈરાનમાંથી ભારતીયોને પરત લાવવાનું ઓપરેશન સ્થગિત

### પરિસ્થિતિ વણસે તો ભારતીયોને પાછા લાવવા સરકારનો નિર્દેશ

નવી દિલ્હી, તા. ૧૭

ઈરાન પર ત્રાટકવાની યોજના અમેરિકાએ હાલ તુર્ત સ્થગિત કરી દીધી છે અને મધ્ય પૂર્વમાં ભીષણ યુધ્ધના વાદળો વિખેરાઈ ગયા છે જેના પગલે ભારતે ઈરાનમાં ફસાયેલા ભારતીયોને ખાસ વિમાનમાં પરત લાવવા હાથ ધરેલું ઓપરેશન પણ તાત્કાલીક અસરથી અટકાવી દીધુ છે. ઈરાનમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવા માટે ભારતે ખાસ વિમાન તહેરાન મોકલ્યુ હતું પરંતુ ઈરાન પર ત્રાટકવાની યોજના ડોનાલ્ડ ટ્રમ્પે સ્થગિત કરી દીધી હોવાનું બહાર આવતા ભારતે પણ હાલ તુર્ત ભારતીયોને પાછા લાવવાનું ઓપરેશન સ્થગિત રાખ્યું છે.કેન્દ્ર સરકારના સુત્રોએ કહ્યું કે, ઓપરેશન સ્વદેશને બ્રેક મારવામાં આવી હોવા છતાં ઈરાન-અમેરિકા વચ્ચેના સંબંધો પર સતત નજર રાખવામાં આવી રહી છે અને પરિસ્થિતિ વણસે તો તાત્કાલીક અસરથી ફરી વખત ઓપરેશન શરૂ કરી દેવામાં આવશે. ઈરાનમાં ૯ હજાર ભારતીયોનો વસવાટ છે જેમાં ૩ હજારથી વધુ વિદ્યાર્થીઓ છે. પ્રથમ

અનુસંધાન પાના ૭ પર

# પેટ્રોલ-ડીઝલ પર ટેક્સમાં ઘટાડો કરવા પેટ્રોલીયમ મંત્રીનો પ્રસ્તાવ

### ટેક્સ રેટ ઘટાડીને ૩૫થી ૪૦ ટકા કરવા અને પેટ્રોલિયમને જીએસટીમાં સમાવવાની માંગ

નવી દિલ્હી, તા. ૧૭

કેન્દ્ર સરકારના સામાન્ય બજેટને આડે હવે પખવાડીયુ પણ બાકી રહ્યુ નથી. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામને વેપાર-ઉદ્યોગકારો-બેંકરો સહિત સંબંધીત પક્ષકારો સાથે બેઠક કરીને સૂચનો મેળવ્યા છે. સાથોસાથ જુદા-જુદા મંત્રાલયોના પણ મંતવ્યો લીધા છે ત્યારે સરકારના પેટ્રોલિયમ મંત્રાલયે જ ટેક્સ ઘટાડીને મહત્વપૂર્ણ સૂચન કર્યુ હોવાથી બજેટમાં પેટ્રોલ-ડીઝલ સસ્તા કરવામાં આવે તેવી સંભાવના વ્યક્ત થવા લાગી છે.



કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ પહેલા પેટ્રોલિયમ મંત્રાલયે સરકાર સમક્ષ એક મહત્ત્વપૂર્ણ પ્રસ્તાવ રજૂ કર્યો છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય વર્ષ ૨૦૩૦ સુધીમાં તેલ અને ગેસના સ્થાનિક ઉત્પાદન લક્ષ્યાંકને હાંસલ કરવાનો છે.મંત્રાલયે ભલામણ કરી છે કે તેલ-ગેસ ક્ષેત્રના ટેક્સ માળખાને વૈશ્વિક ધોરણો મુજબ સુધારવામાં આવે અને અસરકારક ટેક્સ રેટ ઘટાડીને ૩૫%થી ૪૦%ની મર્યાદામાં લાવવામાં આવે. મંત્રાલયનું માનવું છે કે, ઊંચા ટેક્સ અને અસ્થિર નીતિઓને કારણે રોકાણકારોનો ઉત્સાહ ઓછો થાય છે, તેથી આગામી બજેટમાં ટેક્સ રેટ અને રોયલ્ટી અંગે મોટા નિર્ણયો લેવા જરૂરી છે. આ પ્રસ્તાવમાં ખાસ કરીને જૂના બ્લોક્સ પરના ટેક્સના બોજને ઘટાડવાની માંગ કરવામાં આવી છે, કારણ કે દેશના કુલ ઉત્પાદનનો લગભગ ૯૦% હિસ્સો આ બ્લોક્સમાંથી આવે છે. તેમજ પેટ્રોલિયમ ઉત્પાદનોને જ્ઞ્ના દાયરામાં લાવવાની જૂની માંગને પણ ફરીથી દોહરાવવામાં આવી છે.જો પેટ્રોલ-ડીઝલ GST હેઠળ આવે, તો ઉદ્યોગોને ઈનપુટ ટેક્સ ક્રેડિટનો લાભ મળશે અને લોજિસ્ટિક્સ ખર્ચમાં પણ ઘટાડો થઈ શકે છે.

# ભારત-પાક. યુદ્ધ અટકાવ્યું હોવાની ફરી ટ્રમ્પે બડાઈ મારી

### એક વર્ષમાં આઠ શાંતિ કરારો પર હસ્તાક્ષર કર્યા : ટ્રમ્પ

વોશિંગ્ટન, તા. ૧૭

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ અટકાવવા માટે પોતાને શ્રેય આપ્યો છે. શનિવારે ટ્રમ્પે કહ્યું હતું કે તેમના હસ્તક્ષેપથી બે પરમાણુ સશસ્ત્ર પડોશીઓ વચ્ચે યુદ્ધ ટળી ગયું અને લાખો લોકોના જીવ બચી ગયા. ટ્રમ્પે પાકિસ્તાની વડા પ્રધાનનો પણ ઉલ્લેખ કર્યો હતો.

કહ્યું હતું કે શાહબાઝ શરીફે તણાવ ઓછો કરવા બદલ તેમનો વ્યક્તિગત રીતે આભાર માન્યો હતો. અમેરિકન રાષ્ટ્રપતિએ ડઝનેક વખત દાવો કર્યો છે કે તેમણે ગયા વર્ષે ગયામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે લશ્કરી અથડામણ અટકાવી હતી. જોકે, ભારતે સતત કહ્યું છે કે પાકિસ્તાન સાથે યુદ્ધવિરામમાં કોઈ ત્રીજા દેશની કોઈ ભૂમિકા નહોતી.

એક કાર્યક્રમમાં ટ્રમ્પે કહ્યું, "એક વર્ષમાં, અમે આઠ શાંતિ કરારો પર હસ્તાક્ષર કર્યા. મધ્ય પૂર્વમાં શાંતિ છે. અમે બે પરમાણુ દેશો, ભારત અને પાકિસ્તાનને લડતા અટકાવ્યા. પાકિસ્તાનના વડા પ્રધાને કહ્યું કે ડોનાલ્ડ ટ્રમ્પે ઓછામાં ઓછા ૧૦ મિલિયન લોકોને બચાવ્યા. તે અદ્ભુત હતું." મે મહિનામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાર દિવસના લશ્કરી ગતિરોધ પછી ટ્રમ્પે આ દાવો ઘણી વખત પુનરાવર્તિત કર્યો છે.

અનુસંધાન પાના ૭ પર

# પંજાબમાં માર્ગ દુર્ઘટનામાં મહિલા પોલીસ સહિત ૫ ગુજરાતીનાં મોત

### ડિવાઈડર સાથે ફોર્ચ્યુનર કાર અથડાતા બનાસકાંઠાના ૫ લોકોનાં મોત



નવી દિલ્હી, તા. ૧૭

પંજાબમાં ગાઢ ધુમ્મસનો કહેર યથાવત છે. શનિવારની સવારે બઠિંડામાં નેશનલ હાઈવે પર ડિવાઈડર સાથે ફોર્ચ્યુનર ગાડી અથડાઈ હતી. આ અકસ્માતમાં એક મહિલા કોન્સ્ટેબલ સહિત ૫ લોકોનાં મોત થયા છે.આ અકસ્માત બઠિંડા જિલ્લાના ગુડતડી ગામ પાસે થયો હતો. ટક્કર એટલી ભયાનક હતી કે ફોર્ચ્યુનર ગાડીના ફુરચા ઉડી ગયા. માહિતી મળતા ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે કોઈક રીતે ગાડીની અંદરથી મૃતદેહોને બહાર કાઢ્યા.તેમની ઓળખ અર્જુન, સતીશ, જનક, ભારત અને અમિતા બાન તરીકે થઈ છે. આ તમામ ગુજરાતના બનાસકાંઠાના રહેવાસી હતા. તમામની ઉંમર ૨૫ થી ૩૦ વર્ષની વચ્ચે છે. અનિતા બાન મહિલા કોન્સ્ટેબલ હોવાનું જણાવાયું

અનુસંધાન પાના ૭ પર

# મહિલાઓ પણ કાયદાનો દુરુપયોગ કરે છે : દહેજના કેસમાં હાઈકોર્ટની ટિપ્પણી

### દહેજ ઉત્પીડન કેસનો હેતુ પતિ અને સસરા પાસેથી વધુને વધુ પૈસા મેળવવાનો : હાઈકોર્ટ

નવી દિલ્હી, તા. ૧૭

કોર્ટે એક કિસ્સામાં પત્ની દ્વારા મધ્યસ્થી દરમિયાન દરેક વખતે નવી-નવી માંગણીઓ મુકવાને કોર્ટે તેનું લાલચુ વલણ ગણાવ્યું હતું. જસ્ટિસ નીના બંસલ કૃષ્ણાની બેંચે મહિલા દ્વારા દાખલ કરવામાં આવેલા દહેજ ઉત્પીડનના કેસને ફગાવી દીધો હતો. બેંચે પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે અહીં પત્નીનો દહેજ ઉત્પીડનનો કેસ દાખલ કરવાનો હેતુ આરોપી પતિ અને સસરા પાસેથી વધુને વધુ પૈસા મેળવવાની લાલચ હતી.બેંચે કહ્યું કે આ મામલાની સુનાવણી દરમિયાન સ્પષ્ટ તથ્યો સામે આવ્યા કે અહીં દહેજ ઉત્પીડન કાયદાનો દુરુપયોગ થઈ રહ્યો છે. બેંચે વધુમાં કહ્યું કે કોર્ટે કાયદાના દુરુપયોગને નિયંત્રિત કરવાની જરૂર છે. કોર્ટે નોંધ્યું કે છેલ્લા ઘણા વર્ષોથી એક પરિવાર દહેજ ઉત્પીડનના કેસને કારણે પોલીસ અને કોર્ટના ચક્કર લગાવી રહ્યો છે. બેંચે આ મામલે આરોપી પતિ અને સસરાને ક્લીનચીટ આપી દીધી છે.બેંચે એ પણ નોંધ્યું કે ફરિયાદી મહિલાએ વર્ષ ૨૦૧૧માં જ સાસરી છોડી દીધી હતી. ત્યાર બાદ તે ક્યારેય સાસરીમાં ગઈ ન હતી, છતાં તેણે પતિ અને સસરા વિરુદ્ધ દહેજ ઉત્પીડન સહિતના અન્ય ગંભીર આરોપોને લઈને વર્ષ ૨૦૧૬માં એફઆઈઆર નોંધાવી હતી.મહિલાના લગ્ન વર્ષ ૨૦૦૯માં થયા હતા અને પરસ્પર મતભેદના કારણે મહિલાએ વર્ષ ૨૦૧૧માં પતિનું ઘર છોડી દીધું હતું. ત્યારબાદ બંને પક્ષો વચ્ચે મધ્યસ્થીનો દોર ચાલ્યો હતો, જેમાં મધ્યસ્થી કેન્દ્રમાં મહિલાની માંગ દરેક વખતે વધી રહી હતી. ક્યારેક તે ૫૦ લાખ રૂપિયાની માંગણી કરી રહી હતી, તો ક્યારેક દક્ષિણ દિલ્હીમાં મોંઘા ફ્લેટની ફરમાઈશ કરી રહી હતી. મધ્યસ્થી કેન્દ્રના રેકોર્ડ પરથી હાઈકોર્ટમાં આ બધું સાબિત થયું હતું.

પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો તથા સુરત જિલ્લા માટે ખબરપત્રી જોઈએ છે.




મો.નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫



# લાયન મીનાક્ષી સંજીવ કેસરવાની દ્વારા ન્યૂ વોઇસ સિમ્ફોઝીસમ-રનું ભવ્ય આયોજન

## સુરત અને દમણ ખાતે ન્યૂ વોઇસ સિમ્ફોઝીસમમાં લાયન અને નોન લાઇન મેમ્બરોએ ભાગ લીધો

સુરત, તા.૧૭

પ્રેસ એન્ડ મિડીયા ચેર પર્સન કીર્તિ શાહના જણાવ્યા પ્રમાણે, લાયન મીનાક્ષી સંજીવ કેસરવાની દ્વારા ન્યૂ વોઇસ સિમ્ફોઝીસમ-૨ નું ભવ્ય અને શાનદાર આયોજન સુરત ખાતે તાજેતરમાં યોજવામાં આવ્યુ હતું. આ પ્રસંગે પાસ્ટ મલ્ટીપલ કાઉન્સીલ ચેરમેન નીશીત કિનારીવાલા, પાસ્ટ ડિસ્ટ્રીક્ટ ગવર્નર અને મોના દેસાઈની ટીમની ઉપસ્થિતી અને આશીર્વાદ સાથે અવધ ઉથોપિયા ખાતે ૨૫૦ લાયન મેમ્બર ઉપસ્થિત રહ્યા હતા તેમજ ન્યૂ વોઇસ સિમ્ફોઝીસમ-૨નું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું. ઉપરાંત હોટલ ડેલ્ટીન દમણ ખાતે ન્યૂ વોઇસ સિમ્ફોઝીસમ-૧નું આયોજન થયુ હતું. લાયન મીનાક્ષી સંજય કેસરવાનીનું સફળ, સશક્ત અને તાજગીસભર નેતૃત્વ અને તેમના માહિતી સભર વક્તવ્યએ સૌ કોઇના દિલ જીતી લીધા હતા. મુખ્ય મહેમાન રમેશ પ્રજાપતિ, ઈન્ટરનેશન ડિરેક્ટર લાયન મુખ્ય અતિથી તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે મીનાક્ષી સંજીવ કેસરવાનીના નેતૃત્વને વખાણી અને આનંદ વ્યક્ત કર્યો હતો.

ન્યૂ વોઇસ સિમ્ફોઝીસમ-રનું બીજુ નોંધપાત્ર પાસુ ૨૫૦થી વધારે લાયન મેમ્બરો, સિનિયર લાયન લિડરો પાસ્ટ ડિસ્ટ્રીક્ટ ગવર્નરો અને નોન લાયન મેમ્બરો ઉપસ્થિત રહ્યા હતા. નોન લાયન મેમ્બરોનો સક્રિય પણે ભાગ લેવો, ચર્ચામાં જોડાવુ અને લાયન્સના કાર્યક્રમોમાં જોડાવુ એ ખુબજ પ્રસંશનિય કાર્ય રહ્યું હતું. ઉપસ્થિત લાયન મેમ્બરો અને નોન લાયન મેમ્બરોએ લાયન મીનાક્ષી સંજીવ કેસરવાનીને શુભ કામનાઓ પાઠવી હતી.

# વલસાડ જિલ્લાના પત્રકારો માટે મીડિયા એવોર્ડ સ્પર્ધા યોજશે

## તા. ૨૬ જાન્યુ. સુધીમાં એન્ટ્રી મોકલવાની રહેશે

વલસાડ, તા.૧૭

વલસાડ જિલ્લાના પત્રકારોને પ્રોત્સાહન આપવાના હેતુથી પત્રકાર વેલફેર એસોસીએશન, વલસાડ દ્વારા સતત છઠ્ઠા વર્ષે મીડિયા એવોર્ડ પ્રતિયોગિતા- ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. અગાઉના વર્ષોમાં મળેલા સકારાત્મક પ્રતિસાદને ધ્યાનમાં રાખી આ એવોર્ડ પ્રતિયોગિતા ફરી એકવાર પત્રકારો માટે જાહેર કરવામાં આવી છે.

આ પ્રતિયોગિતામાં ભાગ લેવા ઈચ્છતા પત્રકારોએ વર્ષ ૨૦૨૫ દરમ્યાન પ્રકાશિત થયેલી પોતાની પ્રિન્ટ કે ઈલેક્ટ્રોનિક મીડિયાની ન્યૂઝ સ્ટોરીઓ ઈ-મેઈલ મારફતે મોકલવાની રહેશે. પસંદગી પામેલ સ્ટોરીઓના લેખકોને વિશેષ સ્ટેજ કાર્યક્રમમાં વિવિધ કેટેગરીમાં એવોર્ડ તથા પારિતોષિકથી સન્માનિત કરવામાં આવશે. મીડિયા એવોર્ડ પ્રતિયોગિતામાં બેસ્ટ પોઝિટિવ સ્ટોરી, બેસ્ટ ઈન્વેસ્ટિગેટિવ સ્ટોરી, બેસ્ટ ઈમ્પેક્ટ સ્ટોરી, બેસ્ટ હ્યુમન સ્ટોરી, સિવિક ઈશ્યૂ, બેસ્ટ ફોટો સ્ટોરી, બેસ્ટ સોફ્ટ સ્ટોરી, યુનિક સ્ટોરી તથા બેસ્ટ વીડિયો ફૂટેજ જેવી કેટેગરીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વલસાડ, દમણ અને દાદરા નગર હવેલી, નવસારી, ડાંગ, સુરત ગ્રામ્ય અને તાપી જિલ્લાના મીડિયાકર્મીઓ આ પ્રતિયોગિતામાં ભાગ લઈ શકશે. એક મીડિયાકર્મી એક કેટેગરીમાં મહત્તમ બે સ્ટોરી મોકલી શકશે. ઈમ્પેક્ટ સ્ટોરી કેટેગરીમાં મૂળ સ્ટોરી સાથે તેની અસર દર્શાવતી ઈમ્પેક્ટ સ્ટોરી મોકલવી ફરજિયાત રહેશે. તમામ એન્ટ્રીઓનું મૂલ્યાંકન મીડિયા ક્ષેત્રના નિષ્ણાત જજો દ્વારા કરવામાં આવશે અને તેમનો નિર્ણય અંતિમ ગણાશે.



# ભાજપ યુવા મોરચાના પ્રમુખ દેવાંગ જોષી સુરતની મુલાકાતે

## ભારતીય જનતા પાર્ટી -સુરત મહાનગર યુવા મોરચા દ્વારા ભવ્ય સ્વાગત

સુરત, તા.૧૭

સાંસદ શ્રી તથા નવ નિયુક્ત ગુજરાત પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ શ્રી એ તેમના સંબોધનમાં મહારાષ્ટ્રની મહાનગરપાલિકા અને નગરપાલિકાની ચૂંટણીમાં મળેલા ભવ્ય વિજય બદલ તથા મુંબઈ મહાનગરપાલિકામાં પ્રથમ વખત ભારતીય જનતા પાર્ટીનો મેયર બને તેવી શક્યતાઓ સર્જાઈ છે તે બદલ તેમણે સમગ્ર મહારાષ્ટ્રના ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓને અભિનંદન પાઠવ્યા હતા અને આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં દેશ વિકસિત બનવા તરફ આગળ વધી રહ્યો છે તેમ તેમણે કહ્યું હતું. આ પહેલા ભારતીય જનતા પાર્ટી-- સુરત મહાનગર મુખ્ય કાર્યાલય પંડિત દિનદયાલ ભવન , ઉધના ખાતે મોઢું મીઠું કરાવીને તથા ફટાકડા ફોડીને મહારાષ્ટ્ર રાજ્યમાં અને મુંબઈ મહાનગરપાલિકામાં મળેલા ભવ્ય વિજયની ઉજવણી કરવામાં આવી હતી.



# સાંધીયેર ગામમાં પ્રાથમિક શાળાના નવા ખંડોનું નિર્માણ

## જયેન્દ્રભાઈ ધીરુભાઈ દેસાઈના અથાક પ્રયત્નો ફળ્યા

સુરત, તા.૧૭

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સાંધીયેર ગામમાં આવેલી પ્રાથમિક શાળાના નવા ઓરડા/ વર્ગખંડોના નિર્માણની કામગીરી હવે પૂર્ણ થઈ ગઈ છે અને તેનું ઉદ્ઘાટન કરવામાં આવનાર છે. આ ઐતિહાસિક શાળાના વર્ગખંડોના રક્ષણ અને વિકાસ માટે ગામના વતની તથા ઓલપાડ તાલુકા કોંગ્રેસ સમિતિના માજી પ્રમુખ,માજી તાલુકા પંચાયત સભ્ય અને સાંધીયેર ગામના માજી સરપંચ શ્રી જયેન્દ્રભાઈ ધીરુભાઈ દેસાઈએ અથાક પ્રયત્નો કર્યા છે, જેના કારણે આ કાર્ય સાકાર થયું છે.શરૂઆતમાં, શાળાના વર્ગખંડોને તોડવાના પ્રયાસો વિરુદ્ધ તેમણે ઉચ્ચ કક્ષાઓ સુધી રજૂઆતો કરી. આ ઐતિહાસિક શાળાના વર્ગખંડોના રક્ષણ માટે છેવટે હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરવાની ફરજ પડી. જયેન્દ્રભાઈ ધીરુભાઈ દેસાઈએ શાળાના નવા વર્ગખંડોના બાંધકામને લઈને જાહેર હિતની અરજી (PIL NO. ૧૩/૨૦૨૧) નામદાર ગુજરાત હાઈકોર્ટમાં વર્ષ ૨૦૨૧માં દાખલ કરી હતી. જેના પરિણામે આ નવા વર્ગખંડોનું નિર્માણ થઈને તૈયાર થયા છે. આ પ્રયત્નો દ્વારા જ સાંધીયેર ગામના બાળકોને આધુનિક અને સુરક્ષિત શૈક્ષણિક વાતાવરણ મળશે. એક ગામના નાગરિક તરીકે, હું જયેન્દ્રભાઈ ધીરુભાઈ દેસાઈની આ સમર્પિત કામગીરી અને જાહેર હિત માટેના પ્રયાસોની

અનુસંધાન પાના ૭ પર

# દાદરાનગર હવેલીમાં યુ ટ્યુબના પત્રકારો વિરુધ્ધ ફરિયાદ દાખલ



## સોશિયલ મિડીયા થકી બની બેઠેલા પત્રકારોના ત્રાસથી ત્રાહીમામ

વાપી, તા.૧૭

દાદરા નગર હવેલી માં યુ ટ્યુબ ન્યૂઝ ચેનલ ના પત્રકારો નો દિન પ્રતિદિન વધેલા ત્રાસ ને લઈ વેપારી વર્ગ અને કંપની સંચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગત રોજ ઈન્ફિલુમ ટેક્સ. ના જી એમ. દ્વારા સિલ્વાસા પોલીસ સ્ટેશન માં ફરજી પત્રકારો દ્વારા હેરાનગતિ કરી પૈસા પડાવવા ના આશય થી પરેશાન કરતા હોવાની કંપની સંચાલક દ્વારા સિલ્વાસા પોલીસ સ્ટેશન માં ફરિયાદ થતા, પાંચ સોસીયલ મીડિયા ના પત્રકારો વિરુદ્ધ ગુનો દાખલ કરી યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવી. જેમાં એક આરોપી વાપી થી સાપ્તાહિક પેપર ચલાવે છે, જેના તંત્રી ના રિપોર્ટર ના કાર્ડ બતાવી કંપની સંચાલક ને ધમકી આપી હતી. આ પત્રકાર આ અગાઉ પણ ઘણા વિવાદ આ પત્રકાર આવી ચુક્યા ની જાણકારી મળી છે.. આ પ્રકાર ની વારંવાર હરકત થી સંઘ પ્રદેશ ના લોકો માં આક્રોશ જોવા મળ્યો છે. એક માસ પહેલા પણ લુખ્ખાગીરી કરતા પોલીસ ના હાથે ચઢ્યો હતો. અને જેમાં માંડ માંડ પોલીસ ના સંકજા માં થી મુક્ત થયો હતો. ફરીવાર સંઘ પ્રદેશ માં પૈસા પડાવવા કૃત્ય માં તેની સામે પોલીસ ફરિયાદ થયા હોવાની જાણકારી મળી છે..આવા બોગસ પત્રકારો ની શાન ઠેકાણે લાવવા ની જરૂર છે. ઈન્ફિલુમ ટેક્ષ. કમ્પની ના જી. એમ. પ્રેમ કુમાર શર્મા દ્વારા પોલીસ ફરિયાદ કરતા એસ. પી. સચિન યાદવ દ્વારા બોગસ પત્રકારો સામે કાર્યવાહી કરી રાજ કિશોર શર્મા, ચંદન સિંહ, તુષાર ઝા, આશિષ ઝા, છોટુ કુમાર સિંહ, એમની ધરપકડ કરી, એમની સામે ગુનો દાખલ કરી ગુના ની કલમ, ૩૦૮(૨), ૩૦૮(૩), ૩૫૨, ૩૫૩,(૧)બી, ૧૧૨.બીએનએસ. મુજબ નામદાર કોર્ટ દ્વારા આરોપીઓ ના પાંચ દિવસ ના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા.

# ચેક રિટર્નના કેસમાં આરોપી ઈશ્વર પાટીલને એક વર્ષની સજા

## રકમ ચૂકવી દેવાની ખાતરી આપી છતાં કોર્ટમાં ગેરહાજર રહેતાં ધરપકડ વોરન્ટ પણ જારી કરાયું

સુરત, તા.૧૭

ચેક રિટર્નના કેસમાં કોર્ટે આરોપીને દોષિત ઠેરવી એક વર્ષ કેદની અને રિટર્ન ચેકની રકમ ચુકવવા હુકમ કર્યા હતો.

પાંડેસરા વિસ્તારમાં રહેતા વિશ્વકર્મા મહાવીર રામઅચલ (રહે. ૩૨૪/૧, ક્રિષ્ના નગર, પાંડેસરા ગામ, સુરત) નાઓએ પાટીલ ઈશ્વર શ્રીકાંત વિરૂદ્ધ કોર્ટમાં ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ અંતર્ગત કોર્ટમાં ફરિયાદ નોધાવી હતી. ફરિયાદ મુજબ વિશ્વકર્મા મહાવીર રામઅચલ એ આરોપી નામે પાટીલ ઈશ્વર શ્રીકાંત (રહે –ઘર નં-૧૨૦૧, બિલ્ડિંગ નં-એ-૧, કોપર સ્ટોન, સુરત એરપોર્ટ સામે, ડુમસ રોડ, સુરત) ને બે લાખ વીસ હજાર હાથ ઊછીના આપ્યા હતા.

જે પેમેન્ટ પરત કરવા માટે આરોપીએ ૨.૨૦ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક બેકમાં જમા કરાવતા રિટર્ન થતા ફરિયાદ થઈ હતી. આ કેસમાં આરોપી તેમના વકીલ મારફત કોર્ટમાં હાજર થઈ અને ફરિયાદની નકલ લીધા બાદ સમાધાનની ખાતરી આપી હતી. જેમાં તેમણે ત્રણ ચાર મહિનામાં રકમ ચૂકવી આપવા જણાવ્યું હતું. જો કે ત્યારબાદ કોર્ટ સમક્ષ આરોપી સતત ગેરહાજર રહેતા હતા. સુનાવણી દરમિયાન મુળ ફરિયાદી તરફે એડવોકેટ કિશન પારેખે હાજર રહી દલીલો કરતા જણાવ્યું કે, કોર્ટ આરોપીની હાજરી અને ઈચ્છાની મોહતાજ નથી. આવા કેસમાં સજા કરવાથી ફરિયાદીને ન્યાય મળશે. જે દલીલ માન્ય રાખી કોર્ટે આરોપીને યોગ્ય અને પૂરતી તક આપવા છતાં આરોપી હાજર ન રહેતા-આરોપીનો પુરાવા હક્ક બંધ કરીને તેને એક વર્ષની સજાનો હુકમ કર્યો હતો. સાથે કોર્ટે આરોપીને રિટર્ન ચેકની રકમ વળતર સહિત ચૂકવવા આદેશ કર્યા હતો અને ગેરહાજર આરોપી વિરૂદ્ધ ધરપકડ વોરન્ટ જારી કર્યા હતો.

# વલસાડ જિલ્લા વિકાસ અધિકારીની પ્રાકૃતિક કૃષિ વિશે સમીક્ષા બેઠક

## આગામી સમયમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી વલસાડ આવશે

વલસાડ, તા.૧૭

વલસાડ જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતની અધ્યક્ષતામાં આત્મા ગર્વનિંગ બોર્ડ તેમજ પ્રાકૃતિક કૃષિની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ મીટીંગ દરમિયાન જિલ્લામાં ચાલી રહેલી પ્રાકૃતિક કૃષિની કામગીરીની માહિતી પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી ડી. એન. પટેલ દ્વારા કમિટીને આપવામાં આવી હતી. મીટિંગમાં જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી અરૂણ ગરાસિયા, બાગાયત ખાતા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તેમજ યુનિવર્સિટી અને પ્રગતિશીલ ખેડૂતો જોડાયા હતા. અધ્યક્ષ સ્થાનેથી જિલ્લા વિકાસ અધિકારીશ્રી ચપલોત એ પ્રાકૃતિક કૃષિને વધુ અસરકારક બનાવવા માટેના તમામ પ્રયત્નો હાથ ધરવા માટે સૂચન કર્યુ હતું. આગામી સમયમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીનો કાર્યક્રમ વલસાડ જિલ્લામાં યોજાવાનો હોય તે સંદર્ભે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

# સુરત મહાનગર પાલિકા કર્મચારી મહામંડળ તા.૨૧મીએ ધરણા યોજશે


## તા.૨૭એ એમટીબી કોલેજથી કલેક્ટર કચેરી સુધી રેલી

સુરત, તા.૧૭

સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળનું એક સંમેલન આજરોજ યુનિયન અગ્રણી શ્રી વિજય શેનમારેના પ્રમુખસ્થાને યોજાયું હતું.સંમેલનની શરૂઆતમાં સુરત મ્યુનિસિપલ એમ્પ્લોઈઝ સ્ટાફ યુનિયનના પ્રમુખ મોહંમદ ઈકબાલ શેખએ સ્વાગત પ્રવચન કરી,કાર્યક્રમોની માહિતી આપી હતી.યુનિયન અગ્રણી શ્રી ભાઈલાલભાઈ વૈષ્ણવએ જણાવ્યું હતું કે, મહામંડળ તરફથી આપવામાં આવનાર તમામ કાર્યક્રમોને આપણે સફળ બનાવીએ.કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ આપણા કર્મચારી અને કામદારોને યુનિયન બાબતે ગેરમાર્ગે દોરી રહ્યા છે તેમજ ગેરસમજ પણ ફેલાવી રહ્યા છે.તેવા અધિકારીઓ અને કર્મચારીઓ સામે પણ કાર્યવાહી કરીશું.તેમજ યુનિયનના રક્ષિત કામદારોની કિન્નાખોરી રાખીને બદલી કરવામાં આવી રહી છે.જ્યારે ખરેખર જેઓએ બદલી માંગેલ છે,તે કામદારોની લાંબા સમયથી બદલી કરવામાં આવતી નથી.યુનિયન અગ્રણી શ્રી ભોગીલાલભાઈ સોલંકી(ભરૂચ)એ જણાવ્યું હતું કે,આવા જે અધિકારીઓ દ્વારા યુનિયન સામે અને યુનિયનના હોદ્દેદારો સામે ખોટી રીતે કાર્યવાહી કરવામાં આવી રહી છે,તેનાથી એટ્રોસિટીનો ગુનો બને છે અને દેશદ્રોહનો પણ ગુનો બને છે.જેથી આવા અધિકારી સામે એટ્રોસિટી એક્ટ મુજબ પોલીસ કેસની કાર્યવાહી કરવી જોઈએ.સંમેલનમાં

આગામી તારીખ ૨૧મી જાન્યુઆરીના રોજ સવારે ૧૦ થી સાંજે ૬ કલાક સુધી સુરત મહાનગરપાલિકાના મુખ્ય પ્રવેશ દ્વાર પાસે એક દિવસના ધરણા કરવાનો તેમજ આગામી તારીખ ૨૭મી જાન્યુઆરીને મંગળવારે સવારે ૧૧:૩૦ કલાકે એમટીબી કોલેજ અઠવાલાઈન્સથી પોલીસ કમિશનર શ્રીની કચેરી અને કલેક્ટર શ્રીની કચેરીએ રેલી કાઢીને આવેદનપત્રો આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.આજના આ સંમેલનમાં સર્વશ્રી મહેશ

અનુસંધાન પાના ૭ પર




## ટેક્સટાઇલ ઉદ્યોગમાં કલર પ્રિસિઝન માટે

# પેન્ટોન ટૂલ્સના ઉપયોગ અંગે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સેમિનાર યોજાયો

સુરત, તા.૧૭

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પેન્ટોનના સહયોગથી તા. ૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે ઉષાકાંત મારફતિયા હોલ, સરસાણા, સુરત ખાતે 'કલર પ્રિસિઝન ઈન ફેશન એન્ડ ટેક્સટાઈલઃ લેવરેજિંગ પેન્ટોન ટૂલ્સ ફોર ટેક્સટાઈલ ઈનોવેશન' વિષય પર એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે કલર કૉમ્બિનેશન એ જીવન સાથે વણાયેલો શબ્દ છે. કલર પાછળનું ગહન જ્ઞાન આ સેમિનારથી જાણવા મળશે, જેનો લાભ ટેક્સ્ટાઈલ ઉદ્યોગને થશે.

મુખ્ય વક્તા એવા પેન્ટોનના સાઉથ એશિયાના શ્રી સેમ શાલગાંવકરે પેન્ટોનની એફએચઆઈ સિસ્ટમ અને અદ્યતન ડિજિટલ ટૂલ્સ વિશે વિગતવાર પ્રેઝન્ટેશન આપ્યું હતું. તેમણે સમજાવ્યું હતું કે કેવી રીતે આ ટૂલ્સ દ્વારા ડિઝાઈનના કન્સેપ્ટથી લઈને પ્રોડક્શન સુધી રંગોમાં એકરૂપતા અને સચોટતા જાળવી શકાય છે. તેમણે કહ્યું કે અમે મુંબઈ જેવા મેટ્રો શહેરોમાં કાર્યક્રમો કરીએ છીએ. ટાયર ટુ શહેરોમાં શરૂઆત સુરતથી કરી છે. મોટી બ્રાન્ડ્સ કલરનો અસરકારક રીતે ઉપયોગ કરે છે અને રંગોની ભાષા દ્વારા ગ્રાહકોને આકર્ષે છે. ટેક્સ્ટાઈલ ઉદ્યોગમાં રંગોનું વિશેષ મહત્વ રહેલું છે. તેમણે કલર મેનેજ કરવા સામેના પડકારો અને

અનુસંધાન પાના ૭ પર

# GSETની પરીક્ષામાં છ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગનું ગૌરવ

સુરત, તા.૧૭

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સમાજશાસ્ત્ર વિભાગના પાંચ વિદ્યાર્થીઓચેતન પરમાર,ચૌધરી પ્રતીક્ષા, ગામીત શીતલ, કોંકણી ટ્વિંકલ અને ગામીત સાયલતેમજ એક અધ્યાપક ડૉ. જીતેન્દ્ર વસાવા એમ કુલ છ વિદ્યાર્થીઓ નવેમ્બર ૨૦૨૫ માં લેવાયેલ GSET ની પરીક્ષામાંઉતીર્ણથઇ સમાજશાસ્ત્ર વિભાગ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું ગૌરવ વધાર્યું છે. અહી નોંધનીય છે કે, આમાંથી એક વિદ્યાર્થી ચેતન પરમાર હાલમાં સેમેસ્ટર ચાર (૦૪) માં અભ્યાસ કરી રહ્યા છે અને એક અધ્યાપક ડૉ. જીતેન્દ્ર વસાવા કે જેમણે નવો શરુ થયેલ હિંદુ સ્ટડીઝ વિષયમાં GSET ની પરીક્ષા પાસ કરી છે. અહી ઉલ્લેખનીય છે કેસમાજશાસ્ત્ર વિભાગના કુલ ૧૩ વિદ્યાર્થીઓ ગયા વર્ષે GSET-૨૦૨૪ ની પરીક્ષામાં તથા એક વિદ્યાર્થીએ NET ની પરીક્ષામાં ઉતીર્ણ થયા હતા. આ તમામ સિદ્ધિઓ પાછળ સમાજશાસ્ત્ર વિભાગના અધ્યાપકો ડૉ. એમ. એન. ગાયકવાડ, ડૉ. અરુણ પંડ્યા, ડૉ. મોસમ ત્રિવેદી, ડૉ. જીતેન્દ્ર વસાવા, ડૉ. દિક્ષિતા પટેલ, ડૉ. ગોવિંદ બારૈયા તથા પ્રા. પરેશ સાળવે નું માર્ગદર્શન અને પ્રેરણા મહત્વની રહી છે. વિભાગમાં GSET/NET અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે નિયમિત વધારાના વર્ગો તથા ગેસ્ટ લેક્ચરોનું નિયમિત આયોજન કરવામાં આવે છે. તેમજ વિભાગની લાયબ્રેરીમાં વિદ્યાર્થીઓને જરૂરી પાઠ્યપુસ્તકો, સંદર્ભ સાહિત્ય ઉપલબ્ધ કરવામાં આવે છે, જેના કારણે વિદ્યાર્થીઓને સુવ્યવસ્થિત માર્ગદર્શન મળી રહ્યું હતું.વિભાગના વિદ્યાર્થીઓ અને અધ્યાપકની આ સફળતાથી સમાજશાસ્ત્ર વિભાગ અને યુનિવર્સિટી આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે અને તેમના ઉજજવળ ભવિષ્ય માટેશુભકામનાઓ પાઠવે છે.

# વલસાડ જિલ્લામાં એક માસમાં ૧૪ પુરૂષ નસબંધીના ઓપરેશાન કરાયા

વલસાડ, તા.૧૭

વલસાડ જિલ્લામાં રાષ્ટ્રીય કુટંબ કલ્યાણ કાર્યક્રમમાં સમગ્ર કુટુંબની સુખાકારીની ભાવના સાથે કુટુંબ નિયોજન કાર્યક્રમ અમલમાં છે. જે વસ્તી સ્થિરતા માટે તથા સર્વાંગી વિકાસ માટે ખૂબ જ જરૂરી છે. જે અંતર્ગત કુટુંબ નિયોજનની વિવિધ પધ્ધતિઓનો (કાયમી અને બિનકાયમી) ઉપયોગ કરવામાં આવે છે. મોટા ભાગે કુટંબમાં આ માટે સ્ત્રીઓને જવાબદારી આપવામાં આવતી હોય છે, જે ખરેખર તો પુરૂષ અને સ્ત્રીની સંયુક્ત ભાગીદારી હોવી જોઈએ. વસ્તી સ્થિરતા માટે મોટેભાગે સ્ત્રી ઓપરેશનની પધ્ધતિ પ્રચલિત છે. પરંતુ સરકારશ્રીના અભિગમ મુજબ કુટંબની સુખાકારી માટે પુરૂષોની ભાગીદારી પણ વધે તે માટે વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે.

વલસાડ જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એ.કે.સિંઘ અને અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો.એચ.પી.સિંઘના માર્ગદર્શન હેઠળ ગત ડિસેમ્બર મહિનામાં કુલ ૧૪ જેટલા પુરૂષ નસબંધી ઓપરેશનો કરવામાં આવ્યા છે. જેમાં ધરમપુર તાલુકાના સાત અને કપરાડા તાલુકાના સાત પુરૂષ ઓપરેશન કરવામાં આવ્યા છે. જે પ્રશંસનીય કામગીરી બદલ ધરમપુરના તાલુકા હેલ્થ ઓફિસર ડો. જિજ્ઞેશ માહલા અને કપરાડાના તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડો. મહેશ પટેલ દ્વારા કર્મચારીઓને પ્રોત્સાહિત કરાયા હતા. આરોગ્ય ખાતાના

અનુસંધાન પાના ૭ પર

**એપ્રિલ ૨૦૨૫ થી આજદિન સુધીમાં ૪૬ પુરૂષ ઓપરેશાનો કરાવી સમાજમાં પરિવર્તનનો સંદેશ અપાયો**




**પોદાર પ્રેપમાં મકર સંક્રાંતિની ઉજવણી? કરવામાં આવી. કાઈટ્સ ઓફ હોપ લેટ યોર ડ્રીમ્સ સોર હાઈ થીમ સાથે મકર સંક્રાંતિની ઉજવણી વાર્તા અને બાળગીત સાથે કરી! બાળકોએ પાકની ઋતુ અને છોડ અને ખેડૂતોના મહત્વ વિશે શીખ્યા, આમ કરતાં તેમનામાં કૃતજ્ઞતાની ભાવના વિકસી.**

# નવું વર્ષ, નવી ધારણાઓ નવી ધારણાઓ = નવું જીવન

શું આપણે પણ મનગમતું જીવન જોઈએ છે? તો ધારણાઓ (beliefs) બદલવા પડશે.ધારણા એટલે જે વાત પર આપણું મગજ વિશ્વાસ કરે છે. જે વાત આપણે વારંવાર જોઈએ છે, સાંભળીએ છે, અને બોલીએ છીએ જે આપણી આસપાસ નાં વાતાવરણ થી મેહસૂસ કરીએ , ભૂતકાળમાં વારંવાર બની હોય ; આમ એ બધું જાણતા અજાણતા માં જ આપણી ધારણાઓ બની જતી હોય છે. અને આપણી જે ધારણાઓ હોય એ જ પ્રમાણે આપણું જીવન બને છે. એટલે જ સફળ લોકો કહે છે કે જીવન મુશ્કેલ નથી હોતું ફક્ત આપણી ધારણાઓ ખોટી હોય છે. અને સરસ વાત એ છે કે આ ધારણાઓને આપણે બદલી શકીએ છીએ. જીવનમાં જે ભાગમાં પણ આપણે સંઘર્ષ થતો હોય તે માટે આપણે એક નવું સકારાત્મક વાક્ય બનાવવાનું હોય છે . દા.ત આપણું સ્વાસ્થ્ય સારું ન હોય તો આપણે હું બીમાર છું બોલવાનું વિચારવાનું અને પુનરાવર્તન કરવાનું બંધ કરવાનું છે તેની જગ્યાએ આ એક જ વાક્ય "હું સંપૂર્ણપણે સ્વસ્થ છું" એ બોલવાનું વિચારવાનું અને તેને જ વારંવાર દોહરાવવાનું શરૂ કરવાનું છે.

એવી જ રીતે આપણે જીવનના બીજા ભાગમાં પણ જેમ કે પૈસા, સંબંધ, નોકરી, નસીબ એ દરેક બાબતમાં આપને આવી રીતે સકારાત્મક વાક્યોનો ઉપયોગ કરવાનું શરૂ કરવાનું છે આ જ સકારાત્મક વાક્યોને આપણે દિવસમાં વારંવાર કેટલાક અઠવાડિયા મહિનાઓ, વર્ષો સુધી બોલ્યા કરીશું તો એ જ આપણા સ્વાભાવિક વિચારો બની જશે અને એ આપણી નવી ધારણાઓ બની જશે આપના અવ ચેતન મન પર તેની છાપ પડશે અને આપ વાક્યોને સાચા કરવા આપણું અવચેતન મન કામે લાગી જશે અને આપણી ધારણાઓને આધારે આપણું નવું જીવન મેળવી શકીશું.

તો ચાલો આપણે બધા નવા વર્ષ માં નવી ધારણાઓ બનાવીને નવું મનગમતું જીવન મેળવવા માટે સકારાત્મક વાક્ય બોલવાનું વિચારવાનું શરૂ કરીએ.

એનીશા ટેલર



# શ્વાન મુદ્દે સુપ્રીમની લાલ આંખ


શેરીમાં, રસ્તા ઉપર રખડતા શ્વાન બાબતે ચાલતા વિવાદમાં નવો વળાંક આવ્યો છે. સર્વોચ્ચ અદાલતે રાજ્ય સરકારોની જવાબદારી હવે નક્કી કરી છે. કોઈ નાગરિકને શ્વાન કરડે, તેનાથી જો તેનું મૃત્યુ થાય તો રાજ્ય સરકારે તેનું વળતર ચૂકવવાનું રહેશે. શ્વાનપ્રેમીઓમાં તેના પ્રત્યાઘાત પડશે તે નક્કી છે. જો કે, સર્વોચ્ચ અદાલતે લાંબા સમયની ચર્ચા પછી આખરે આ વાત કરી છે. સરકારને અગાઉ પણ અનેક વખત આ મુદ્દે ટકોર કરી હોવા છતાં અપેક્ષિત પરિણામ મળ્યું નથી તેવી નારાજગી પણ સર્વોચ્ચ અદાલતે વ્યક્ત કરી છે. જીવદયા, પ્રાણી કલ્યાણ જેવા મુદ્દાની અવગણના કરવી જોઈએ નહીં તેની સામે શહેરીકરણ, માનવીય સુવિધાઓને પણ ધ્યાને રાખવી ઘટે. ૨૦૨૫ના નવેમ્બર માસમાં દેશની સર્વોચ્ચ અદાલતે રઝળતા શ્વાનને શેલ્ટર હાઉસમાં પૂરી દેવાનો આદેશ આપ્યો હતો, તેની સામે શ્વાન પ્રેમીઓ ભડક્યા હતા. ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન થયા આખરે કોર્ટે નિર્ણય ફેરવ્યો અને કહ્યું કે, આ રઝળતા શ્વાનનું વ્યંધત્વીકરણ કરી તેને પોતાના મૂળ વિસ્તારમાં છોડી દેવામાં આવે. શ્વાન વસતી નિયંત્રણ અંગે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, રાજ્ય સરકારને ગંભીર વલણ બતાવવા આગ્રહ કરવામાં આવ્યો હતો. જો કે, શ્વાનપ્રેમીઓ ત્યાં પણ નારાજ હતા. રઝળતા શ્વાનની સમસ્યા સાવ પાયા વગરની વાત નથી. રાત્રે નિર્જન રસ્તા ઉપરથી પસાર થતાં વાહનોની પાછળ દોડતા શ્વાનને લીધે થતા અકસ્માત, બાળકો કે વૃદ્ધોને શ્વાન કરડવાની બનતી ઘટનાઓ વારંવાર સમાચારમાં ચમકતી રહે છે. જીવદયાપ્રેમીઓ હંમેશાં દલીલ કરે છે કે, રસ્તા કે શેરી ફક્ત માણસો માટે નથી શ્વાન અને ગાયોને પણ ત્યાં ફરવા દેવા જોઈએ. પ્રાણી કલ્યાણનો વિચાર ઉમદા છે, પરંતુ જ્યારે નગર વ્યવસ્થાની વાત આવે ત્યારે કેટલાક મુદ્દા ઊભા થતા રહે છે. આ જ પ્રશ્ને સુપ્રીમ કોર્ટે વારંવાર સંબંધિત સત્તાધીશોને આદેશ કર્યા છે. ૧૩ જાન્યુઆરીએ સર્વોચ્ચ અદાલતે કડક આદેશ રાજ્ય સરકારોને કર્યો છે અને કહ્યું છે કે, જો કોઈ બાળક કે વડીલને શ્વાન બટકું ભરે અને તેઓ ઘાયલ થાય અથવા મૃત્યુ પામે તો તેમને રાજ્ય સરકારે વળતર ચૂકવવું પડશે. જસ્ટિસ વિક્રમનાથે સખત વલણ અપનાવતાં એમ કહ્યું કે, શ્વાનને જાહેરમાં ખોરાક આપનારા લોકો પણ આવી ઘટના માટે જવાબદાર ગણાશે. શ્વાન આમ-તેમ ભટકે અને માણસોને કરડે તે રીતે તેને છોડી મૂકવા કરતાં જાહેરમાં ખોરાક આપનારાઓ તેને ઘરે લઈ જાય તે યોગ્ય છે. મેનકા ગુરુસ્વામી નામની વરિષ્ઠ વ્યક્તિએ જ્યારે રખડતા શ્વાનનો મુદ્દો ભાવુક છે, તેવી દલીલ કરી તેની સામે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, આ ભાવુકતા માત્ર શ્વાન માટે દર્શાવવામાં આવે છે. એક તરફ જીવદયાપ્રેમીઓની દલીલ, પ્રાણીઓ માટેનો તેમનો પ્રેમ છે. બીજી તરફ રાત અને દિવસ શ્વાનથી પરેશાન લોકો છે. કોર્ટે એવું પણ કહ્યું છે કે, શ્વાનથી ફેલાતી કેટલીક બીમારીઓની કોઈ દવા નથી. આ સ્થિતિમાં જીવદયાપ્રેમીઓની લાગણીઓને વધુ ઠેસ પહોંચવાની શક્યતા છે, પરંતુ શહેરોના આધુનિકીકરણ, શહેરીજનો માટેની વ્યવસ્થાને ધ્યાને રાખતા સુપ્રીમ કોર્ટની વાત પણ ખોટી નથી.

# કન્ટ્રોલ ક્રિપ્ટો કરન્સી પર બેકાબૂ બિટકોઇનને અંકુશમાં લેવાની કવાયત

ક્રિપ્ટો કરન્સીમાં બેફામ સટ્ટો થાય છે અને તેના ભાવમાં પણ ભળતી જ આસમાની સુલતાની જોવા મળે છે. આમ છતાં સામાન્ય રિટેલ રોકાણકારો અને સામાન્ય ગૃહિણીઓ પણ ઝડપથી પૈસા કમાવાની લાલચમાં ક્રિપ્ટોના સટ્ટામાં ઝંપલાવી રહી હોવાનું જોવા મળે છે.આ જોખમો ધ્યાનમાં લેતા ખાસ કરીને ભારતીય રિઝર્વ બેન્કે આ કરન્સીને સત્તાવાર માન્યતા આપી નથી અને સરકારે તેના પર કરવેરા જરૂર લાદ્યા છે, પરંતુ તેને સત્તાવાર ઘોષિત કરી નથી. આ ઉપરાંત, ક્રિપ્ટોનો ઉપયોગ હવાલા માટે થતો હોવાની આશંકાઓ વચ્ચે સર્વોચ્ચ અદાલતે સરકારને ક્રિપ્ટો સંદર્ભે સત્તાવાર સ્પષ્ટતા કરવા સૂચના આપી હતી.આ વાતને જોકે કેટલાંક વર્ષો થઈ ગયા, પરંતુ સરકારે હવે ક્રિપ્ટો ટ્રેડિંગ માટે પાંચ કડક નિયમો જાહેર કર્યા છે. આવો જાણીએ કે આ નિયમો આભાસી ચલણના દુરુપયોગને અંકુશમાં લેવામાં નિયમનકારી સંસ્થાઓને માટે કઇ રીતે ઉપયોગી નિવડશે!ક્રિપ્ટો ટ્રેડિંગ એલર્ટઃ ભારતમાં બિટકોઈન અને ક્રિપ્ટોનો વેપાર કરનારાઓ માટે સરકારે નાણાં મંત્રાલય હેઠળના ફાઇનાન્શિયલ ઈન્ટેલિજેન્સ યુનિટના નિર્દેશો હેઠળ કડક નિયમો જાહેર કર્યા છે. નવા ફેરફાર અનુસાર હવે લોકેશન ટ્રેકિંગ, લાઈવ સેલ્ફી કેવાયસી, વીપીએન પર પ્રતિબંધ, ભંડોળના સ્રોત વિશેની માહિતી અને લાભાર્થીઓની વિગતો હવે ફરજિયાત રહેશે.આ નિયમોનું ઉલ્લંઘન કરનારાઓના એકાઉન્ટ ફ્રીઝ થઈ શકે છે. ભારતમાં બિટકોઈન અથવા ક્રિપ્ટો કરન્સીમાં ટ્રેડિંગ કરનારાઓએ હવે આ નિયમો પાળવાના રહેશે. સરકાર અને ફાઈનાન્સિયલ ઈન્ટેલિજન્સ યુનિટ (એફઆઇયુ-ઈન્ડ)એ ભારતમાં બિટકોઈન, ઈથેરિયમ (ઈટીએચ) અથવા અન્ય કોઈપણ ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરનારાઓ માટે ઉપરોક્ત કડક નિયમો લાગુ કર્યા છે.મની લોન્ડરિંગ અને ઓનલાઈન છેતરપિંડી જેવી ઘટનાઓ અટકાવવા માટે દેશમાં ક્રિપ્ટો એક્સચેન્જોને અંકુશ હેઠળ લાવવા માટે આ નિયમો લાગુ કરવામાં આવ્યા છે. સરવાળે કોઈપણ ભારતીય એક્સચેન્જ અથવા ભારતમાં નોંધાયેલા કોઈપણ વિદેશી એક્સચેન્જ પર ટ્રેડિંગ હવે પહેલા જેટલું સરળ નથી રહેવાનું.લોકેશન ટ્રેકિંગઃ સૌથી મોટો અને મહત્ત્વનો ફેરફાર લોકેશન સંબંધિત છે. હવે, જ્યારે પણ તમે ક્રિપ્ટો એપમાં લોગ ઇન કરશો, ત્યારે એપ તમારા લાઈવ લોકેશનની ઍક્સેસ માગશે. જો તમે લોકેશન એક્સેસ (આઈપી એડ્રેસ) નહીં આપો અથવા આઈપી એડ્રેસ ભારતની બહારનું મળી આવે, તો તમારું એકાઉન્ટ ફ્રીઝ થઈ શકે છે. સરકારનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે વપરાશકર્તાઓ ભારતીય નિયમોનું પાલન કરે.લાઈવ સેલ્ફીઃ ફક્ત આધાર કાર્ડ અથવા પેન કાર્ડ અપલોડ કરવું હવે પર્યાપ્ત નથી. કેવાયસી વધુ કડક કરવામાં આવ્યું છે, હવેથી લાઈવનેસ ચેક ફરજિયાત બની ગયું છે. હવે તમારે એપ પર લાઈવ સેલ્ફી લેવાની જરૂર પડશે અને ક્યારેક વીડિયો વેરિફિકેશન આપવાની જરૂર પડી શકે છે. આ પગલું નકલી એકાઉન્ટ બંધ કરવા માટે લેવામાં આવ્યું છે.વીપીએન ઉપયોગ પર પ્રતિબંધઃ વેપારીઓ ઘણીવાર તેમની ઓળખ છુપાવવા માટે વીપીએન (વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક)નો ઉપયોગ કરે છે. નવા નિયમો અનુસાર, જો સિસ્ટમને ખબર પડે કે તમે વીપીએનનો ઉપયોગ કરી રહ્યા છો, તો એક્સચેન્જને તાત્કાલિક તમારા વ્યવહારને અવરોધિત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.ભંડોળનો સ્રોતઃ જો તમે ચોક્કસ થ્રેશોલ્ડ (દા.ત., રૂ.૫૦,૦૦૦ કે તેથી વધુ)થી વધુ ભંડોળનું રોકાણ કરો છો, તો તમારે ભંડોળનો સ્રોત જાહેર કરવો આવશ્યક છે. આ માટે એક્સચેન્જ તમારી પાસેથી બેંક સ્ટેટમેન્ટ અથવા પગાર સ્લિપની વિનંતી કરી શકે છે.બેનિફિશિઅરીની માહિતીઃ ક્રિપ્ટો ટ્રાન્સફર સંદર્ભે ટ્રાવેલ રૂલ્સનો કડક અમલ કરવામાં આવશે. જો તમે તમારા વોલેટમાંથી બીજા કોઈના વોલેટમાં ક્રિપ્ટો મોકલી રહ્યા છો, તો તમારે એક્સચેન્જને રિસિવરનું નામ, સરનામું અને વોલેટની વિગતો આપવી પડશે. સંપૂર્ણ માહિતી વિના, વ્યવહાર નિષ્ફળ જશે.શું ભારતમાં બિટકોઈન માઈનિંગ કાયદેસર છે?ભારતમાં ક્રિપ્ટો ટ્રેડિંગ કાયદેસર છે, પરંતુ તે કડક નિયમોને આધીન છે. સરકાર ક્રિપ્ટો કરન્સીને મિલકત (વીડીએ) તરીકે ગણે છે, જે કાનૂની ટેન્ડર નથી, પરંતુ તેના પર કરવેરા અને ડીડીએસ સહિતના કમ્પ્લાયન્સ લાગુ થાય છે.સરળ ભાષામાં ક્રિપ્ટોકરન્સીને વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ (વીપીએન) ગણવામાં આવે છે. તમે કાયદેસર રીતે તેમાં ખરીદી, વેચાણ, હોલ્ડિંગ અને ઈન્વેસ્ટમેન્ટ કરી શકો છો, પરંતુ તે કાયદેસર ટેન્ડર એટલે કે ચલણ નથી. ભારતમાં વર્તમાન ક્રિપ્ટો ટેક્સ નિયમો હેઠળ, ક્રિપ્ટોના વેચાણ અથવા ટ્રાન્સફરથી થતા નફા પર ૩૦ ટકાના દરે કર લાદવામાં આવે છે.૨૦૨૬થી, ક્રિપ્ટોકરન્સીને આવકવેરા કાયદા, ૧૯૬૧ હેઠળ વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ (વીડીએ) તરીકે કાયદેસર રીતે વ્યાખ્યાયિત કરવામાં આવી છે. આનાથી ભારતમાં ક્રિપ્ટો કરન્સી રાખવી, ખરીદવી અને વેચવી કાયદેસર બને છે. જો કે, ક્રિપ્ટો કરન્સીનો ઉપયોગ ચલણ તરીકે થઈ શકતો નથી.ભારતમાં બિટકોઈન ટ્રેડિંગ હવાલા ટ્રેડિંગનું નવું સ્વરૂપ હોવાની આશંકાઃ સુપ્રીમ કોર્ટે લગભગ આઠ મહિના પહેલા ક્રિપ્ટો કરન્સી નિયમન પ્રણાલીના અભાવ પર ખેદ વ્યક્ત કર્યો હતો. સુપ્રીમ કોર્ટે એવી ટિપ્પણી

કરી હતી કે, ભારતમાં બિટકોઈન ટ્રેડિંગ હવાલા ટ્રેડિંગના નવા સ્વરૂપ સાથે વ્યવહાર કરવા જેવું છે.કોર્ટે ખેદ વ્યક્ત કર્યો હતો કે કેન્દ્ર સરકારે હજુ સુધી ક્રિપ્ટો કરન્સીને નિયંત્રિત કરવા માટે કોઈ સિસ્ટમ સ્થાપિત કરી નથી. ન્યાયાધીશ સૂર્યકાંત અને એન. કોટિશ્વર સિંહની બેન્ચે નોંધ્યું હતું કે કોર્ટે બે વર્ષ પહેલાં કેન્દ્ર સરકારને ક્રિપ્ટો કરન્સી ટ્રેડિંગ અંગેની તેની નીતિ વિશે કોર્ટને જાણ કરવા કહ્યું હતું, પરંતુ કોઈ જવાબ મળ્યો નથી.ગેરકાયદેસર બિટકોઈન ટ્રેડિંગ માટે ધરપકડ કરાયેલા એક વ્યક્તિની જામીન અરજીની સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે આ અવલોકન કર્યું હતું. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસે જવાબ માગ્યો હતો, કે શું ક્રિપ્ટો કરન્સી ટ્રેડિંગને નિયંત્રિત કરવા માટે કોઈ કાયદો છે? કોર્ટ બિટકોઈન ટ્રેડિંગ અને ઉચ્ચ વળતરનું વચન આપીને દેશભરમાં રોકાણકારો સાથે છેતરપિંડી કરવાના આરોપસર એક વ્યક્તિ સામે દાખલ કરાયેલી અનેક એફઆઈઆર રદ કરવા સંબંધિત કેસની સુનાવણી કરી રહી હતી.હાલ જ્યારે ભૂ-રાજકીય તંગદિલી રોજ વધતી જાય છે અને તેને કારણે એકતરફ ઈક્વિટી માર્કેટમાં જબરદસ્ત ધોવાણ થઇ રહ્યું છે અને બીજી તરફ સોનાચાંદી તેમ જ કોમોડિટીમાં દાઝી જવાય એવી તેજી ભભૂકતી જાય છે ત્યારે ક્રિપ્ટો તરફ વધી રહેલા પ્રવાહને જોતા સરકારે આખરે આ બાબતને ગંભીર લઇને નિયમો ઘડ્યા છે. હવે તેની ક્રિપ્ટોના ટ્રેડિંગ પર કેવી અસર પડે છે, તે જોવી રહી!

# ફેશનઃ ફોરએવર મીડી ડ્રેસ



મીડીડ્રેસ એ એક વર્સેટાઇલડ્રેસ છે જે ક્યારેય પણ આઉટ ઓફ ફેશન થતો નથી. મીડીડ્રેસની લેન્થ પગના ઘૂંટણથી લઈને એન્કલની વચ્ચે સુધી હોય છે. મોટેભાગે મીડીની લેન્થ કાફ સુધી હોય છે. મિડી ડ્રેસ નાના મિનીડ્રેસ અને લાંબા મેક્સી ગાઉન વચ્ચેનું સુંદર સંતુલન આપે છે, એટલે કે તે કેઝ્યુઅલથી લઈને ફોર્મલ પ્રસંગો સુધી માટે યોગ્ય હોય છે. મીડીડ્રેસ અ-લાઇન, બોડીહગિંગ અથવા રેપ જેવા વિવિધ કટ્સમાં મળે છે અને અલગ- અલગ ફેબ્રિકમાં તૈયાર કરવામાં આવે છે જેમકે, કોટન પ્રિન્ટેડ ફેબ્રિકમાં, રેયોન, સ્પન સિલ્ક, હોઝિયરી વગેરે વગેરે. જે વિવિધ સ્ટાઈલ અને ઈવેન્ટ્સને અનુરૂપ હોય છે. મીડી સરેશનો એક મોટો પ્લસ પોઇન્ટ એ છે કે, તમે તમારી ઈવેન્ટ મુજબ મીડીની પસંદગી કરી શકો છો. આ કારણે મીડીડ્રેસ દરેક વોર્ડરોબમાં હોવા જ જોઈએ.રેયોન – રેયોન ફેબ્રિકના મીડીડ્રેસ ખૂબ જ કોમન છે કોટન ફેબ્રિક હોવાને કારણે સુંવાળું હોય છે અને પહેરવામાં પણ આરામદાયક હોય છે. આમાં પ્રિન્ટને હિસાબે ઘણી પેટર્ન વેરિએશન આવે છે. જેમકે, યોક વાળા, ફ્રિલ વાળા,એ – લાઈન કે પછી થોડા ફ્લેરી. રેયોઉં ફેબ્રિક કોટન ફેબ્રિક છે અને ખૂબજ સોફ્ટ હોવાંને કારણે પહેર્યા પછી શરીરનો શેપ લઇ લે છે. તેથી કરી રેયોનના મીડીડ્રેસ ઘરમાં પહેરવા માટે ખૂબ જ આરામદાયક લાગે છે. તમે તમારા બોડી ટાઈપને આધારે મીડીના પેટર્નની પસંદગી કરી શકો. જેમકે, જો તમારી કમર અને પેટનો ભાગ વધારે હોય તો તમારાએ યોક વાળા મીડીડ્રેસ ના પહેરવા , આ પેટર્નથી તમારા પેટનો ભાગ વધારે હાઈલાઈટ થશે અને ખરાબ લાગશે.કોટન પ્રિન્ટેડ – કોટન પ્રિન્ટેડ મીડીડ્રેસ કીટી પાર્ટી ,કોફી ડેટ ,મુવી ડેટ કે હોલીડેસ પર પહેરી શકાય. કોટન પ્રિન્ટેડ મીડી ડ્રેસમાં પ્રિન્ટનું ઘણું ઓપશન અને વેરીશન આવે છે. પ્રિન્ટના વેરિએશન સાથે પેટર્નનું પણ વેરિએશન આવે છે. યન્ગ યુવતીથી લઈને પ્રૌઢ મહિલાઓ પહેરી શકે. તેટલી પેટર્ન અવેલેબલ હોય છે. જેમકે, સ્લીવલેસમાં પહોળી અને થીન સ્ટ્રાઈપ, હોલ્ટર, ઓફ શોલ્ડર, બટન અપ, એ- લાઈન, મેગીયા સ્લીવ્સ, બલૂન સ્લીવ્સ વગેરે વગેરે. તમને મન ગમતી પેટર્ન કોટન પ્રિન્ટેડ મીડી ડ્રેસમાં તમને મળી જ રહેશે.કોટન પ્રિન્ટેડ મીડી ડ્રેસ પહેરવામાં ખૂબ આરામદાયક લાગે છે અને દેખાવમાં પણ સુંદર લાગે છે. કોટન પ્રિન્ટેડ મીડીડ્રેસ ક્યારેય પણ આઉટ ઓફ ફેશન થતા નથી. જેઓની હાઈટ ઓછી છે તેઓ ખાસ કરીને ઊભી સ્ટ્રાઈપ વાળાડ્રેસ પહેરી શકો. અથવા તો રનિંગ પ્રિન્ટ વાળાડ્રેસ પહેરી શકાય. જેઓનું શરીર ભરેલું છે તેઓએ ખાસ કરીને ઝીણી પ્રિન્ટ પસંદ કરવી અને ડાર્ક કલર પસંદ કરવા. જો તમારે ઓફિસ માટે મીડીડ્રેસ પહેરવો હોય તો, બટન અપડ્રેસ પહેરી શકો. બટન અપડ્રેસ એટલે, કે જે ડ્રેસમાં ફ્રન્ટમાં બટન હોય અને કોલર હોય. આ પેટર્નમાં સ્લીવલેસ અને સ્લીવ્સ એમ બન્નેના ઓપશન હોય છે. તમે તમારી પસંદગી મુજબ બટન અપડ્રેસ વસાવી શકો. હોલીડે માટે તમે બ્રાઈટ કલરવાળા ફ્લેરી ડ્રેસ પહેરી શકો. હોલ્ટરડ્રેસ પણ સારા લાગી શકે. તમારા સ્કિન ટોન અને બોડી ટાઈપ પ્રમાણે તમે કોટન પ્રિન્ટેડડ્રેસની પસંદગી કરી શકોફોર્મલ મીડીડ્રેસ – ફોર્મલ મીડીડ્રેસ મોટે ભાગે લિનન કે સિલ્કમાં હોય છે. ફોર્મલ મીડીડ્રેસની પેટર્ન એક સ્ટાઈલમાં હોય છે જેમકે, મીડીડ્રેસ એ લાઈનમાં હોય છે અને કમર પર બેલ્ટ હોય છે. આ બેલ્ટ હાઈ વેસ્ટ પહેરવાનો હોય છે અથવા કમર પર જ પહેરવાનો હોય છે. આ બેલ્ટથી જ ઓવર ઓલ લુક આવે છે. ક્યારેક આ બેલ્ટ ફેબ્રિકનો હોય છે એટલે કે, જે ફેબ્રિકમાંથી મીડી બનેલું હોય તે ફેબ્રિકમાંથી જ બેલ્ટ બનેલો હોય છે. આ મીડીડ્રેસમાં ખાસ કરીને કોઈ પેટર્ન નથી હોતી, પરંતુ સિમ્પલ હોવા છતાં ખૂબ જ એલિગન્ટ લુક આપે છે. જો તમને બેલ્ટવાળું મીડી ન પહેરવું હોય તો તમે યોકવાળું મીડી પણ પહેરી શકો. વધારે ફોર્મલ લુક માટે તમે રો સિલ્ક કે પછી લિનનનું મીડી પહેરી શકો. જો તમારે ફોર્મલ મીટિંગ હોય તો તમે સિલ્ક કે લિનનના ફેબ્રિકમાંથી બનેલા મીડી પહેરી શકો અને સેમી ફોર્મલ લૂક માટેડેનિમ કે કોર્ડ્રોયનું મીડી પહેરી [illegible]

મીડિમાં પ્લીટ્સ પણ આવે છે. આ પ્લીટ્સ વન સાઈડેડ હોય છે અથવા બોક્સ પ્લીટ હોય છે. બોક્સ પ્લીટ વાળા મીડીડ્રેસ લાંબી પાતળી યુવતીઓને ખૂબ જ સુંદર લાગે છે. શર્ત માત્ર એટલી કે, આ ડ્રેસ કેરી કરતા આવડવા જોઈએ. અને તેને અનુરૂપ ઓવર ઓલ તૈયાર પણ થવું પડે. જેમકે, ફોર્મલ મીડી સાથે ઓપન હેર, હાઈ પોની કે લો બન વાળી શકાય. પગમાં હાઈ હિલ્સ કે ફ્લેટ્સ પહેરી શકાય અને ટોટ બેગ એક પરફેક્ટ ફોર્મલ લુક આપી શકે.

# ઔર યે મૌસમ હંસી : શિયાળો રોમાન્સ ઉજવવાની ભરપૂર મોસમ

## ઔર યે મૌસમ હંસી... : શિયાળો રોમાન્સ ઉજવવાની ભરપૂર મોસમ

આપણી સંસ્કૃતિમાં ઋતુઓને ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું છે. આપણી કથાઓ, ભોજનની લુફ્ત, ફેશન, ઉત્સવો, પ્રણાલિઓમાં ઋતુઓ જ ભાગ ભજવે છે. આપણા પ્રાચીન ગ્રંથોથી માંડીને આધુનિક સાહિત્ય અને સિનેમા સુધી ઋતુઓનું વર્ણન કરવું એ એક કળા છે. તેમાં પણ શિયાળો એવી ઋતુ છે જેને રોમાંટિક અને સુંદરતાના પ્રતીક તરીકે દર્શાવવામાં આવી છે.મહાન કાલિદાસ 'ઋતુસંહાર'માં છ ઋતુનું વર્ણન કરે છે. આ અદ્ભુત કાવ્યમાં શિયાળાને હેમંત મીન્સ શિયાળાની શરૂઆત અને પછી કડકડતી ઠંડીનો ઉત્સવ એટલે શિશિરને ઉજવવા જેવો છે.ઋતુસંહારની હેમંત ઋતુ એટલે પ્રેમ અને રોમાન્સની નજાકત કહી શકાય. શિયાળો અને પ્રેમનું જોડાણ પ્રાચીન સમયથી છે. કાલીદાસ કથન મુજબ હેમંત ઋતુમાં ઠંડીના આરંભમાં પ્રેમીઓ એકબીજામાં ખોવાઈ જાય છે અને તેમના મિલન પછીના દાંતના નિશાન અને ઉઝરડાનું વર્ણન છે, હેમંત ઋતુમાં શિયાળાની ઠંડી કરતાં પ્રેમની ગરમાહટ વધુ છે. આમ તો વિશ્વના દરેક ખૂણે શિયાળો પ્રેમની ઋતુ તરીકે જોવાય છે. દુનિયાભરમાં ક્રિસમસ વેકેશનમાં પાર્ટનર સાથે વધુ સમય વિતાવતા હોવાના અભ્યાસ થયા છે.શિશિરમાં શિયાળો વધુ કઠોર બને છે. કાલિદાસ તેને એવી ઋતુ તરીકે વર્ણવે છે જ્યાં લોકો ઘરમાં રહેવાનું પસંદ કરે છે. પ્રેમીઓ પ્રેમમાં મગ્ન થાય છે; બીજા દિવસે સ્ત્રીઓના વાળ તાજા ધોવાયેલા, ચહેરા સુશોભિત અને પ્રેમના ચિહ્નો શરીર પર જોવા મળે છે. પ્રેમ અને રોમાન્સ આમ તો કોઈ પણ ઋતુમાં હોઈ શકે છે, પરંતુ શિયાળામાં રોમાન્સની અલગ મજા હોય છે. ઠંડીના માહોલમાં તાપણું સળગાવીને બેઠા હોય, હળવું સંગીત ચાલતું હોય અને હાથમાં કોફીનો કપ હોય આ દરેકનું સ્વપ્ન છે.ઠંડી વધતી જાય અને એક જ કંબલ છે એમાં એકબીજાને સ્પર્શીને બેઠા હોય ત્યારે સ્વર્ગની અનુભૂતિ ધરતી પર થવા લાગે છે. આ ભલે સિનેમેટિક કલ્પના છે પણ આ આનંદ કોને નથી ગમતો? સરવાળે શિયાળો આવે ત્યારે ફક્ત હવા જ ઠંડી થતી નથી, પરંતુ દિલમાં એક અજબની ગરમાહટ જાગે છે. આ ઋતુ માત્ર બરફ અને ધુમ્મસ કે ફરિયાદો કરવા માટે નથી, પરંતુ આ સીઝનમાં પ્રેમનું સૌથી ગાઢ કેન્વાસ બનાવી શકાય છે, જ્યાં હૂંફ, રોમાન્સ અને સેક્સનાં તત્ત્વો એકબીજા સાથે વીંટળાઈ અવનવા રંગો પેદા કરે છે.સિનેમાએ શિયાળાના બ્લ્યુ કલરને અનેરી રીતે પ્રસ્તુત કર્યો છે. જે દ્રશ્યમાં બ્લ્યુ કલરનો ભરપૂર ઉપયોગ થાય એટલે દર્શક સમજી જાય કે વાત શિયાળાના રોમાન્સની ચાલે છે, બ્લ્યુ કલરની સાડી, શર્ટ, બ્લ્યુ બરફનો શેડ બ્લુ કલરનો ઉપયોગ શિયાળાને રોમેન્ટિક અને વિઝ્યુઅલી આકર્ષક બનાવે છે. તે કુદરતી રિયલિઝમ, સાયકોલોજિકલ ઈફેક્ટ અને આર્ટિસ્ટિક ચોઈસનું મિશ્રણ છે, જ્યાં ફક્ત રોમાન્સ છે. આપણી ફિલ્મોમાં શિયાળો વધુ રોમેન્ટિક અને ગીત-સંગીતના સીન્સમાં વપરાય છે, જ્યારે પશ્ચિમીમાં તે વૈવિધ્યપૂર્ણ અને રિયલિસ્ટિક છે. બોલિવૂડમાં શિયાળો પ્રેમ અને ઉત્સવ સાથે જોડાયેલો છે, પરંતુ પશ્ચિમીમાં તે માણસની એકલતા અને સંઘર્ષને દર્શાવે છે.જો કે પશ્ચિમમાં પણ શિયાળાના રોમાન્સ પર જાતજાતના અભ્યાસ થયા છે. પુરૂષો શિયાળામાં મહિલાઓના શરીરને વધુ આકર્ષક માને છે અને ટેસ્ટોસ્ટેરોન ઓક્ટોબર-નવેમ્બરમાં પીક પર હોય છે, જે સેક્સ્યુઅલ ડિઝાયર વધારે છે. પરિણામે યુએસ અને યુકેમાં જન્મદરો જુલાઈ-સપ્ટેમ્બરમાં સૌથી વધુ હોય છે, ઠંડા વેધરમાં વધુ ઈન્ટિમેટ થનારાઓમાં ૭૭ ટકા લોકો માને છે કે તેમનું શિયાળાનું સેક્સ અન્ય ઋતુઓ કરતાં વધુ સારૂ હોય છે. કુછ સમજે?આમ તો પશ્ચિમની દુનિયા શિયાળાને કફિંગ સીઝન તરીકે ઓળખે છે. શિયાળામાં એટલે કે લગભગ ઓક્ટોબરથી ફેબ્રુઆરી સુધીના આ સમયે વ્યક્તિ અને એમાંય ખાસ કરીને સિંગલ વ્યક્તિઓ શોર્ટ-ટર્મ રિલેશનશિપ અથવા કમ્પેનિયનશિપ શોધે છે. સિમ્પલ ભાષામાં કહીએ તો પાર્ટનર શોધે છે, આ ટર્મને કફિંગ મીન્સ હાથકડી પરથી આવ્યો છે, જેનો અર્થ થાય છે કે વ્યક્તિને શિયાળા દરમિયાન પાર્ટનર સાથે બંધાઈ જવા માંગે છે, કારણ ઠંડીમાં એકલતા વધુ અનુભવાય છે અને સપોર્ટની જરૂર પડે છે.મનોવૈજ્ઞાનિકો એવું માને છે કે શિયાળામાં એકલતા અનુભવતી વ્યક્તિના વર્તણૂકમાં ફેરફાર આવતો હોય છે. પશ્ચિમમાં આ સમયે વેકેશન હોવાથી સાથે ફરવા રખડવા એક સાથીની ઊણપ વર્તાય છે.ભારત જેવા સામાજિક તાણાવાણા ધરાવતા દેશમાં કફિંગ સીઝનની ખાસ અસર નથી. આપણો શિયાળો અતિશય ઠંડો નથી, શિયાળો એકલતાને બદલે ઉત્સવો અને સમુદાય સાથે જોડાયેલો છે. અને હા, આપણે ક્લાસિક પ્રજાતિ એવી ગુજરાતી શિયાળાને પ્રેમ કરવામાં, સોરી શિયાળામાં પ્રેમ કરવાની રીતને કોઇ ના પહોંચે બધા સુખોને સોરી, બધા શાકને ભેગા કરીને દુનિયા કરતાં ઊંધું કરવા માટે જાણીતી પ્રજાતિ મસ્ત મજાનું ઊંધિયુ ખાશે અને કોકની પતંગ કાપવાની મજા માણશેપશ્ચિમી ફિલોસોફીમાં શિયાળો અને રોમાન્સનું જોડાણ સીધું સાદું નથી, જાતજાતની ફિલોસોફીઓ લખી છે. આમ પણ ત્યાં ઠંડી કાતિલ હોવાથી અલગ રીતે વિચારતા હશે. ત્યાં ઠંડી સંઘર્ષ છે અને આપણી ઠંડી રોમાન્સ છે.આપણે ગુજરાતીઓ ખાણીપીણીના શોખ સાથે બોનફાયર આસપાસ બેસીને જાતજાતની વાર્તાઓ કહેવી, ગરમ ચા પીવી અને પરિવાર સાથે સમય વિતાવવો છે પણ આપણે શિયાળામાં ય ગાજરનો હલવો, મેથીના થેપલા, બાજરીના રોટલા સાથે ખાટી કે મીઠી કઢી અને પાલક, મેથી અથવા તુવેરનું શાક હોય. આ ભોજનમાં સોશ્યલ મીડિયામાં ચાલતી રિલ્સ મુજબ કફને કેવી રીતે સંતુલિત કરે છે એની ચર્ચાઓ કરીને જલસા જલસા પડી જાય.



## તંત્રી લેખ...-

શનિવાર, તા. ૧૭ જાન્યુઆરી ૨૦૨૬

# ઝેર અને દૂષણની ચૂંટણી

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ લોકતંત્ર માટે અતિ મહત્ત્વની છે પણ મહારાષ્ટ્રની ૨૯ મહાનગર પાલિકાઓની ચૂંટણીમાં જે રીતે મની પાવરનો મહિમા તથા અનેક જગ્યાએ પક્ષના કાર્યકર્તાઓ વચ્ચે મારામારીના કિસ્સા સામે આવ્યા છે, તેના કારણે આ આખી પ્રક્રિયા પર બટ્ટો લાગ્યો છે. મતદારોને આકર્ષવા નાણાં વેરવામાં બધા જ રાજકીય પક્ષનો હિસ્સો એકસમાન જોવા મળ્યો છે. મતદાન અગાઉના દિવસે રાજ્યભરમાંથી રોકડ રકમ જપ્ત થઈ છે, ખાસ તો મુંબઈ અને આસપાસનાં ક્ષેત્રોમાં નાણાશાહીનો પ્રભાવ એટલો વધુ છે કે, ઉલ્હાસનગરમાંથી રૂા. પચાસ લાખ, કલ્યાણના કચોરે વિસ્તારમાંથી નવ લાખ, ભિવંડીમાંથી ચાર લાખ તથા અન્ય અનેક જગ્યાએથી નાની-મોટી રકમ જપ્ત કરાઈ છે. યાદ રહે, આ તો પકડાયેલા અને ચોપડે નોંધાયેલા કિસ્સા છે. આ વખતે તમામ નગરપાલિકા ક્ષેત્રમાં નાણાંની રેલમછેલ હોવાનું સામે આવ્યું છે. પ્રચારના પડઘમ શાંત થયા એ પછી મતદારોને લલચાવવા રોકડ ઉપરાંત સાડીઓ અને સોનું-ચાંદી પણ વહેંચવામાં આવ્યાના અહેવાલ છે.

મતદારોને નાણાં વહેંચવા માટે વિવિધ રાજકીય પક્ષોની નવી-નવી રીત-રસમો ચોંકાવનારી છે. મતદાન માટેની સ્લિપ આપવાના ઓઠા હેઠળ, તો ક્યાંક ઈવીએમ મશીનનો ઉપયોગ કેવી રીતે કરવો એ સમજાવવાનાં બહાનાં હેઠળ મતદારોને રોકડ આપવામાં આવી હોવાના કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. આ ઓછું હોય તેમ શરાબ સંબંધિત ગુનાઓમાં પણ હાલના સમયમાં વધારો થયો છે, ખાસ તો મહત્ત્વની રેલીઓની આસપાસ આવા કેસમાં ઉછાળો જોવા મળ્યો છે. પહેલી જાન્યુઆરીથી બારમી જાન્યુઆરી વચ્ચેના બાર દિવસમાં મુંબઈમાં શરાબ-સંબંધિત ૯૭ ગુના નોંધાયા છે, ગયા વર્ષે આ સમયગાળામાં આવા ૩૪ ગુનાની નોંધ થઈ હોવાથી એ તો સ્પષ્ટ છે કે, ચૂંટણી અને આ ગુનાઓ વચ્ચે સંબંધ છે. ઍક્સાઈઝ ખાતાના અંદાજ મુજબ, દેશી દારૂ અને તાડીનો કુલ ૩૦૧ બલ્ક લિટર જથો આ બાર દિવસમાં પકડાયો છે, ગયા વર્ષે જાન્યુઆરીના સમયગાળામાં ૩૫ બલ્ક લિટર દેશી દારૂ પકડાયો હતો. ચૂંટણી પહેલાં ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ આ જથો એકત્ર કરતા હોવાનું આ ખાતાના અધિકારીઓનો અભિપ્રાય છે. વળી, આ વખતે અનેક જગ્યાએ ઉમેદવારો અને કાર્યકર્તાઓ વચ્ચે હિંસાના અનેક બનાવ બન્યા છે. મુંબઈ અને આસપાસનાં પરાં જેવા વિસ્તારોમાં આ બધી પ્રવૃત્તિઓમાં આવેલો ઉછાળો ચિંતાજનક ગણાય. ચૂંટણી પ્રચારમાં રાજકારણીઓએ એકમેક સામે ઝેર ઓકવામાં કશું જ બાકી રાખ્યું નહોતું, એમાં નાણાં, શરાબ અને હિંસાનું આ વિષ લોકતંત્ર પર કલંક સમાન છે.

**મતદારોને નાણાં વહેંચવા માટે વિવિધ રાજકીય પક્ષોની નવી-નવી રીત-રસમો ચોંકાવનારી છે. મતદાન માટેની સ્લિપ આપવાના ઓઠા હેઠળ, તો ક્યાંક ઈવીએમ મશીનનો ઉપયોગ કેવી રીતે કરવો એ સમજાવવાનાં બહાનાં હેઠળ મતદારોને રોકડ આપવામાં આવી હોવાના કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. આ ઓછું હોય તેમ શરાબ સંબંધિત ગુનાઓમાં પણ હાલના સમયમાં વધારો થયો છે,**

## મમતા બેનર્જી ઈડી સામેનાં દબાણમાં મર્યાદા જાળવે

કેન્દ્રીય તપાસનીશ એજન્સીઓની કામગીરી સામે વિપક્ષી નેતાઓએ હંમેશાં સવાલ ખડા કર્યા છે. આમાં ખુદ સર્વોચ્ચ અદાલતે એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ (ઈડી)ની કામગીરી સામે અસંતોષ પણ વ્યક્ત કર્યો છે. હાલે કોલકાતામાં એક રાજકીય સલાહકાર પેઢીની કચેરી પર ઈડીએ પાડેલા દરોડામાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ શાબ્દિક ટીકાની મર્યાદા ઓળંગીને જે રીતે બળજબરીથી પુરાવા પોતાની સાથે લઈ જવાના અને ઈડીના અધિકારીઓની સામે રાજ્ય પોલીસ પાસે ગુનો નોંધાવીને બંધારણીય વિવાદ છેડયો છે. સર્વોચ્ચ અદાલતને આ મામલામાં તાકીદની દરમ્યાનગીરી કરવાની ફરજ પડી છે. ઉલ્લેખનીય છે કે, આઈપેક મામલામાં ઈડીએ કોલકાતામાં આ કંપનીની કચેરી પર દરોડો પાડીને તપાસ હાથ ધરી હતી. આ કાર્યવાહીથી રોષે ભરાયેલા મમતા બેનર્જીએ સ્થળ પર ધસી જઈને ઈડી અધિકારીઓની સામે ગંભીર આરોપો લગાવવાની સાથોસાથ અમુક ફાઈલો પોતાની સાથે લઈ ગયા હતા. સ્વાભાવિક રીતે જ સવાલ ખડો થયો છે કે, કોઈ રાજ્યના મુખ્યમત્રી કે મંત્રી કેન્દ્રીય એજન્સીની કાર્યવાહીમાં દખલગીરી કરી

શકે ખરા ? વિશ્લેષકો સ્પષ્ટ રીતે માને છે કે, મુખ્યમંત્રી કાયદાથી પર હોઈ શકે નહીં અને તેઓ તપાસનીશ એજન્સીની ઉપર બિનજરૂરી દબાણ કરી શકે નહીં. હવે આ પ્રકરણમાં સર્વોચ્ચ અદાલતે મમતા બેનર્જી અને પશ્ચિમ બંગાળ સરકારને આંચકો આપ્યો છે. ઈડીના અધિકારીઓ સામે રાજ્ય સરકારે દાખલ કરેલી પોલીસ ફરિયાદને અદાલતે સ્થગિત કરી છે મમતાને નોટિસ પાઠવી છે. અદાલતે એમ કહ્યંઅ છે કે, આ મામલો ભારે ગંભીર છે અને તેની ઝીણવટભરી તપાસ થવી જોઈએ. સ્વાભાવિક રીતે આ વિવાદ હવે બંધારણીય મુદ્દો બની ગયો છે. આવનારા સમયમાં આ ચોંકાવનારા પગલાંનું પુનરાવર્તન થાય તો તેના ગંભીર પરિણામ આવી શકે તેમ છે. ઈડીનું કહેવું છે કે, ટોચના બંધારણીય હોદ્દા ધરાવતા નેતાઓ જો તપાસનીશ એજન્સી દ્વારા જપ્ત કરાયેલા પુરાવા આંચકીને તેને સમાચાર માધ્યાનોની સામે પ્રદર્શિત કરતા થાય તો તે બંધારણ અને કાયદાના શાસનનું અપમાન ગણાય. ઈડીએ આ પ્રકરણમાં પશ્ચિમ બંગાળ પોલીસની ભૂમિકા સામે પણ ગંભીર સવાલ કર્યા છે. પોલીસે એફઆઈઆરના બહાના તળે સીસી ટીવીના કેમેરા જપ્ત કર્યા છે, જેમાં તપાસમાં મુખ્યમંત્રી અને તેમના અધિકારીઓની તપાસમાં અંતરાય ઊભો કરાયાનાં દૃશ્યો હતાં. ઈડીએ સર્વોચ્ચ અદાલત પાસે બંગાળના પોલીસવડા અને કોલકાતાના પોલીસ કમિશનર સહિતના અધિકારીઓની સામે કાર્યવાહીની પણ વિનંતી કરી છે. આમ આ આખો મામલો વધુ ને વધુ ગંભીર સ્વરૂપ લઈ રહ્યો છે. ખરેખર તો આવનારા સમયમાં અદાલત મમતા અને તેમની સરકારને કઈ રીતે નાથી શકે છે તે ખાસ જોવાનું રહેશે. ખરેખર તો ઈડી જેવી એજન્સીઓની કામગીરી સામે સવાલ ઊભા કરવાનો વિપક્ષી નેતાઓને અધિકાર છે, પણ તેમણે આવી કોઈ કામગીરીમાં અંતરાય ઊભો થાય એવું દબાણ સર્જવાથી અળગા રહેવાની જરૂરત છે. આ વિવાદે ખરેખર રાજકીય અને બંધારણીય કડવાશ સર્જી છે.

### અલબત્ત છેલ્લે ૨૦૧૭માં ચૂંટણી થઈ ત્યારે પણ મનસેએ ૭ બેઠક જ જીતી હતી

# બે ઠાકરે ભેગા થઈને પણ ભાજપનો વિજયરથ ના રોકી શક્યા

### પિંપરી-ચિંચવડ નગરપાલિકાની ૧૨૮ બેઠકમાંથી ભાજપે ૭૪ બેઠક જીતી છે

મહારાષ્ટ્રમાં મુંબઈ સહિતની ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીનાં પરિણામ આવી ગયાં અને ભાજપનો જયજયકાર થઈ ગયો. આ ચૂંટણીમાં સૌથી મહત્ત્વની બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ચૂંટણી હતી. ૨૨૭ બેઠકો ધરાવતી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ચૂંટણીમાં ભાજપ અને એકનાથ શિંદેની શિવસેનાએ સ્પષ્ટ બહુમતી મેળવીને શિવસેનાના વરસોના એકચક્રી શાસનનો અંત આણ્યો છે. ભાજપ-શિંદેને રોકવા માટે ઉદ્ધવ ઠાકરેએ પોતાના પિતરાઈ રાજ ઠાકરે સાથે જોડાણ કરેલું પણ બે ઠાકરે ભેગા થઈને પણ ભાજપના વિજયરથને રોકી શક્યા નથી.

ગુરૂવારે મતદાન પત્યું પછી એક્ઝિટ પોલના વરતારા બહાર પડેલા. તેમાં ભાજપ-શિંદેની શિવસેના ઉધ્ધવની શિવસેના અને રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)નાં સૂપડાં સાફ કરી નાખીને ૧૬૦થી વધારે બેઠકો જીતશે એવી આગાહી થઈ હતી. અંતિમ પરિણામ એવાં આવ્યાં નથી પણ એ બહુ મહત્ત્વનું નથી કેમ કે એક્ઝિટ પોલ ખોટા પડે તેમાં કશું નવું નથી.મૂળ મુદ્દો બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ચૂંટણીમાં ઠાકરે પરિવારના એકહથ્થુ શાસનનો અંત આવ્યો એ છે. ઉદ્ધવની શિવસેના અને રાજ ઠાકરેની મનસેએ ઓપિનિયન અને એક્ઝિટ પોલમાં આગાહીઓ થયેલી તેના કરતાં વધારે ફાઈટ આપીને લગભગ ૭૫ બેઠક જીતી છે પણ મુંબઈમાં વર્ચસ્વ જાળવી રાખવા માટે ખાલી સારી ફાઈટ આપવી પૂરતી નહોતી, જીતવું જરૂરી હતું ને ઠાકરે બંધુઓ જીતી શક્યા નથી એ હકીકત છે.ભાજપે સારો દેખાવ કર્યો છે તેનો ઈનકાર ના કરી શકાય પણ આ દેખાવ એવો જબરદસ્ત પણ નથી કે ઓળઘોળ થઈ જવાય. વાસ્તવમાં ભાજપ ૧૧૫ બેઠક જીતીને એકલા હાથે સત્તા હાંસલ કરશે એવી અપેક્ષા રખાતી હતી પણ ભાજપ આ અપેક્ષા પૂરી કરવામાં ઊણો ઊતર્યો છે. અલબત્ત ભાજપ એ રીતે મોટા ફાયદામાં છે કે, હવે ભાજપ પાસે સત્તા આવશે અને શિવસેનાના પડછાયામાંથી બહાર આવીને ભાજપ પોતાનો મેયર બેસાડી શકશે. ભાજપે ૨૦૧૭ની સરખામણીમાં પણ બહુ જબરદસ્ત દેખાવ કર્યો નથી છતાં તેના હાથમાં સત્તા આવે એ મોટો ફાયદો કહેવાય જ.ભાજપે ૨૦૧૭માં ૮૨ બેઠક જીતેલી જ્યારે આ વખતે ૯૦ બેઠક જીતી છે એ જોતાં ભાજપની બેઠકોમાં ૧૦નો પણ વધારો થયો નથી પણ એ વખતે જોડાણ ટકાવવાની મજબૂરીના કારણે શિવસેનાને મેયરપદ આપી દેવું પડેલું. એ વખતે શિવસેનાને ૭૫ બેઠક મળેલી તેથી ભાજપ કરતાં તેની બેઠકો ઓછી હતી પણ ઉદ્ધવ ઠાકરે જીદ પર અડી ગયેલા તેથી ભાજપે નમતું જોખવું પડેલું. આ વખતે શિંદેની શિવસેનાને ૩૦ બેઠક પણ મળી નથી તેથી શિંદે દાવો કરી શકે તેમ જ નથી એટલે એશિયાની સૌથી મોટી મહાનગરપાલિકાની ધૂરા હવે ભાજપના હાથમાં હશે.ઠાકરે બંધુઓના જોડાણ છતાં મુંબઈ ના સચવાયું એ ઠાકરે પરિવાર માટે અંગત રીતે પણ મોટો ફટકો છે. તેમાં પણ રાજ ઠાકરેની મનસેનો દેખાવ તો બહુ વખાણવા જેવો નથી જ કેમ કે મનસેએ ગણીને ૭ બેઠક જ જીતી છે. અલબત્ત છેલ્લે ૨૦૧૭માં ચૂંટણી થઈ ત્યારે પણ મનસેએ ૭ બેઠક જ જીતી હતી તેથી મનસે માટે આ પરિણામો નહીં નફો નહીં નુકસાનનો સોદો સાબિત થયો છે.મનસે ઉદ્ધવની શિવસેનાની સાથે રહી તેમાં મતો ના વહેંચાયા તેનો ફાયદો ઉદ્ધવની પાર્ટીને મળ્યો એવું મનાય છે. શિવસેનામાં ભંગાણ છતાં ઉદ્ધવની પાર્ટીની બેઠકો દસેક જ ઘટી છે. બાકી રાજ અને ઉદ્ધવ સામસામે હોત તો ઉદ્ધવની શિવસેનાની આટલી બેઠકો ના આવી હોત. મનસે તો કદાચ ખાતું પણ ના ખોલાવી શકી હોત એ જોતાં રાજ ઠાકરેની પાર્ટી માટે તો વકરો એટલો નફો છે. આ દેખાવના કારણે ભવિષ્યની ચૂંટણીઓમાં રાજ અને ઉદ્ધવ બંનેને જોડાણ કરવાનું પ્રોત્સાહન મળશે તેથી ભવિષ્યની આશા ઊભી થઈ છે, બાકી અત્યારે તો બંનેનો વર્તમાન કાળ ધૂંધળો થઈ જ ગયો છે.કૉંગ્રેસ માટે રાબેતા મુજબ સાવ નિરાશાજનક પરિણામ છે. કૉંગ્રેસે ઉદ્ધવ અને શરદ પવારને કોરાણે મૂકીને પ્રકાશ આંબેડકરની પાર્ટી વંચિત બહુજન અઘાડી અને મહાદેવ જણકરના રાષ્ટ્રીય પ્રજા પક્ષ સાથે જોડાણ કરેલું છતાં ૨૦૧૭માં ૩૧ બેઠક જીતનારી કૉંગ્રેસ ૧૨ બેઠક પર આવી ગઈ છે. કૉંગ્રેસનો દેખાવ એ રીતે શરમજનક કહેવાય પણ કૉંગ્રેસને તેની ક્યાં નવાઈ છે ?

મહારાષ્ટ્રમાં મુંબઈ સિવાય બીજી ૨૮ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પણ ચૂંટણી હતી ને બધે ભાજપનું રોલર ફરી વળ્યું છે. પુણે, નાશિક, નાગપુર સહિતનાં મોટાં શહેરોથી માંડીને નાનાં નાનાં નગરોમાં પણ ભાજપ છવાઈ ગયો છે. ભાજપની આંધીમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને કૉંગ્રેસ તો ખોવાઈ ગયાં જ છે પણ ભાજપના સાથી અજિત પવાર અને એકનાથ શિંદેની પાર્ટીઓ પણ ઝાંખી પડી ગઈ છે.ભાજપના સાથી એકનાથ શિંદેની શિવસેનાએ શિંદેના ગઢ મનાતા ઠાણેમાં શિંદેની શિવસેનાનો દબદબો રહ્યો છે પણ એ સિવાય બીજે બધે ભાજપ છવાઈ ગયો છે. તેના કારણે વિપક્ષો તો ચિંતામાં પડ્યા જ હશે પણ સૌથી વધારે ચિંતા અજિત પવારને થઈ હશે. એકનાથ શિંદે પોતાનો ગઢ સાચવી શક્યા પણ અજિત પવાર તો પોતાના ગઢમાં જ ધબોનારાયણ થઈ ગયા છે તેથી તેમના દાડા ભરાઈ જાય તો નવાઈ નહીં.ભાજપ અજિત પવારને અભરાઈ પર ચડાવી શકે એ માટે પૂરતાં કારણ પણ છે. ભાજપે વિધાનસભાની ચૂંટણી પછી અજિત પવારને બહુ ભાવ આપવાનું બંધ કરી જ દીધેલું તેથી અજિત પવાર ઊંચાનીચા થયા કરતા હતા. ભાજપને પાઠ ભણાવવા માટે અજિત પવારે પૂણે અને પિંપરી-ચિંચવડમાં કાકા શરદ પવારની એનસીપી સાથે હાથ મિલાવી લીધેલા અને ભાજપ-શિવસેનાની સામે લડેલા પણ ભાજપની આંધીમાં બંને ઠેકાણે ભૂંડી રીતે હારી ગયા છે. પુણે અને પિંપરી-ચિંચવડ પવાર પરિવારના ગઢ ગણાય છે પણ શરદ પવાર અને અજિત પવાર એક થઈને પણ પવાર પરિવારના ગઢ સાચવી શક્યા નથી.

પિંપરી-ચિંચવડ નગરપાલિકાની ૧૨૮ બેઠકમાંથી ભાજપે ૭૪ બેઠક જીતી છે જ્યારે સંયુક્ત એનસીપીને ૪૦ બેઠક મળી છે તેથી સાવ શરમજનક દેખાવ નથી પણ પુણેમાં તો પવાર પરિવાર સાવ ધોવાઈ ગયો છે. પુણે મહાનગરપાલિકાની ૧૬૫ બેઠકમાંથી એનસીપીને માંડ ૩૦ બેઠક મળી છે. આ દેખાવે પુણે પવાર પરિવારનો ગઢ હોવાનો ભ્રમ તો તોડી જ નાખ્યો છે પણ અજિત પવારની રાજકીય કારકિર્દી સામે પણ સવાલ ખડો કરી દીધો છે.અજિત પવાર અત્યારે ભાજપ સાથે છે અને દેવેન્દ્ર ફડણવીસ સરકારમાં નાયબ મુખ્ય પ્રધાન છે પણ ભવિષ્યમાં ભાજપ તેમને કોરાણે મૂકી શકે છે. અજિત પવાર પોતાના કહેવાતા ગઢને ના સાચવી શક્યા પછી ભાજપને તેમનો શો ખપ ? ટૂંકમાં ભાજપ અજિત પવારને ખંખેરી નાખે તો નવાઈ નહીં લાગે.

### જોકે આ માત્ર એક આંતરિક બળવો નથી. તે તો એક મોટા વૈશ્વિક યુદ્ધની પ્રસ્તાવના જેવું જણાય છે.

# ઈરાનમાં સતત હિંસક વિરોધ પ્રદર્શનો વધી રહ્યાં છે

- **ત્રીજા વિશ્વ યુદ્ધની આશંકા હવે માત્ર કલ્પના નથી, પરંતુ બહુ ઝડપથી એક નરી વાસ્તવિકતા બની રહી છે. સંયુક્ત રાષ્ટ્રસંઘે હવે માત્ર નિવેદનો છોડીને સક્રિય રીતે મેદાનમાં આવવું પડશે. જો શાંતિપૂર્ણ વાટાઘાટો દ્વારા રસ્તો નહીં નીકળે,**

ઈરાનના રસ્તાઓ અત્યારે લોહી, આંસુ વત્તા આક્રોશથી ખરડાયેલા છે. કેટલાંક અઠવાડિયાથી ચાલી રહેલા તીવ્ર વિરોધ પ્રદર્શનોએ હવે લોહિયાળ વળાંક લીધો છે. અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ દેખાવકારો સરકારી દમનનો ભોગ બનીને જીવ ગુમાવી ચૂક્યા છે. ઈરાની રિયાલના મૂલ્યમાં થયેલા ઐતિહાસિક ઘટાડા અને આકાશને આંબતી મોંઘવારીએ સામાન્ય જનતાને મરવા અથવા લડવા માટે મજબૂર કરી દીધી છે.

જોકે આ માત્ર એક આંતરિક બળવો નથી. તે તો એક મોટા વૈશ્વિક યુદ્ધની પ્રસ્તાવના જેવું જણાય છે. આ અસ્થિરતા પાછળ આર્થિક પીડા જેટલો જ મોટો ભાગ આંતરરાષ્ટ્રીય રાજનીતિ અને ઊર્જા સંસાધનો પરના વર્ચસ્વનો છે. ઈતિહાસ સાક્ષી છે કે જ્યાં તેલ છે, ત્યાં પશ્ચિમી દેશોના હિતો હંમેશાં ટકરાયા છે. પશ્ચિમી વિશ્લેષકો માને છે કે અમેરિકા ઈરાનમાં લોકશાહી સ્થાપવાના નામે હસ્તક્ષેપ કરીને ત્યાંના વિશાળ તેલના ભંડારો પર નિયંત્રણ મેળવવા માગે છે. ઈરાન પાસે દુનિયાનો ચોથો સૌથી મોટો તેલનો ભંડાર છે. જે રીતે અમેરિકાએ ભૂતકાળમાં ઈરાકમાં સદ્દામ હુસૈન અને વેનેઝુએલામાં નિકોલસ માદુરો સામેની કાર્યવાહી પાછળ ઊર્જા સુરક્ષાનો છુપો એજન્ડા રાખ્યો હતો તેમ ઈરાનમાં પણ 'શાસન પરિવર્તન' દ્વારા પોતાના આર્થિક હિતો સાધવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાના આરોપો લાગી રહ્યા છે.આપણામાં એક કહેવત છેઃ 'લોભે લક્ષણ જાય'. અમેરિકાની આ ઊર્જા ભૂખ સમગ્ર પશ્ચિમ એશિયાને રાખમાં ફેરવી શકે છે. ઈરાન પર લાદવામાં આવેલા આર્થિક પ્રતિબંધોએ ત્યાંની જનતાની કમર તોડી નાખી છે, જેના કારણે બેરોજગારી અને ગરીબીમાં ભયાનક ઉછાળો આવ્યો છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચેનો સીધો મિસાઈલ જંગ હવે ખુલ્લેઆમ મેદાનમાં આવ્યો છે. ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ વારંવાર ચેતવણી આપી છે કે એ ઈરાનને કોઈપણ સંજોગોમાં પરમાણુ શક્તિ બનવા દેશે નહીં. આ તણાવ વચ્ચે ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનીના વરિષ્ઠ સલાહકાર કમાલ ખરાઝીએ આપેલું નિવેદન આખા વિશ્વ માટે ચિંતાનો વિષય બન્યું છે. ખરાઝીએ સ્પષ્ટપણે દાવો કર્યો છે કે ઈરાન પાસે પરમાણુ બોમ્બ બનાવવાની તમામ ટેકનિકલ ક્ષમતા અને સામગ્રી ઉપલબ્ધ છે. જો ઈરાનની પ્રાદેશિક અખંડિતતા કે સાર્વભૌમત્વ પર કોઈ ખતરો આવશે તો ઈરાન પોતાની સંરક્ષણ નીતિ બદલીને પરમાણુ પરીક્ષણ કરતા પણ અચકાશે નહીપ! આ પરિસ્થિતિમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પની આક્રમક નીતિએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે જો ઈરાની સૈન્ય પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કરવાનું બંધ નહી કરે, તો અમેરિકા ઈરાનના સૈન્ય અને તેલના મથકો પર સીધો હવાઈ હુમલો કરશે. ટ્રમ્પની આ 'મેક્સિમમ પ્રેશર' નીતિ ઈરાનને યુદ્ધ માટે ઉશ્કેરી રહી છે.જોકે ઈરાનમાં પરિસ્થિતિ ઝડપથી બદલાતી જાય છે. હાલમાં તહેરાનમાં ખામેની તરફી મોટું પ્રદર્શન યોજાયું હતું. ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન અમારી જોડે વાત કરવા માગે છે અને અમે વાતચીત પહેલાં પણ ઈરાન પર હુમલો કરી શકીએ. જોકે હકીકત એ છે કે પેન્ટાગોન અને સંરક્ષણ નિષ્ણાતોએ ઈરાન પર તૈયારી વિના હુમલો કરવા સામે ટ્રમ્પને ચેતવણી આપી છે. બીજી તરફ, રશિયા અને ચીન આ લડાઈમાં ઈરાનની પડખે ઉભા છે. રશિયા પોતે અમેરિકા દ્વારા તેનાં વહાણો અને સંપત્તિઓ જપ્ત કરવાથી ક્રોધિત છે. જવાબમાં રશિયાએ ઈરાનને અત્યાધુનિક હથિયારો, મિસાઈલ સિસ્ટમ્સ અને ફાઈટર જેટ્સ પૂરા પાડવા માટે અનેક કાર્ગો વિમાનો તેહરાન મોકલ્યા છે. આ વૈશ્વિક ધ્રુવીકરણ એ સંકેત આપે છે કે જો અમેરિકા ઈરાન પર હુમલો કરશે, તો તે માત્ર બે દેશ વચ્ચેનો જંગ નહીં રહે, પરંતુ ત્રીજા વિશ્વ યુદ્ધની શરૂઆત સાબિત થશે. ઈરાની સત્તાવાળાનો દાવો છે કે આ વિરોધ પ્રદર્શનો કુદરતી નથી, પરંતુ મોસાદ અને સીઆઈએ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. અમેરિકામાં વસતા ઈરાનના ક્રાઉન પ્રિન્સ રેઝા પહલવી આ સમયે કેન્દ્રસ્થાને છે. પશ્ચિમી મીડિયા તેમને ઈરાનના મુક્તિદાતા તરીકે રજૂ કરી રહ્યું છે, જ્યારે ઈરાની શાસન તેમને અમેરિકાના 'કઠપૂતળી' તરીકે જુએ છે.રેઝા પહલવીએ પ્રદર્શનકારીઓને સમર્થન આપીને ઈરાનમાં લોકશાહીના નવા સ્વરૂપ માટે હાકલ કરી છે, જેનાથી ઈરાનનું આંતરિક વાતાવરણ વધુ ગંભીર બન્યું છે. અહીં આપણી અન્ય એક ગુજરાતી કહેવત સાર્થક થાય છેઃ 'ઘરના છોકરા ઘંટી ચાટે અને પાડોશીને આટો'. ઈરાનની સામાન્ય જનતા ભૂખમરો અને બેરોજગારીમાં પીસાઈ રહી છે, જ્યારે વિશ્વની મોટી સત્તાઓ તેમના દુઃખનો ઉપયોગ પોતાના રાજકીય અને આર્થિક ફાયદા માટે કરી રહી છે.પરિસ્થિતિનું ઊંડું વિશ્લેષણ કરતા જણાય છે કે જો યુદ્ધ ફાટી નીકળશે તો તેની અસર સૌથી વધુ સામાન્ય જનતા પર પડશે. ઈરાન પર હુમલો થવાની સ્થિતિમાં તે ઈઝરાયેલ પર હજારો મિસાઈલોનો મારો ચલાવી શકે છે, જે સમગ્ર મધ્ય પૂર્વને અસ્થિર કરી દેશે. આ સંઘર્ષને કારણે વૈશ્વિક તેલના ભાવમાં મોટો ઉછાળો આવી શકે છે, જે ભારત સહિતના વિકાસશીલ દેશોની અર્થવ્યવસ્થાને ખેદાન-મેદાન કરી નાખશે.

ત્રીજા વિશ્વ યુદ્ધની આશંકા હવે માત્ર કલ્પના નથી, પરંતુ બહુ ઝડપથી એક નરી વાસ્તવિકતા બની રહી છે. સંયુક્ત રાષ્ટ્રસંઘે હવે માત્ર નિવેદનો છોડીને સક્રિય રીતે મેદાનમાં આવવું પડશે. જો શાંતિપૂર્ણ વાટાઘાટો દ્વારા રસ્તો નહીં નીકળે, તો ૨૧મી સદીનું સૌથી ભયાનક યુદ્ધ આપણી સામે હશે. તમામ પક્ષોએ અત્યારે સંયમ રાખવાની જરૂર છે, કારણ કે યુદ્ધમાં કોઈ જીતતું નથી, માત્ર માનવતા હારે છે.મોંઘવારીનો મારઃ ભારત તેની જરૂરિયાતનું ૮૦% થી વધુ તેલ આયાત કરે છે. જો હોર્મુઝની સામુદ્રધુની (Strait of Hromuz) બ્લોક થાય, તો ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને પહોંચશે, જેનાથી સામાન્ય મોંઘવારી વધશે.ચાબહાર પોર્ટ પ્રોજેક્ટઃ ભારત માટે વ્યૂહાત્મક રીતે મહત્ત્વનું 'ચાબહાર બંદર' જોખમમાં આવી શકે છે, જે અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સાથેના ભારતના વેપારનો મુખ્ય માર્ગ છે.

ભારતીય સમુદાયઃ ઈરાન અને પડોશી અખાતી દેશોમાં લાખો ભારતીયો વસે છે. યુદ્ધની સ્થિતિમાં તેમની સુરક્ષા અને વતન વાપસી ભારત માટે મોટો પડકાર બની જશે.

### હું માનસિક રીતે બિલકુલ તૈયાર નહોતી, પણ અવામી લીગના નેતાઓનું કહેવું હતું

# મારી પાસે રાજનીતિક વારસો હતો

- **આ બરાબર એવી જ વાત હતી. જેવું મારા પિતાએ ૧૯૭૦માં પાકિસ્તાની પીપલ્સ પાર્ટીને હરાવીને અવામી લીગની ૧૬૭ સીટ સાથે જીત હાંસલ કરી હતી.**

૧૫ ઓગસ્ટ, ૧૯૭૫ની એ રાત. કુલ મળીને ૨૦ લોકો અમારા ધાનમંડીના ઘરમાં દાખલ થયા. એક એક રૂમમાં ઘૂસીને એમણે અમારા આખા પરિવારને મારી નાખ્યો. સત્તા પરિવર્તનના આ સૈન્ય ઓપરેશન પછી રાજનૈતિક પરિવર્તનની તૈયારી શરૂ થઈ. અનેક રાજનીતિક નેતાઓને ગિરફ્તાર કરી લેવામાં આવ્યા. સવારે સાડા પાંચથી સાડા છ દરમિયાન થયેલા આ નરસંહારમાં શેખ મુજીબુર રહેમાન, એમની પત્ની, દીકરાઓ, પુત્રવધૂઓ અને પૌત્રોને પણ મારી નાખવામાં આવ્યાપ આ એવો ભયાનક આઘાત હતો જેનાથી ઢાકામાં કરફ્યુ જેવો માહોલ થઈ ગયો હતો. સાડા સાત વાગ્યે પહેલું રેડિયો પ્રસારણ કરવામાં આવ્યું જેમાં કહેવામાં આવ્યું નવું શાસન સ્થાપિત થઈ ચૂક્યું છે. મારા પિતાના સમર્થક અફસરોને હટાવી દેવામાં આવ્યા. ખોંદકર મુશ્તાક અહેમદને રાષ્ટ્રપતિ ઘોષિત કરવામાં આવ્યા. વારંવાર આપવામાં આવતા રેડિયો સંદેશમાં ક્યાંય મારા પિતાનું નામ પણ લેવામાં આવ્યું નહીપ ૧૯૭૫ના આ વર્ષ પછી મેં પહેલીવાર ભારતનો આશરો માંગ્યો. હું બીજે ક્યાંય જઈ શકું એમ હતી જ નહીં. કેટલાંય વર્ષો સુધી મેં કોઈ રાજનૈતિક પ્રવૃત્તિઓનો વિચાર પણ નથી કર્યો. શરૂઆતના વર્ષોમાં તો ફક્ત ટકી જવાનો પ્રયાસ જ એટલો ભયાનક હતો કે, હું બીજું કંઈ વિચારી શકું એમ હતી જ નહીં. મારી એક બહેનને છોડીને મારો આખો પરિવાર નષ્ટ થઈ ગયો હતો. મારા જીવ ઉપર પણ જોખમ હતું જ. હું એ ઘટના વિશે કંઈ પણ ઉચ્ચારું કે જાણતી હોવા છતાં હત્યારાઓના નામ જાહેર કરું તો ભારત આવીને પણ મને મારી નાખવામાં એમને સહેજેય વાર લાગે એમ નહોતી. ૧૯૭૫થી ૧૯૮૧ સુધી હું સાવ ગુમનામીમાં જીવતી રહી. એક પછી એક ઘર બદલ્યા અને સતત ભારતની સુરક્ષાના કવચ હેઠળ મેં મારી જાતને જીવિત રાખવાનો પ્રયાસ કર્યો. ૧૯૮૧માં અવામી લીગના કેટલાક નેતાઓએ મારો સંપર્ક કર્યો.હું માનસિક રીતે બિલકુલ તૈયાર નહોતી, પણ અવામી લીગના નેતાઓનું કહેવું હતું કે, હું આખી જિંદગી ભારતમાં નહીં રહી શકું. વાત તો સાચી જ હતી! મારા પિતાના હત્યારાઓને સજા અપાવવા અને મારા પિતાની આવી કરપીણ હત્યાનો ન્યાય માગવા મારે બાંગ્લાદેશ પાછા જવું જ જોઈએ એ વાત સાથે હું સહમત થઈ. મારી પાસે રાજનીતિક વારસો હતો પણ બાંગ્લાદેશની રાજનીતિ કે રાજનીતિક ઊથલપાથલો વિશે મારી પાસે એવું કોઈ તૈયાર બેકગ્રાઉન્ડ નહોતું. ૧૯૭૫થી ૧૯૮૧ સુધી હું સાવ ચૂપ રહી હતી. મેં બદલો લેવાની કોઈ તૈયારી કરી હોય કે સતત બાંગ્લાદેશ પાછા ફરવા માટે ધીમે ધીમે લોકોને એકત્ર કર્યા હોય, એવું કંઈ મેં કર્યું નહોતું. હું અચકાતી હતી, સાચું કહું તો ડરતી હતી! મૃત્યુનો ભય ન હોય તો પણ મને એવો ભય લાગતો હતો કે, મારા પિતાના વિરોધીઓ મને બાંગ્લાદેશમાં શાંતિથી જીવવા નહીં દે, પરંતુ એ વખતે ઈન્દિરા ગાંધી ૧૯૮૧માં ભારતના વડાં પ્રધાન હતા. જાન્યુઆરી ૧૯૮૦ થી ઓક્ટોબર ૧૯૮૪માં તેમની હત્યા સુધી તેમનો ચોથો કાર્યકાળ ચાલતો હતો. એમણે મને સધિયારો આપ્યો. એમની મદદ અને હિંમતથી મેં બાંગ્લાદેશ પાછા ફરવાનું નક્કી કર્યું. અવામી લીગના નેતાઓ સાથે ઈન્દિરાજીએ બેઠક કરી અને સલાહ આપી કે, મને પોલિટિકલ શેલ્ટર મળવું જોઈએ. આવામી લીગના નેતાઓએ મને પક્ષની પ્રમુખ બનાવી. પાછા લાવવાની તૈયારી શરૂ કરી. ૧૭ મે, ૧૯૮૧ના દિવસે ઢાકા એરપોર્ટ પર લાખો સમર્થકોએ મારું સ્વાગત કર્યું. અવામી લીગના પક્ષ પ્રમુખ તરીકે બાંગ્લાદેશ પાછા ફરીને લગભગ ડૂબી ગયેલી પાર્ટી અવામી લીગને ફરીથી બેઠી કરવાની પ્રવૃત્તિ મેં શરૂ કરી. આ પુનઃ આગમન ફક્ત મારે માટે જ નહીં, બાંગ્લાદેશના ઈતિહાસમાં પણ એક નવું પૃષ્ઠ ઉમેરવાની શરૂઆત હતીપઆ બરાબર એવી જ વાત હતી. જેવું મારા પિતાએ ૧૯૭૦માં પાકિસ્તાની પીપલ્સ પાર્ટીને હરાવીને અવામી લીગની ૧૬૭ સીટ સાથે જીત હાંસલ કરી હતી. ૧૯૭૦ની એ ચૂંટણી આખા પાકિસ્તાન માટે એક નવો સંદેશ લઈને આવી હતી, પરંતુ સૈન્ય શાસક યાહ્યા ખાને સત્તા સોંપવાનો ઈનકાર કર્યો. અવામી લીગના સિક્સ પોઈન્ટ પ્રોગ્રામને અસ્વીકાર કર્યો અને એ વખતે ઝુલ્ફીકાર અલી ભુટ્ટો સાથે વાટાઘાટો કરવાના પૂરા પ્રયાસ છતાં યાહ્યા ખાને એ વાટાઘાટો સફળ થવા દીધી નહીં. મારા પિતાના સમર્થક, વિદ્યાર્થીઓ, બુદ્ધિજીવો અને રાજનીતિક નેતાઓને નિશાન બનાવીને સૌ પર અત્યાચાર કરવામાં આવ્યા. ૧૯૭૧નું એ પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલું ઓપરેશન સર્ચલાઈટ જનસંહાર હતો. ૩૦ લાખ લોકોને મારી નાખવામાં આવ્યા, જેમાં હિન્દુ અને મુસલમાન બંને હતા. મારા પિતાએ આ નરસંહારનો વિરોધ કર્યો અને પહેલી વખત અલગ વિસ્તારની માગણી કરી હતી જેમાં એમણે પૂર્વ પાકિસ્તાનને અલગ ઓળખ અને બાંગ્લા મુસલમાનોને થતો અન્યાય અટકાવવાની માગ મૂકી. આમ તો પૂર્વ પાકિસ્તાનની અધિકાંશ જનતા મુસલમાન હતી, પાકિસ્તાન મુસ્લિમ શાસક અને ધર્મનો દેશ છે તો પછી અત્યાચાર કેમ કરવામાં આવ્યો, આ સવાલ વિશ્વના ઘણા દેશોને થયોપ પાકિસ્તાની સત્તા માનતી હતી કે ઈસ્લામ આપણને જોડે છે. ભાષા અને સંસ્કૃતિ

અલગ હોવાને કારણે આપણે એક નથી થઈ શકતા. બાંગ્લાદેશી લોકો પોતાની જાતને પહેલાં પણ બંગાળી માનતા હતા. એમનું ભોજન, રહેનસહેન અને જીવન જુદું હતું. એ ઉપરાંત પાકિસ્તાનના પશ્ચિમી નેતૃત્વને કારણે ઉર્દૂને એક માત્ર રાષ્ટ્રભાષા ઘોષિત કરવામાં આવી. જૂટ અને દરિયાઈ ઉત્પાદનો પૂર્વ પાકિસ્તાનના મહેનતુ મજૂરોને કારણે મળતા, પરંતુ એનો ફાયદો પશ્ચિમી પાકિસ્તાનમાં ચાલી જતો. મારા પિતા બંગાળી હતા. એમણે ધર્મ નહીં, ભાષા અને સંસ્કૃતિના ધોરણ પર એક અલગ ઓળખની માગ કરી હતી. એમણે ૭ માર્ચ, ૧૯૭૧માં ઢાકાના રેસકોર્સ મેદાનમાં ભાષણ કર્યું. એમણે કહ્યું, 'આ સંઘર્ષ આપણી મુક્તિ અને સ્વતંત્રતા માટેનો સંઘર્ષ છે. સંઘર્ષ વિના આજ સુધી કોઈ મુક્તિ મળી નથી. સ્વતંત્રતા આપણા હાથમાં મૂકવામાં નહીં આવે. આપણે એને છીનવવી પડશે.' એ વખતે ઉશ્કેરાયેલા લોકો અને ઢાકા વિશ્વવિદ્યાલયના છાત્રોએ સાથે મળીને બાંગ્લાદેશ મુક્તિ સંગ્રામની શરૂઆત કરી. ૨૫ માર્ચ, મોડી રાત્રે સૈન્ય ઢાકામાં દાખલ થયું. મારા પિતાને ગિરફ્તાર કરી લેવામાં આવ્યા, એમને પશ્ચિમી પાકિસ્તાન લઈ જવામાં આવ્યા.







# હિન્દી રૂપેરી પરદા પરનાં આ છે પાંચ યાદગાર પાત્ર

હિન્દી સિનેમાના ઈતિહાસને જો વાગોળીએ તો એ લગભગ ૧૦૦ વર્ષ જૂનો છે. આ ૧૦૦ વર્ષના ગાળામાં એવી અનેકો ફિલ્મ આવી કે જેમાંથી અમુક પાત્રો લોકોના મનમાં વસી ગયાં છે. આમાંથી અમુક હજી પણ યાદ છે અને અમુક પાત્રો એવાં પણ હતાં, જે સમય જતા ભુલાઈ ગયાં. અમુક એવાં પણ હતાં કે જે પડદા પર આવતા જ દર્શકોના દિલમાં સ્થાન મેળવ્યું છે. એમણે દાયકાઓથી વિવિધ પેઢીઓના હૃદય પર અને કદાચ અત્યારની પેઢીના હૃદય પર પણ સંપૂર્ણ રીતે કબજો જમાવ્યો છે.ટેક્નિકલી આવાં પાત્રોએ એક સદી પણ પૂરી નથી કરી, પરંતુ અમુક પાત્રો દર્શકો પર એવાં છવાયેલાં છે કે જે આજે પણ આપણને રોમાંચિત કરી મૂકે છે. સાહિત્યનાં સદીઓ જૂનાં પાત્રો હજુ પણ આપણા હૃદયમાં તાજા છે, પછી ભલે તે મહાભારત હોય, રામાયણ હોય, અલ્લાદીન હોય કે પંચતંત્ર વાર્તાઓનાં પાત્રો સદીઓ પછી પણ આપણા હૃદયમાંથી બહાર નીકળી શક્યા નથી.ચાલો, હિન્દી સિનેમાનાં આવાં પાંચ એવાં યાદગાર પાત્રો વિશે જાણીએ, જેમકે..

રાજા (શ્રી ૪૨૦ વર્ષ: ૧૯૫૫)

રાજ કપૂરની શ્રી ૪૨૦ ફિલ્મ સાલ ૧૯૫૫માં આવી હતી. આ ફિલ્મ ખૂબ જ સફળ રહી હતી. આ ફિલ્મનું રાજા નામનું પાત્ર આજે પણ લોકોના મનમાં રાજ કરે છે. આજે પણ જોકોઈને ભારતીય હોવાનો દાવો કરવો હોય તો આ ગીતના શબ્દો જ કાફી છે. આ ફિલ્મમાં રાજા નામના ગરીબ યુવકની વાત છે, જે મુંબઈ જેવા મોટા શહેરમાં રોજીરોટી માટે આવ્યો છે. મુંબઈ નામની માયા નગરીમાં એની સાદગી અને માસૂમિયત ક્યાંક ખોવાઈ જાય છે. અંતમાં લુચ્ચાઈથી ભરેલા સમાજમાં એની માસૂમિયત અને ઈમાનદારીએ લોકોના મન જીતી લીધા. છેલ્લાં ૭૦ વર્ષથી આ ફિલ્મના ગીતની પંક્તિઓ હજી ય લોકોને કંઠસ્થ છે.

ગબ્બર સિંહ (શોલે વર્ષ: ૧૯૭૫)

શોલે' ફિલ્મના આ ડાયલોગ્સ હજી પણ લોકોના હોઠે છે. નાના બાળકથી લઈને મોટાઓ સુધી કોઈ પણ આ ડાયલોગ બોલવાનું છોડતા નથી. ૧૯૭૫માં પ્રદર્શિત થયેલીશોલે' એ એ જમાનમાં તો ધૂમ મચાવી હતી અને આજની તારીખમાં પણ એ ફિલ્મ એટલી જ લોકોને પસંદ પડે છે. આ ફિલ્મનાં ગબ્બર સહિત વીરુ, જય, બસંતીની ત્રિપૂટી જેવાં પાત્ર આજે પણ જીવંત જ છે.

વિજય (દીવાર વર્ષ: ૧૯૭૫)

આ ફિલ્મમાં અમિતાભ બચ્ચને ભજવેલું એન્ગ્રી યન્ગમેનનું પાત્ર હજી યાદ છે. અન્યાયનો વિરોધ કરતો વિજય આજે પણ લોકોના મનમાં કેદ છે. આજે પણ કાળાધંધા કરનારાઓને આ ડાયલોગ સાંભળવો જ પડે છે. ૮૦ ના સાલમાં આ ફિલ્મે ખૂબ જ ધૂમ મચાવી હતી. આમાં વિજય એ એક એવી વ્યક્તિની વાર્તા છે જેની સાથે હજારો યુવક એમ જ માનતા હશે કે આ અમારી વાર્તા છે. આ ફિલ્મમાં એવા યુવકની વાત છે કે જે મેહનત કરે છે, પ્રયત્ન કરે છે, પરંતુ સિસ્ટમથી હારી જાય છે. આ ફિલ્મ સમાજની વાસ્તવિકતા દર્શાવે છે.


રાજ (દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે વર્ષ: ૧૯૯૫)

ભારતીય સિનેમાનો મોસ્ટ ફેવરિટ રોમેન્ટિક હીરો એટલે શાહખ ખાન. 'ડીડીએલજે' મુવીમાં રાજ નામનું પાત્ર અત્યારની યુવતીને પણ ગમી જાય તેવું છે. રાજ માત્ર પ્રેમનું જ પ્રતીક નથી, પરંતુ સાથે સાથે એટલો જ એ સંસ્કારી છે. આ ફિલ્મમાં રાજની માસૂમિયત, એનું સ્મિત, અને એનો

મસ્તીભર્યો સ્વભાવ અને સિમરન માટે એનો પ્રેમ જોઈને લોકો અંજાઈ ગયા હતા. જ્યાં સુધી રોમાન્સની વાત આવશે ત્યાં સુધી રાજ નામનું પાત્ર યાદ રહેશે.

મુન્નાભાઈ (મુન્નાભાઈ એમબીબીએસ વર્ષ: ૨૦૦૩)

આ ફિલ્મમાં મુન્નાભાઈ એ એક એવા ગુનેગારનો ચહેરો છે કે જે માનવતાનો સંદેશો આપે છે. આ ફિલ્મની 'જાદુકી જપ્પી અને ગાંધીગીરી' કઈ રીતે ભૂલી શકાય? આ કિરદાર બધાને હસાવતા હસાવતા માનવતાનો સૌથી સુંદર પાઠ ભણાવે છે.આ બધાં જ માત્ર પાત્રો જ નથી, પરંતુ ક્યાંક ને ક્યાંક માનવતાનો શાશ્વત સંદેશો આપી જાય છે, જે આપણાં સૌના મનમાં અંકાઈ જાય છે.




# બીસ્ટ: જાનવર જંગલી બને ત્યારે

૨૦૨૨માં રિલીઝ થયેલી આ અમેરિકન ફિલ્મ માટે મિક્સ અભિપ્રાયો વ્યક્ત થયાં છે. ઘણાંને પસંદ નથી આવી તો અનેકને આ લખનારની જેમ ખૂબ પસંદ પડી છે. સપરિવાર જોઈ શકાય એવી બિસ્ટ' ફિલ્મ (આજ નામથી સાઉથમાં બનેલી ફિલ્મ હિન્દીમાં પણ ડબ થયેલી છે) તમનેરોર' (સિંહની ડણક અથવા ત્રાડ)ની સતત યાદ અપાવતી રહે છે. હા, એટલું તો સ્વીકારવું પડશે કે રોર' કરતાંબિસ્ટ' અનેક બાબતમાં ચડિયાતી છે.ડો. નેટ ડેનિયલ્સ રજાઓમાં પોતાની બન્ને ટીનએજ બચ્ચીઓને લઈને સાઉથ આફ્રિકાના રિઝર્વ ફોરેસ્ટમાં આવે છે, કારણ કે આ રિઝર્વ ફોરેસ્ટને મેનેજ કરનાર માર્ટિન બટેલ્સ તેમના ફેમિલી ફ્રેન્ડ છે. માર્ટિન વાઈલ્ડ લાઈફનો બાયોલોજિસ્ટ છે અને જંગલી જાનવર, ખાસ કરીને સિંહો સાથે તેને ખાસો એવો ઘરોબો છે.દરેક રિઝર્વ ફોરેસ્ટમાં એક કાયમી દૂષણ હોય છે: પ્રાણીઓનો ગેરકાયદે શિકાર કરનારા લોકો. ડોકટર મિત્ર અને તેની બે ટિનેઅજ પુત્રીને લઈને માર્ટિન આજે સિંહોનો પરિવાર રહે છે એ સ્થળે આવે છે પણ એક ઘાયલ સિંહણ તેને પોતાની પાસે આવવા દેતી નથી. સિંહણની વેદનાના સીસકારા અને ઘૂરકિયાં માર્ટિનને શંકાસ્પદ લાગે છે એટલેપમિત્ર અને તેની પુત્રીઓ સાથે જંગલમાં જ વસતી આદિવાસીઓની વસાહતમાં પહોંચે છે, કારણ કે માર્ટિનને જાણવું છે કે સિંહણ ઘાયલ કઈ રીતે થઈ, પરંતુ વસાહતમાં હિચકારો નજારો બધાને હેબતાવી દે છે.આખી વસાહતમાં લોહિયાળ લાશો પડી છે. સ્પષ્ટ થાય છે કે રાની પશુઓએ બધાને ફાડી-ચીરી નાખ્યાં છેપ માર્ટિનને આ બધું ભેદી લાગે છે એટલે તે મિત્ર અને તેની દીકરીઓને જીપમાં લઈને સલામત સ્થળે જવા નીકળે છે, કારણ કે જંગલના આ વિસ્તારમાં વોકીટોકી પણ સ્પષ્ટપણે કામ કરતાં નથી. જંગલના કાચા રસ્તે જીપ આગળ વધે છે ત્યાં અધવચ્ચે જ જંગલી પ્રાણીનો ભોગ બનેલો એક આદિવાસી લોહિયાળ હાલતમાં મળે છેપએ વાત તો સ્પષ્ટ થઈ ગઈ છે કે આ હુમલો સિંહ જેવા પ્રાણીએ જ કર્યો છે, પણ સિંહ કારણ વગર (આટલા અને સતત) હુમલા ન કરે એ જાણતો માર્ટિન મિત્ર ડોકટરને ઘાયલ આદિવાસી પાસે છોડીને ઘાતક બની ગયેલા સિંહનું પગેં પકડવા એકલો આગળ વધે છે, પણપ સત્યઘટના પર આધારિત 'બિસ્ટ' ફિલ્મની આમ જુઓ તો અહીંથી શરૂઆત થાય છે અને અંત સુધી એ તમારો જીવ તાળવે ચોંટાડી દે છે.મૂળ આઈસલેન્ડના ડિરેકટર બાત્સાર કોરમાકરે ડિરેકટ કરેલી ૯૪ મિનિટની બિસ્ટ'ની વાર્તા એકદમ સીધીસાદી છે. ખૂનખાર પ્રાણીઓ વચ્ચે નિસહાય જેવા બે પુરુષ અને બે ટિનએજ કેવી લડત આપે છે અને કોણ, કેવી રીતે બચે છે, તેની અહીં જ વાત છે. પ્રાણી અને માણસો વચ્ચે ના સંબંધ-ઘર્ષણની વાત કરતી આપણે ત્યાં (જાનવર ઔર ઈન્સાન, આઝાદ, કર્તવ્ય, હાથી મેરે સાથી, કાલ વિગેરે) અનેક ફિલ્મો બની છે, પરંતુ અમેરિકન ફિલ્મબિસ્ટ'નો મિજાજ એકદમ અલગ અને થોડો ડરામણો પણ છે.અહીં માણસ દેખું, માણસ ખાઉં' જેવા એક સિંહ વચ્ચે ફસાયેલાં અને બચવા માટે મરણિયા પ્રયાસો કરતાં માણસોની વાત છે. સામાન્ય રીતે શાંત ગણાતાં અને અટકચાળાં વગર ન ઉશ્કેરાતાં સિંહ શા માટે હિંસક અને આક્રમક બની ગયા છે, તેનું કારણ પણ સમજવા જેવું છે. આ જીવલેણ ચુંગાલમાંથી બચવા માટેની માનવીય મથામણ, કોઠાસૂઝ અને પિતૃપ્રેમની પણ વાત કરતીબિસ્ટ' ફિલ્મ એક અલગ અનુભવ જેવી છે.

# ધ વિજય તેંડુલકર: નાટક-સિનેમાનો બિંદાસ-બેબાક તેજાબી અવાજ



'સારૂં-ખરાબ, સાચું-ખોટું, જ્યારે તમે વસ્તુઓને આવા લેબલ આપો છો ત્યારે પૂર્ણ સત્યને જોવાની ક્ષમતા ગુમાવો છો. વસ્તુઓને લેબલ ન આપો. શબ્દોના શબ્દકોશ અર્થમાં ફસાઈ ના જાવ.''હું લોકોને ખુશ કરવા નથી લખતો, હું તેમને અસ્વસ્થ કરવા લખું છું.'આવા તેજબી શબ્દોના લેખક વિજય તેંડુલકર ભારતીય સાહિત્ય, નાટક અને સિનેમાના અદ્વિતિય અને વિશાળ વ્યક્તિત્વ હતા સાથોસાથ સતત વિવાદાસ્પદ પણ ખરા. ૧૯૨૮માં મુંબઈ મિલ મજૂર ગિરગામમાં જન્મેલા તેંડુલકરજી માનતા કે હિંસા સમાજની બહાર નથી, સમાજની અંદર છે. માણસ જાહેરમાં હિંસાની નિંદા કરે છે, પણ અંદરથી એનો આનંદ પણ લે છે ને આવા વિચારો એમનાં લગભગ બધાં જ નાટકોમાં વ્યકત થતાં. શરૂઆતમાં ગૃહસ્થ' જેવા નાટકોની નિષ્ફળતા પછી એમણે લેખન છોડવાની પ્રતિજ્ઞા કરી, પણશ્રીમંત' (૧૯૫૬) નાટક સાથે એને તોડી. 'શ્રીમંત' નાટકમાં એક કુંવારી યુવતી પિતાનો વિરોધ હોવા છતાં ગર્ભ રાખે છે.

નોબેલ વિજેતા ફ્રીડરિક ડ્યુરેનમેટના નાટક પરથી રચેલું નાટક શાંતતા! કોર્ટ ચાલુ આહે'માં એમણે એક સ્ત્રીને સમાજ કેવી રીતે ન્યાયના નામે દબાવે છે એની વાત માંડેલી જેનાથી ખરી સફળતા મળી.કન્યાદાન'માં જાતિવાદ ને કહેવાતી પ્રગતિશીલ વિચારધારાને ખુલ્લી પાડી. ઘરેલું હિંસાનું ચિત્ર ગિધાડે' નાટકમાં દેખાડેલું. એક પરિવાર કેવી રીતે લાલચ, ઈર્ષા, વારસાની લડાઈ ને ઈમોશનલ અત્યાચારનું મોકળું મેદાન બની જાય છે.ગિધાડે'માં દેખીતી હિંસા નથી, પણ ગાળો અને ક્રૂરતા ધીમે ધીમે ઘરમાં ફેલાય છે.

તેંડુલકરજી કહેતા: 'માણસ માણસને ખાય છે ને એ પણ બધું પરિવારના નામે.' ફિલ્મસ્ટાર શર્મન જોષીના અભિનેતા નિર્દેશક પિતા અરવિંદ જોશીએ એને ગુજરાતીમાં ભજવેલું અને રૂપાંતર કોણે કરેલું ખબર છે? આપણાં તેજાબી લેખક ચંદ્રકાંત બક્ષીજીએ!

સખારામ બાઈન્ડર'(૧૯૭૦) નાટક પછી તેંડુલકર ખુલ્લેઆમ વિવાદમાં સપડાયા. એ નાટકમાં પુરુષ સત્તા અને સ્ત્રી શોષણનું જે નિર્લજ્જચિત્ર હતું, તેને અશ્લીલ ને અનૈતિક કહીને એને અટકાવામાં આવ્યું હતું ને મામલો છેક અદાલત સુધી પહોંચ્યો. ત્યારે વિજય તેંદૂલકરે કહેલું:જ્યારે સમાજ ડરે છે, ત્યારે પ્રતિબંધ આવે છે ને એ ડર જ લખાણની અસર કે સફળતા છે.' આ નાટકને ટીવીસ્ટાર કૃત્તિકા દેસાઇના જાજરમાન અભિનેતા નિર્દેશક પિતા ગિરેશ દેસાઈએ ગુજરાતીમાં ભજવેલું.સૌથી મોટો વિવાદ ઘાશીરામ કોટવાલ' નાટકને લઈને થયો હતો. મરાઠી પેશ્વાઇ રાજાઓના ઈતિહાસના પાત્ર વિશેના નાટકમાં સત્તા, સેક્સ ને રાજકીય ભ્રષ્ટાચારની કથા હતી. પૂણેમાં નાટક રજૂ થયું ત્યારે ત્યાંના ચિત્તપાવન બ્રાહ્મણ સમાજમાંથી તીવ્ર વિરોધ થયો કે એમના સમાજને લોભી અને સત્તાલોભી તરીકે આ નાટક દર્શાવે છે. વિરોધ મુંબઈ પહોંચતાંશિવસેના'ના બાળ ઠાકરેએ એને મરાઠી અસ્મિતાનું અપમાન સમાન ગણાવ્યું હતું.શો વખતે થિયેટરોમાં તોડફોડ થઈ ને કલાકારોને ધમકીઓ મળી. છતાં એ ભારતનું સૌથી લાંબા સમય સુધી અનેક ભાષામાં ચાલેલું નાટક બન્યું. એના ૬,૦૦૦થી વધારે શો થયા. 'ઘાશીરામ કોટવાલ'ની નાટ્યમંડળી વિદેશ પ્રવાસે જવાની હતી ત્યારે ફરી રાજકીય દબાણ ઊભું થયું. ત્યારે શરદ પવારે મધ્યસ્થતા કરી ને પ્રવાસને અનુમતિ અપાવેલી!.





# ગુજરાતી સિનેમામાં સસ્પેન્સનો નવો અધ્યાય: શ્રદ્ધા ડાંગર અને ગૌરવ પાસવાલા સ્ટારર ફિલ્મ 'પાતકી'નું દમદાર ટ્રેલર લોન્ચ

અમદાવાદ: ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં વર્ષ ૨૦૨૬ની શરૂઆત એક ધમાકેદાર સસ્પેન્સ થ્રિલર સાથે થવા જઈ રહી છે. અભિનય દેશમુખ દ્વારા નિર્દેશિત અને 'એએમપી સ્ટુડિયો પ્રોડક્શન્સ'ના બેનર હેઠળ બનેલ આ ફિલ્મ અવિરત પિક્ચર્સ, કાલાંશ ક્રિએટીવ્સ, પામ સ્ટુડિયો, કનક પિક્ચર્સ અને વિઝન મુવી મેકર્સના એસોશિએશન સાથે નિર્માણ થયેલ છે. ફિલ્મ 'પાતકી' નું સત્તાવાર ટ્રેલર લોન્ચ કરવામાં આવ્યું છે.આ ફિલ્મમાં પ્રતિભાશાળી અભિનેત્રી શ્રદ્ધા ડાંગર અને જાણીતા અભિનેતા ગૌરવ પાસવાલા મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. દિવ્યેશ દોશી, આલાપ કિકાણી, નૃપલ પટેલ, આનંદ ખમર અને રાજુ રાયસિંઘાની આ ફિલ્મના પ્રોડ્યુસર્સ છે. મુખ્ય કલાકારો ઉપરાંત સુચિતા ત્રિવેદી, હિતેન તેજવાણી, ઉજ્જવલ દવે, કરણ જોશી અને આકાશ ઝાલા જેવા દિગ્ગજ કલાકારો મહત્વના રોલમાં છે.ફિલ્મની વાર્તા અંગે જણાવીએ તો, "એક માણસ જ્યાં સુધી દોષિત સાબિત ન થાય ત્યાં સુધી નિર્દોષ છે, પરંતુ જો તે ખરેખર દોષિત હોય અને તેમ છતાં નિર્દોષ સાબિત થાય તો? માનવ (ગૌરવ પાસવાલા) એક મહત્વાકાંક્ષી છતાં જમીન સાથે જોડાયેલો કોર્પોરેટ પ્રોફેશનલ છે, જેનું જીવન આદર્શ લાગે છે. તેની પત્ની નિત્યા (શ્રદ્ધા ડાંગર) તેની તાકાત છે અને તેમનું લગ્નજીવન એકદમ સુખી છે. પરંતુ અચાનક જ માનવની આ સપના જેવી દુનિયા વિખેરાઈ જાય છે. સર્જાયેલી અરાજકતામાં માનવ બધી ઘટનાઓ માટે પોતાને જવાબદાર માને છે. અપરાધભાવથી પીડાતો માનવ પોલીસ સમક્ષ શરણાગતિ સ્વીકારવાનું નક્કી કરે છે, પરંતુ વાર્તા ત્યારે વિચિત્ર વળાંક લે છે જ્યારે દરેક પુરાવા માનવના નિવેદનને પડકારે છે. તે જ્યારે આત્મશંકાના વમળમાં ફસાય છે, ત્યારે સત્ય બહાર આવે છે. "પાતકી" એ જ દર્શાવે છે કે આપણે બધા એક સ્તરે નિર્દોષ છીએ અને બીજા સ્તરે દોષિત.ટ્રેલર લોન્ચ પ્રસંગે શ્રદ્ધા ડાંગરે જણાવ્યું કે, "આ ફિલ્મની વાર્તા ખૂબ જ અલગ અને ચેલેન્જિંગ છે. પ્રેક્ષકોને આમાં મારો એક નવો જ અવતાર જોવા મળશે." જ્યારે ગૌરવ પાસવાલાએ ઉમેર્યું કે, "'પાતકી' ગુજરાતી સિનેમામાં સસ્પેન્સના નવા સ્તરને સ્પર્શે છે. આ ફિલ્મમાં મારો રોલ એક એવા માણસનો છે જે પોતાની જ વાસ્તવિકતા સામે લડી રહ્યો છે."સસ્પેન્સ, ડ્રામા અને રહસ્યથી ભરપૂર ફિલ્મ 'પાતકી' ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ સમગ્ર ગુજરાત, મુંબઈ અને દુબઈ, યુએસ, યુકે, કેનેડા, ઈસ્ટ આફ્રિકા, ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા અને તમામ ગલ્ફ દેશોના સિનેમાઘરોમાં પેનોરમા સ્ટુડિયો દ્વારા વર્લ્ડ વાઈડ રિલીઝ કરવામાં આવશે.

# અગત્સ્ય નંદા-સિમર ભાટિયાની પહેલી ફિલ્મ ને ધર્મેન્દ્રની છેલ્લી ફિલ્મ

ધૂરંધર'ની આંધી સામે શ્રીરામ રાઘવન દિગ્દર્શિત ફિલ્મઈક્કીસ'ની આગેકૂચ જારી છે. ૨૧ વર્ષના લબરમૂછિયા અણ ખેત્રપાલની શહાદત પર બનેલી આ ફિલ્મ એક નહીં, પણ અનેક રીતે અનોખી છે.ભારત-પાકિસ્તાન વચ્ચે ૧૯૭૧માં થયેલા યુદ્ધ પર આધારિત આ ફિલ્મ એ પીઢ અભિનેતા ધર્મેન્દ્રના જીવનકાળની અંતિમ ફિલ્મ છે. આ ફિલ્મ ઓછાં બજેટમાં બની છે અને આ લખાય છે ત્યારે (મંગળવાર સુધીમાં) આ ફિલ્મે રૂપિયા ૨૫ કરોડનો બિઝનેસ કરી લીધો છે. ફિલ્મમાં અણ ખેત્રપાલની ભૂમિકા અમિતાભ બચ્ચનના દોહિત્ર (પુત્રીના પુત્ર) અગત્સ્ય નંદાએ ભજવી છે.અગત્સ્યની થિયેટરમાં રિલીઝ થનારી આ પહેલી જ ફિલ્મ છે, જ્યારે આ અગાઉ તે 'આર્ચિઝ'માં કામ કરી ચૂકયો છે, જે સીધી જ ઓટીટી પર રિલીઝ થઈ હતી.અક્ષય કુમારની ભાણી (બહેનની પુત્રી) સિમર ભાટિયાની પણ આ પહેલી જ ફિલ્મ છે. અક્ષય કુમારની બહેન અલકા ભાટિયાની તે પુત્રી છે. સિમર જમનાબાઈ નરસી સ્કૂલ અને ઓબેરોય ઈન્ટરનેશનલ સ્કૂલમાં શિક્ષણ લીધાં પછી અમેરિકાની ફલોરિડામાં આવેલી આઈએમજી એકેડેમી અને કેલિફોર્નિયાની ઓસ્સીડેન્ટલ કોલેજમાં શિક્ષણ લીધું છે.સિમરને નાનપણથી જ અભિનય કરવાની ઈચ્છા હતી એટલે અમેરિકાની જ જ્યોર્જ વોશિંગ્ટન યુનિવર્સિટીમાં તેણે અભિનયની તાલીમ લીધી છે. જ્યારે ફિલ્મમાં તેનો હીરો બનતો અગત્સ્ય નંદા એ જયા બચ્ચન-અમિતાભ બચ્ચનની પુત્રી શ્વેતા નંદાનો પુત્ર છે.અગત્સ્યએ તેનું શાળાનું શિક્ષણ ઈંગ્લેન્ડમાં પૂં કર્યું છે. આ શાળામાં ભણતી વખતે જ અગત્સ્યએ થિયેટર અને નાટકની તાલીમ મેળવી છે. ઈંગ્લેન્ડમાં શાળાનું શિક્ષણ લીધાં પછી તેણે ન્યૂ યોર્કમાં અભ્યાસ કર્યો છે. વિદેશમાં ભણ્યો હોવા છતાં અગત્સ્યનાં મૂળ ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલા રહ્યા છે.અગત્સ્ય નંદાનું જે રીતે બચ્ચન ફેમિલી સાથે જોડાણ છે, તે જ રીતે બોલિવૂડના સૌથી મોટા કુટુંબ કપૂર ખાનદાન સાથે પણ તે જોડાયેલો છે. અગત્સ્યના પિતા નિખિલ નંદા એ રાજકપૂર- ક્રિશ્ના રાજકપૂરની પુત્રી, રિતુ નંદાનો પુત્ર છે. આમ બચ્ચન કુટુંબ અને કપૂર કુટુંબ સાથે જોડાયેલા આ નબીરાએ બોલિવૂડમાં એન્ટ્રી કરી છે અને તે ચોક્કસ ધમાકો કરશે એમ મનાય છે.'ઈક્કીસ' એ પીઢ અભિનેતા ધર્મેન્દ્રની ૮૯મે વર્ષે અભિનીત છેલ્લી ફિલ્મ છે. આ ફિલ્મ જોવા દર્શકોમાં ધર્મેન્દ્રના ચાહકોનો પણ સમાવેશ થાય છે.'ઈક્કીસ' ફિલ્મની બીજી પણ એ વિશેષતા છે કે આ ફિલ્મમાં પીઢ કલાકારોની સાથે જ બોલિવૂડના કેટલાક પીઢ કલાકારોના પુત્રોનો પણ તેમાં સમાવેશ થયો છે. જોકે, આ તેમની પહેલી ફિલ્મ નથી, છતાં તેમણે અભિનયમાં અમીટ છાપ છોડી છે.અનુપમ ખેરના પુત્ર સિકંદરે આ ફિલ્મમાં રિસાલદાર સાગત સિંહની ભૂમિકા ભજવી છે, જ્યારે નસીદ્દીન શાહના પુત્ર વિવાન શાહે આ ફિલ્મમાં કેપ્ટન વિજેન્દ્ર મલહોત્રાની ભૂમિકા ભજવી છે. ફિલ્મનાં દિગ્દર્શક શ્રીરામ રાઘવનની આ પહેલી જ વોર ફિલ્મ છે, પણ તે લોકોને આકર્ષી રહી છે.





કિડ્ઝ ઝી પ્રિ-સ્કૂલ જહાંગીરપુરા દ્વારા બાળકો અને વાલીઓ માટે સ્પોર્ટ્સ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કિડ્ઝ ઝીના ટ્રસ્ટી અમીશા પરમાર તથા પ્રિન્સિપાલ મનોજ પરમાર તથા વાલીઓ અને બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જે તસવીરમાં દ્રશ્યમાન થાય છે.

# સ્મિથ-બાબર આઝમ વચ્ચે મેદાન પર ઝઘડો : પાક. ખેલાડીની ફજેતી



ઓસ્ટ્રેલિયાની બિગ બેશ લીગ દરમિયાન એક જ ટીમના સાથી ખેલાડીઓ સ્ટીવ સ્મિથ અને બાબર આઝમ વચ્ચે મેદાન પર થયેલી તણાવભરી ક્ષણોના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. આ ઘટનાઓએ ચાહકોને આશ્ચર્યમાં મૂકી દીધા હતા, કારણ કે બંને ખેલાડીઓ એક જ ટીમ (સિડની સિક્સર્સ) માટે રમી રહ્યા હતા. હવે આ સમગ્ર મામલે સ્ટીવ સ્મિથે પોતાનું મૌન તોડ્યું છે અને ખાસ કરીને બાબરને સિંગલ લેવાની ના પાડવા પાછળનું અસલી કારણ જણાવ્યું છે.

આ બંને દિગ્ગજ ખેલાડીઓ વચ્ચે તણાવની શરૂઆત મેચની પ્રથમ ઈનિંગ્સ દરમિયાન ફિલ્ડિંગ કરતી વખતે થઈ હતી. ડેવિડ વોર્નરના એક શોટને રોકવાના પ્રયાસમાં સ્મિથ અને બાબર વચ્ચે ગેરસમજ થઈ અને બોલ બાઉન્ડ્રીની બહાર જતો રહ્યો. રિપ્લેમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું કે બાબર આસાનીથી બોલ રોકી શકતો હતો. બાબરની આ ખરાબ ફિલ્ડિંગ જોઈને સ્મિથ ખૂબ જ નિરાશ દેખાયો હતો.

થોડીવાર પછી, આવા જ એક બીજા શોટ પર સ્મિથે બાબરને નજરઅંદાજ કરીને પોતે જ બોલને પકડ્યો હતો. બાદમાં, બંને બેટિંગ કરવા ઉતર્યા અને ટીમને સારી શરૂઆત અપાવી. જોકે, ૧૧મી ઓવર દરમિયાન, સ્મિથે બાબરને એક આસાન સિંગલ લેવાની સ્પષ્ટ ના પાડી દીધી, જેના કારણે બાબર ખૂબ જ નારાજ દેખાયો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર સૌથી વધુ ચર્ચાનો વિષય બન્યો હતો.

સ્મિથનો સિંગલ ન લેવાનો નિર્ણય આખરે ટીમના હિતમાં સાબિત થયો. ૧૨મી ઓવરમાં સ્મિથે પાવર-સર્જનો ઉપયોગ કર્યો અને ૩૨ રન ફટકાર્યા, જે BBLના ઈતિહાસની સૌથી મોંઘી ઓવર સાબિત થઈ. ઉલ્લેખનીય છે કે, BBLના નિયમ મુજબ, ટીમો ૧૦ ઓવર પછી ૨ ઓવર માટે 'પાવર-સર્જ' (પાવરપ્લે) લઈ શકે છે, જેમાં ૩૦-યાર્ડના વર્તુળની બહાર માત્ર બે જ ખેલાડીઓ રહી શકે છે.

# વિજય હજારે ટ્રોફી સેમીફાઈનલમાં સૌરાષ્ટ્રની દમદાર જીત : હવે વિદર્ભ સામે ફાઈનલમાં ટકરાશે



વિશ્વરાજ જાડેજાની શાનદાર અણનમ સદી અને કેપ્ટન હાર્વિક દેસાઈની અડધી સદીની મદદથી, સૌરાષ્ટ્રએ શુક્રવારે વિજય હજારે ટ્રોફીની બીજી સેમીફાઈનલમાં પંજાબને ૬૩ બોલ બાકી રહેતા નવ વિકેટે હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો. ફાઈનલમાં સૌરાષ્ટ્રનો સામનો વિદર્ભ સામે થશે.

૨૯૨ રનના લક્ષ્યાંકનો પીછો કરતા, સૌરાષ્ટ્રે કેપ્ટન હાર્વિક દેસાઈ અને વિશ્વરાજ જાડેજા સાથે ઉડી શરૂઆત કરી. આ જોડીએ પ્રથમ વિકેટ માટે ૧૭૨ રનની ઓપનિંગ ભાગીદારી કરી, જેનાથી વિજયનો મજબૂત પાયો નાખ્યો. ગુર્નુર બ્રારે ૨૩મી ઓવરમાં હાર્વિક દેસાઈને આઉટ કરીને આ ભાગીદારી તોડી.

દેસાઈએ ૬૩ બોલમાં ૬૪ રન બનાવ્યા, જેમાં નવ ચોગ્ગાનો સમાવેશ થાય છે. ત્યારબાદ પ્રેરક માંકડે જાડેજા સાથે ૧૨૧ રનની ભાગીદારી કરી, જેનાથી ટીમને આરામદાયક વિજય મળ્યો. જાડેજાએ ૧૨૭ બોલમાં ૧૮ ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી અણનમ ૧૬૫ રન બનાવ્યા, જ્યારે માકંદે ૪૯ બોલમાં સાત ચોગ્ગા સહિત અણનમ ૫૨ રન બનાવ્યા.

સૌરાષ્ટ્રે ૩૯.૩ ઓવરમાં એક વિકેટે ૨૯૩ રન બનાવીને મેચ જીતી લીધી. અગાઉ સૌરાષ્ટ્રે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. અનમોલપ્રીત સિંહની સદી અને કેપ્ટન પ્રભસિમરન સિંહની અડધી સદીના કારણે પંજાબની ટીમ ૨૯૧ રન સુધી પહોંચી ગઈ.

હરનૂર સિંહ અને પ્રભસિમરને પહેલી વિકેટ માટે ૬૦ રન ઉમેર્યા, પરંતુ ૩૩ રન બનાવીને હરનૂર રન આઉટ થયો. અનમોલપ્રીત અને પ્રભસિમરને બીજી વિકેટ માટે ૧૦૯ રન ઉમેર્યા. પ્રભસિમરને ૮૭ રન બનાવ્યા, જ્યારે અનમોલપ્રીતે ૧૦૦ રન બનાવ્યા. સૌરાષ્ટ્ર માટે ચેતન સાકરિયાએ ચાર વિકેટ લીધી, જ્યારે અંકુર પંવાર અને ચિરાગ જાનીએ બે-બે વિકેટ લીધી.

# ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે કાલે નિર્ણાયક જંગ



## ઈન્દોરમાં ભારત ક્યારેય હાર્યું નથી : સ્પિન બોલરોની કસોટી થશે : બદોની અને અર્શદીપને તક મળી શકે

ભારતીય ટીમને ગુરુવારે ન્યુઝીલેન્ડ સામેની ત્રીજી અને નિર્ણાયક વનડે માટે તેના બોલિંગ સંયોજન પર પુનર્વિચાર કરવો પડી શકે છે. તેના સ્પિન બોલરો પ્રથમ બે મેચમાં અપેક્ષા મુજબ પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહ્યા છે, જ્યારે તેના બેટ્સમેનોને કિવીઝના ધીમા બોલરો સામે સંઘર્ષ કરવો પડ્યો છે.

ન્યૂઝીલેન્ડે બીજી વનડે સરળતાથી જીતીને શ્રેણી ૧-૧ થી બરાબર કરી દીધી. ભારતીય ટીમે શુક્રવારે પ્રેક્ટિસ કરી ન હતી. જ્યારે ન્યૂઝીલેન્ડની ટીમે વૈકલ્પિક સત્ર હોવા છતાં પરસેવો પાડ્યો હતો. કુલદીપ યાદવને સૌથી વધુ સંઘર્ષ કરવો પડ્યો હતો. તે ન્યૂઝીલેન્ડના બેટ્સમેનોને કાબૂમાં રાખી શક્યો ન હતો કે વિકેટ લેવાનો ખતરો પણ ઉભો કરી શક્યો ન હતો.

આ મેચમાં સદી ફટકારનાર ડેરિલ મિશેલે તેના બોલ પર સરળતાથી રન બનાવ્યા. કુલદીપની 'લેન્થ અને લાઈન' બંને પર હુમલો કરવામાં આવ્યો હતો. આમાં, મિશેલે ખાસ કરીને તેના પગનો સારી રીતે ઉપયોગ કરીને બોલના ટર્નને તટસ્થ બનાવ્યો. ડિચની ઓવરોમાં ભારતીય રણનીતિ નિષ્ફળ ગઈ.

કિવી બેટ્સમેનોએ તેના બોલને ખૂબ જ અસરકારક રીતે સ્વિપ કર્યા. આ રણનીતિ તેમના માટે ટેસ્ટ મેચોમાં પણ કામ કરી હતી. ભારતના સ્પિનરો બેટ્સમેન પર સતત દબાણ લાવી શક્યા ન હતા. તેનાથી વિપરીત, ન્યુઝીલેન્ડના સ્પિનરો ભારતીય બેટ્સમેનોને મુક્તપણે રમવા દેતા ન હતા.

ઈન્દોરનું મેદાન તેની ટૂંકી બાઉન્ડ્રી અને બેટિંગ-ફ્રેન્ડલી પિચો માટે જાણીતું છે. તેથી, અહીં વિવિધતા કરતાં શિસ્તબદ્ધ બોલિંગ વધુ મહત્વપૂર્ણ છે. ભારતીય બોલરો, ખાસ કરીને કુલદીપે, બોલને સપાટ રાખવો પડશે અને સ્ટમ્પ પર હુમલો કરવો પડશે.

ઈજાગ્રસ્ત સુંદરની ગેરહાજરી નિઃશંકપણે રાજકોટમાં અનુભવાઈ હતી. તેની જગ્યાએ પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરેલ નીતિશ કુમાર રેડ્ડીને ફક્ત બે ઓવર બોલિંગ કરી. હાલની પરિસ્થિતિઓને જોતાં, ઓફ-સ્પિન બોલર આયુષ બદોની રેડ્ડી કરતાં વધુ સારો વિકલ્પ હોઈ શકે છે.

ટીમ મેનેજમેન્ટ સ્પિન બોલિંગ થી સંકળાયેલા જોખમોને ઘટાડવા માટે ટીમ તેના ઝડપી બોલિંગ આક્રમણને મજબૂત બનાવવાનું પણ વિચારી શકે છે. ડાબોડી સ્પિનર અર્શદીપ સિંહને તક આપવામાં આવે છે કે નહી તે જોવું રસપ્રદ રહેશે. જો અર્શદીપ સિંહને અંતિમ અગિયારમાં સામેલ કરવામાં આવે છે, તો પ્રખ્યાત કૃષ્ણાને પડતો મૂકવો પડશે.

# એશિયન ગેમ્સ જીતીને ઓલિમ્પિક્સ માટે ક્વોલિફાઇ થવું છે: સવિતા પૂનિયા

## ભારતીય મહિલા હોકી ટીમ એશિયન ગેમ્સમાં ગોલ્ડ સાથે સીધી ક્વોલિફાઇ થવા માગે છે



ભારતીય મહિલા હોકી ટીમની ભૂતપૂર્વ કેપ્ટન અને અનુભવી ગોલકીપર સવિતા પૂનિયા આગામી એશિયન ગેમ્સની હોકીની ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતીને ૨૦૨૮ની લોસ એન્જલસ ઓલિમ્પિક ગેમ્સ માટે ડાયરેક્ટ ક્વોલિફાઈ થવાનું લક્ષ્યાંક ધરાવે છે. આ ઉપરાંત તે ઓલિમ્પિક્સમાં મેડલ હાંસલ કરીને યાદગાર રીતે હોકીમાંથી નિવૃત્તિ લેવા ઈચ્છે છે.

સવિતાએ જણાવ્યું હતું કે તે હાલમાં ૨૦૨૮ વિશે વધુ વિચારતી નથી પરંતુ સપ્ટેમ્બરમાં જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. "હવે હું પરિવાર સાથે વધુ સમય પસાર કરવા ઈચ્છું છું. હું સન્માનજનક રીતે નિવૃત્તિ લેવા માંગુ છું. જો અમે એશિયન ગેમ્સ જીતીને ઓલિમ્પિક માટે ક્વોલિફાઈ કરી શકીશું તો હું ત્યાર પછી નિવૃત્તિ લેવા અંગે વિચારી રહી છું."

જાપાનમાં ૧૯મી સપ્ટેમ્બરથી ચોથી ઓક્ટોબર દરમિયાન એશિયન ગેમ્સ રમાશે. જેમાં ભારતની મહિલા હોકી ટીમ ભાગ લેનારી છે અને ત્યાં મેડલ જીતવાની તે પ્રબળ દાવેદાર છે. છેલ્લી બે ઓલિમ્પિક્સમાં ભારતની મહિલા ટીમે શાનદાર દેખાવ કર્યો છે. એશિયાડમાં ભારતનો લક્ષ્યાંક માત્ર મેડલ નહીં પરંતુ ગોલ્ડ મેડલનો છે. સવાતા પૂનિયાએ ઉમેર્યું હતું કે ૨૦૨૮ ઓલિમ્પિક્સ મારા માટે હજી ઘણી દૂર છે અને હું તેના વિશે વધારે વિચારતી નથી. મેં મારા માટે એશિયન ગેમ્સનો ટારગેટ રાખ્યો છે અને તેનાથી આગળ હું કાંઈ વિચારી નથી રહી. હાલમાં તો મારો લક્ષ્યાંક એશિયન ગેમ્સમાં ગોલ્ડ જીતીને અને ઓલિમ્પિક્સ માટે સીધા ક્વોલિફાઈ કરવાનો છે. અમારી ટીમમાં આ ક્ષમતા રહેલી છે. વ્યક્તિગત રીતે પણ હું બનતા તમામ પ્રયાસો કરીશ કેમ કે હું ટીમની સિનિયર ખેલાડી છું.

તેણે કહ્યું હતું કે અમે પહેલેથી જ ક્વોલિફાયર્સમાં રમવાનું પ્રેશર લીધું હતું અને તેથી સીધા ક્વોલિફાઈ થવું વધારે શ્રેષ્ઠ રહેશે. આથી જ એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતીને સીધા ઓલિમ્પિક્સમાં ક્વોલિફાઈ થવાનો મારો મુખ્ય લક્ષ્યાંક છે.

સવિતાએ લોસ એન્જલસ ઓલિમ્પિક્સ ૨૦૨૮માં રમવાની આશા છોડી નથી પરંતુ તે જાણે છે કે તે હજી ઘણી દૂર છે. "મારા માટે કંઈ અશક્ય નથી. હાલમાં મારું શરીર મારો સાથ આપી રહ્યું છે. જ્યારે પણ કોઈ વિદેશી ખેલાડી મારી ઉંમર પૂછે છે ત્યારે તે આઘાત પામે છે કે હું ૩૫ વર્ષની છું. હું મારી જાતને ફિટ રાખું છું. જ્યાં સુધી હું મેદાનમાં છું ત્યાં સુધી મારી ઉંમરી કોઈ ફરક પડતો નથી. જો તમે ફિટ છો તો તમે ૩૦, ૩૫ કે ૪૦ વર્ષની વય સુધી પણ રમી શકો છો."

# ૧૪ વર્ષનો વૈભવ સૂર્યવંશી આજે તોડશે વિરાટનો રેકોર્ડ

## U-૧૯ વર્લ્ડ કપમાં બાંગ્લાદેશ સામે બની શકે છે નવો ઈતિહાસ, યશસ્વી-ગિલ અને સરફરાઝના રેકોર્ડ પર પર નજર



૧૪ વર્ષીય વૈભવ સૂર્યવંશી આજે વિરાટ કોહલીનો રેકોર્ડ તોડી શકે છે. તે ૪ રન બનાવવાની સાથે યુથ વનડેમાં ભારતના ટોપ સ્કોરરની યાદીમાં કોહલીને પાછળ છોડી દેશે. વૈભવ શનિવારે અંડર-૧૯ વર્લ્ડ કપમાં બાંગ્લાદેશ સામે રમવા ઉતરશે. આ મેચ બુલાવાયોમાં બપોરે એક વાગ્યાથી રમાશે.

આ મુકાબલામાં ભારતીય ટીમ પાસે આ ટુર્નામેન્ટમાં બીજી જીત મેળવવાની તક હશે. ટીમ ઈન્ડિયાએ પહેલા મુકાબલામાં જીછ પર ૬ વિકેટે જીત મેળવી હતી. ૨ દિવસ પહેલા ૧૫ જાન્યુઆરીએ રમાયેલી આ મેચમાં વૈભવ સૂર્યવંશી માત્ર ૨ રન જ બનાવી શક્યા હતા.

યુથ વનડેમાં ભારતના ટોપ સ્કોરરની યાદીમાં વૈભવ સૂર્યવંશી ૮મા નંબરે છે. તેના નામે ૧૯ મેચમાં ૯૭૫ રન છે. તે વિરાટ કોહલીથી ૩ રન પાછળ છે. વિરાટે ૨૮ મેચમાં ૯૭૮ રન બનાવ્યા છે.

અગાઉના રેકોર્ડમાં ભારતીય ટીમ વધુ સારી છે. અંડર-૧૯ વર્લ્ડ કપમાં ભારતે બાંગ્લાદેશ સામે ૭૦% થી વધુ મેચ જીતી છે. બંને વચ્ચે અત્યાર સુધીમાં ૭ મેચ રમાઈ છે, જેમાંથી ૫ ભારતીય ટીમે જીતી છે. જ્યારે, ૨ મેચ બાંગ્લાદેશના નામે રહી છે.

# 'ગંભીરે જ રોહિત શર્માને કેપ્ટનપદેથી હટાવ્યો':પૂર્વ ઈન્ડિયન ક્રિકેટરનો હેડ કોચ પર ગંભીર આરોપ



પૂર્વ ભારતીય ક્રિકેટર મનોજ તિવારીના નિવેદનથી એક નવો વિવાદ ઊભો થયો છે. મનોજ તિવારીના જણાવ્યા પ્રમાણે, ઈન્ડિયન ક્રિકેટ ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરે રોહિત શર્માને વન-ડેના કેપ્ટનપદેથી હટાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેનું કહેવું છે કે આ નિર્ણય સીધી રીતે લેવામાં આવ્યો નહોતો, પરંતુ પસંદગી સમિતિના ચીફ અજિત અગરકર પર પ્રભાવ પાડીને એને લાગુ કર્યો હતો.

BCCIએ જ્યારે ગયા વર્ષે ઓક્ટોબરમાં ઓસ્ટ્રેલિયા સામેની ત્રણ મેચની વન-ડે સિરીઝ માટે ભારતીય ટીમ જાહેર કરી હતી, ત્યારે રોહિત શર્માના સ્થાને શુભમન ગિલને નવો કેપ્ટન બનાવ્યો હતો. આ નિર્ણયથી ક્રિકેટજગતમાં અનેક સવાલો ઊભા થયા હતા, કારણ કે રોહિત વન-ડે ક્રિકેટમાં શાનદાર ફોર્મમાં હતો અને ૨૦૨૭ વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને પોતાની તૈયારી કરી રહ્યો હતો.

મનોજ તિવારીએ ભારત માટે ૧૨ વન-ડે મેચમાં ૨૮૭ રન અને ૩ T20 ઈન્ટરનેશનલ મેચમાં ૧૫ રન બનાવ્યા હતા. મનોજ તિવારીએ સ્પોર્ટ્સ ટુડેને જણાવ્યું હતું કે 'અજિત અગરકરનું મજબૂત વ્યક્તિત્વ છે અને પોતે નિર્ણય લેવા માટે સક્ષમ છે, પરંતુ આટલો મોટો નિર્ણય એકલા હાથે ન લઈ શકાય. પડદા પાછળ ઘણી વસ્તુઓ થતી હોય છે. આમાં કોચનો ઈનપુટ ચોક્કસ રહ્યો હશે.'મનોજ તિવારીને એ વાત પર શંકા છે કે રોહિત શર્માને હટાવવાનો નિર્ણય સંપૂર્ણપણે સિલેક્શન પેનલનો હતો. તિવારીનું કહેવું છે કે ગૌતમ ગંભીરનો દૃષ્ટિકોણ આમાં સામેલ રહ્યો હશે. તેણે એમ પણ સ્વીકાર્યું કે રોહિત શર્માને કેપ્ટન પરથી હટાવ્યા બાદ તેનો ODI ફોર્મેટમાં ઉત્સાહ ઓછો થઈ ગયો છે. તેણે કહ્યું હતું કે રોહિત પહેલા જેવો એનિમેટેડ દેખાતો નથી અને મેદાન પર તેનો ઉત્સાહ ઓછો દેખાય છે.

# સમર્થ સહિતા જુનિયર ઓસ્ટ્રેલિયન ઓપન માટે ક્વોલિફાઈ

## અમદાવાદનો સમર્થ ઓસ્ટ્રેલિયન ઓપનમાં ૧૫મા ક્રમાંકિત ખેલાડી તરીકે રમશે




ભારતના જુનિયર ટેનિસ ખેલાડીઓએ વિશ્વ સ્તરે નોંધપાત્ર દેખાવ કરવાનું જારી રાખ્યું છે અને તેમાં અમદાવાદના સમર્થ સહિતાનો સમાવેશ થાય છે. સમર્થ સહિતા આ વખતે મેલબોર્ન ખાતે યોજાતી પરંપરાગત ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટની જુનિયર કેટેગરી માટે ક્વોલિફાઈ થયો છે. આમ તે ઓસ્ટ્રેલિયન ઓપન જુનિયર્સ ૨૦૨૬માં ભાગ લેશે.

આઈટીએફ જુનિયર વર્લ્ડ રેન્કિંગમાં હાલમાં ૯૨મો ક્રમાંક ધરાવતો સમર્થ ક્વોલિફાઈંગ ડ્રોમાં ૧૫મા ક્રમે રમશે. સમર્થ હાલમાં ભારતના ઉભરતા ટેનિસ ખેલાડીઓમાં અગ્ર સ્થાને છે. તે આ અગાઉ ભારત માટે જુનિયર ડેવિસ કપ અને રોડ લેવર કપમાં ભાગ લઈ ચૂક્યો છે. આમ તેણે ઈન્ટરનેશનલ લેવલ પર પ્રતિષ્ઠિત ટેનિસ ટુર્નામેન્ટમાં પોતાની કાબેલિયત પુરવાર કરી ચૂક્યો છે. તે ભારતમાં બે વખત નેશનલ ચેમ્પિયન રહી ચૂક્યો છે. અમદાવાદમાં અલ્ટેવોલ સ્પોર્ટ્સ એકેડમી ખાતે સમર્થ અત્યારે જાણીતા કોચ શ્રીમલ ભટ્ટ પાસે તાલીમ લઈ રહ્યો છે.

ઓસ્ટ્રેલિયન ઓપન જુનિયર ૨૦૨૬માં સમર્થ સહિતાની સાથે ભારત તરફથી અર્ણવ પાપાકર પણ ભાગ લેનારો છે. આ ઉપરાંત ગર્લ્સ કેટેગરીમાં માયા રાજેશ્વરન પણ ભારતનું પ્રતિનિધિત્વ કરશે. સમર્થ હાલમાં રૂસ્તમજી કેમ્બ્રિજ ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરી રહ્યો છે.

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શનિવાર, તા.૧૭ જાન્યુઆરી ૨૦૨૬ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

## આટકોટની ૬ વર્ષની નિર્ભયાના આરોપીને ૪૩મા દિવસે ફાંસીની સજા

### આરોપીને ઝડપી પોલીસે માત્ર ૧૧ દિવસમાં ચાર્જશીટ રજુ કરતા સ્પેશીયલ કોર્ટનો માત્ર ૪૩ દિવસમાં ચૂકાદો

**રાજકોટ,તા.૧૭**

રાજકોટ જિલ્લાના આટકોટ નજીક કાનપર ગામની સીમમાં ૪ ડિસેમ્બર, ૨૦૨૫ના દિલ્હીના નિર્ભયાકાંડ જેવી જ અત્યંત ક્રૂર અને જઘન્ય ઘટના સામે આવી હતી. ખેતમજૂરની વાડીમાં રમતી ૬ વર્ષની માસૂમ બાળકીને નજીકની ઝાડીમાં ખેંચી જઈ ત્રણ સંતાનના પિતા રેમસીંગ ડુડવાએ પીંખી નાખી હતી. એટલું જ નહીં, દુષ્કર્મ બાદ બાળકીના ગુપ્તાંગમાં સળિયો નાખી તેને લોહીલુહાણ કરી દીધી હતી. બાળકી દર્દથી કણસી રહી હોવા છતાં આરોપી ત્યાંથી નાસી છૂટ્યો હતો.


પોલીસે ૮ ડિસેમ્બરે આરોપીને ઝડપી ૧૧ દિવસમાં જ ચાર્જશીટ ફાઈલ કરી હતી. ૧૨ જાન્યુઆરી એટલે કે, ૩૫ દિવસમાં કોર્ટે ચુકાદો આપી આરોપીને દોષિત ઠેરવ્યો હતો. જે બાદ રાજકોટની સ્પેશિયલ કોર્ટે ૧૫ જાન્યુઆરીએ સજાનું એલાન કરવાનું હતું, પરંતુ ૧૭ જાન્યુઆરીની તારીખ પડી હતી. આજે આરોપી રેમસીંગ તેરસીંગ ડુડવા (ઉં.વ.૩૦) સામેનો આખરી ચુકાદો સ્પેશિયલ કોર્ટના જજ વી.એ. રાણા સાહેબ દ્વારા આપવામાં આવ્યો. આરોપીને ઘટનાના ૪૩મા દિવસે ફાંસીની સજા સંભળાવવામાં આવી છે.

૪ ડિસેમ્બરના રોજ આટકોટ તાલુકાના કાનપર ગામે બોપરના ૧૨ વાગ્યે ભોગ બનનાર બાળકી પોતાના ભાઈ-બહેનો સાથે રમતી હતી, ત્યારે આરોપી રેમસીંગ તેરસીંગ ડુડવા મોટર સાઈકલ ઉપર આવ્યો અને ભોગબનનાર બાળકીને ઉપાડી બાજુના ઝાડ પાસે લઈ જઈ તેણીના ગુપ્ત ભાગમાં ૫ ઈંચનો લોખંડનો સળીયો નાખી દુષ્કર્મ આચર્યું હતું. બાળકીની ચીસો સાંભળી બાજુના રૂમમાં રહેલ તેની મામી દોડી આવી, ત્યારે આરોપી રેમસીંગ સ્થળ ઉપરથી ભાગી ગયો હતો.

બાળકીની ગંભીર હાલત અને સખ્ત રકતસ્ત્રાત જોતા મામીએ બાળકીના પિતા અને પોતાના પતિને તાત્કાલીક બોલાવી કાનપર ગામના સાર્વજનીક દવાખાને એમ્બ્યુલન્સમાં લઈ ગયા હતા. બાળકીની હાલત અતિશય ગંભીર હોવાથી યોગ્ય સારવાર માટે જસદણ સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. બાદમાં ત્યાંથી રાજકોટ જનાના હોસ્પિટલ ખાતે રાત્રિના ૯ વાગ્યે સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. આ સમય દરમિયાન અતિશય રકતસ્ત્રાવ થવાથી બાળકીનુ ઓપરેશન થઈ શકશે કે કેમ? તે માટે રેડયોલોજીસ્ટ અને ગાયનેકોલોજીસ્ટના અભિપ્રાય મેળવવામાં આવ્યા હતાં અને ત્યારબાદ જ બેભાન બાળકીની વિસ્તૃત સારવાર કરવામાં આવતા બચી ગઈ હતી.

આ સમયે બાળકીના પિતાએ બનાવ અંગે પોલીસને જાણ કરી, પરંતુ આરોપીને કોઈએ જોયો ન હોવાથી પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી. ૮ ડિસેમ્બરના રોજ આરોપી રેમસીગને શંકાના આધારે ઝડપી લેવામાં આવ્યો હતો અને તેની પોલીસ રીમાન્ડ દરમિયાન આરોપીએ કાનપર ગામના એક ઝાડની નીચેથી લોખંડનો સળીયો કાઢી આપ્યો જે રક્તથી રંગીત હતો. આ ઉપરાંત બનાવસ્થળે એફ.એસ.એલ. અધિકારીને પરીક્ષણ માટે બોલાવવામાં આવ્યા હતા, જ્યાંથી આરોપીના માથાના વાળનો જથ્થો મળી આવ્યો હતો. આ તમામ મુદ્દામાલ પરીક્ષણ અર્થે

અનુસંધાન પાના ૭ પર



સુરત ખાતે લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમમાં આયોજિત ઈન્ડિયન સ્ટ્રીટ પ્રીમીયર લીગની મેચ દરમિયાન અભિતાભ બચ્ચન અને અભિષેક બચ્ચન પિતા-પુત્ર એક સાથે અનોખા અંદાજમાં નજરે પડ્યા હતા.

## ઘર બેઠા રૂપિયા કમાવવાની લાલચમાં મહિલાએ રૂપિયા ૪.૨૮ લાખ ગુમાવ્યાં

### પાર્ટ ટાઈમ જોબ શોધતી બારડોલીની મહિલા સાથે સાયબર ફ્રોડ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૬**

બારડોલી રૂરલ રહેતી મહિલાને પાર્ટ ટાઈમ જોબની ઓફર કરી ઘરે બેઠા રૂપીયા કમાવવાની લાલચ આપી ભેજાબાજે ટુકડે ટુકડે કરી મહિલાના એકાઉન્ટમાંથી કુલ રૂ.૪.૨૮ લાખ ટ્રાન્સફર કરી લીધા હતા. આ મામલે મહિલા દ્વારા બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી છે.

બારડોલી રૂરલ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર બારડોલી બાબલાગામ નહેર ફળીયુ ખાતે રહેતા જેનીબેન વિજયભાઈ શાહ ઉ.વ.૩૦ને ગઈ તા.૯ ડિસેમ્બરના રોજ સવારના સમયે અજાણ્યા મોબાઈલ નંબર પરથી પાર્ટ ટાઈમ જોન રીક્રુટના નામે ભેજાબાજે ફોન કર્યો હતો. ત્યારબાદ અલગ-અલગ ટેલીગ્રામ આઈડી મોકલી મહિલાને વિશ્વાસમાં લઈ ઘર બેઠા રૂપીયા કમાવવાની લાલચ આપી રોકાણ કરાવડાવી તબક્કાવાર મહિલાના એકાઉન્ટમાંથી કુલ રૂ.૪.૨૮ લાખ પડાવી લીધા હતા.

## ઉત્તરાયણ પછી રસ્તા, મકાનો, ઝાડ પર લટકતા દોરા જોખમી

### જહાંગીરપુરામાં ૮ વર્ષિય માસુમ બાળકનાં મોતનું કારણ લટકતો દોરો જ બન્યું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

શહેરમાં પતંગ-માંજાના તહેવાર ઉતરાણ કેટલાય પરિવારો માટે કાળ બનીને આવી હોય તેમ ૯ જેટલા મોત ઉપરાંત જહાંગીરપુરામાં એક ૮ વર્ષિય બાળકનું લટકતા દોરોમાં ગળું આવી જતા મોત થયું તેમજ ચંદ્રશેખર આઝાદ બ્રિજ પર પતંગનો દોરો આવી જતા પતિ-પત્ની અને પુત્રીએ જીવ ગુમાવ્યો આ બનાવો પતંગના કાતિલ દોરાને કારણે બન્યા છે. જીવ ગુમાવનારા લોકોના પરિવારો પર દુઃખનું આભ ફાટ્યું છે. ત્યારે આપણે તહેવારો તો ઉજવી લીધા પણ હવે તહેવાર બાદ શહેરમાં જ્યાં જુઓ ત્યાં ઘરો-છતો પર એપાર્ટમેન્ટો પર લટકતા દોરાનો નિકાલ કરવો એ આપણી નૈતિક ફરજમાં આવે છે.

ઉતરાયણના તહેવારમાં પતંગના દોરાને કારણે કોઈને કોઈ નિર્દોષનો ભોગ લેવાય છે. પતંગના તેજ દોરાથી સૌથી વધુ પક્ષીઓના મોત થતા હોય છે ત્યારે આ ઉતરાણનો તહેવાર પણ કેટલાય પરિવારો માટે શોકના સમાચાર લઈને આવ્યો હતો. શહેરમાં અલગ-અલગ બનાવોમાં ૧૦ જેટલા મૃત્યું થયા છે. ચંદ્રશેખર આઝાદ બ્રિજ વાળી ઘટના અને જહાંગીરપુરામાં લટકતા દોરાને કારણે માસુમ બાળકનું ગળુ કપાતા થયેલા કરૂણ મોતની ઘટના કોઈપણને વિચારતા કરી દે તેવી છે. અહીં મહત્વનું એ છે કે, ઉતરાણના તહેવારની આપણે ઉજાણી તો કરી લીધી અને હવે આપણે આપણા કામે ધંધે લાગી ગયા છે. પરંતુ આપણી એક ફરજ જાણે ચુકી ગયા હોય તે લટકતા દોરાને દૂર કરવાની છે.

શહેરભરમાં વૃક્ષોમાં, થાંભલાઓ પર, રેલીંગમાં ઘરો-એપાર્ટમેન્ટોની ગ્રિલ, ટેરેસ પર લટકતા દોરાને કારણે હજી પણ પક્ષીઓ ઈજાગ્રસ્ત થઈ રહ્યા છે. આ લટકતા દોરાને આપણે સ્વૈચ્છિક રીતે હટાવવવા જોઈએ જેથી કરીને તહેવાર બાદ હજી પણ કોઈ અબોલ પક્ષી કે કોઈ વ્યક્તિ આ દોરાથી ઈજાગ્રસ્ત ન થાય. પ્રતાપ દર્પણ દ્વારા શહેરીજનોને અપીલ કરવામાં આવે છે કે તમને જ્યાં પણ લટકતા દોરા દેખાય તો થોડો સમય કાઢી તેનો યોગ્ય નિકાલ કરી દેવો.

## તાપી નદીમાંથી નવજાતનો મૃતદેહ તરતો મળી આવ્યો

### કાપોદ્રા રામજી ઓવારેથી પોલીસે મૃતદેહનો કબજો લીધો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૬**

કાપોદ્રા રામજી મંદિર પાસે તાપી નદીના ઓવારાના કિનારે તરતી હાલતમાં નવજાત મૃત બાળક મળી આવ્યું હતું. નિષ્ઠુર જનેતાએ જન્મ છુપાવવાના ઈરાદાથી નિકાલ કરવાનો પ્રયાસ કર્યો હોવાની આશંકા સાથે પોલીસે તપાસ શરૂ કરી હતી

નાના વરાછા તપાવન સ્કૂલની પાસે ગાયત્રી નગર સોસાયટીમાં રહેતા જીગ્નેશ સુરેશ ખાણિયાએ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ગઈકાલે વહેલી સવારે કાપોદ્રા રામજી મંદિર પાસે તાપી નદીના ઓવારામાં મૃત ત્યજી દેવાયેલ બાળક મળી આવ્યું હતું. જીગ્નેશભાઈએ કાપોદ્રા પોલીસને જાણ કરતા પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો. પોલીસની તપાસમાં જાણવા મળ્યું હતું કે મૃત બાળકને જન્મ છુપાવવાના ઈરાદાથી નિકાલ કરવાનો પ્રયાસ કરી ત્યજી દેવાયેલ હોવાનું જાણવા મળ્યું હતું. પીએસઆઈ એન એ પટેલ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે.

## લગ્ન પ્રસંગની કંકોત્રીના માધ્યમ દ્વારા સાયબર સુરક્ષા લોક જાગૃતિ

### આમંત્રણ પત્રિકામાં એડવોકેટ ચિંતન વિરાણીએ સાયબર સુરક્ષાના નિયમો છપાવ્યાં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

લગ્નપ્રસંગોમાં સામાન્ય રીતે વ્યસનમુક્તિ કે ટ્રાફિક જાગૃતતાના સંદેશાઓ જોવા મળતા હોય છે, પરંતુ સુરતના યુવા એડવોકેટ ચિંતન વિરાણીએ સમયની માંગને સમજીને એક પ્રશંસનીય પહેલ કરી છે. તેમણે પોતાની લગ્ન કંકોત્રીમાં 'સાયબર પ્રતિજ્ઞા'નો ઉલ્લેખ કરી મહેમાનોને ડિજિટલ છેતરપિંડી સામે જાગૃત કરવાનો પ્રયાસ કર્યો છે.

આજના ટેકનોલોજીના યુગમાં સાયબર ગુનાઓનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. સામાન્ય નાગરિકો પોતાની મહેનતની કમાણી એક નાનકડી ભૂલને કારણે ગુમાવી દેતા હોય છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, એડવોકેટ ચિંતને કંકોત્રીના માધ્યમથી લોકોને સાયબર સુરક્ષાના નિયમો સમજાવ્યા છે.

આ પહેલની મુખ્ય વિશેષતાઓ એવી છે કે લગ્નમાં આવનાર દરેક મહેમાન પોતે સાયબર સુરક્ષિત રહે અને અન્યને પણ જાગૃત કરે તેવો ઉમદા આશય છે. ડિજિટલ યુગમાં વધતા સાયબર ફ્રોડને જોતા ચિંતન વિરાણીએ આ નવતર પ્રયોગ કર્યો છે. તેમણે કંકોત્રીમાં સાયબર ગુનાઓથી બચવા માટેની આગમચેતી અને તેના ઉપાયો વિશે વિગતવાર માહિતી આપી છે.

એડવોકેટ ચિંતન વિરાણીના જણાવ્યા અનુસાર, છેલ્લા પાંચ વર્ષમાં લોકો ૩૦થી વધુ પ્રકારના સાયબર ગુનાઓનો ભોગ બન્યા છે અને કરોડો રૂપિયા ગુમાવ્યા છે. લોકોની વર્ષોની મહેનતની કમાણી સુરક્ષિત રહે તે હેતુથી તેમણે આ પહેલ કરી છે. લગ્નમાં આવનાર મહેમાનો આ 'સાયબર પ્રતિજ્ઞા' લેશે, જેનાથી તેઓ પોતે તો સુરક્ષિત થશે જ, સાથે અન્ય લોકોને પણ જાગૃત કરી શકશે.

અનુસંધાન પાના ૭ પર


## અડાજણમાંથી ચોરીના મોપેડ સાથે વાહન ચોર ઝડપાયો

### વેસુમાં થયેલી વાહન ચોરીના આરોપીને ક્રાઈમ બ્રાંચે પકડી પાડ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

શહેરના વેસુ વિસ્તારમાં થયેલી વાહન ચોરીનો ભેદ ઉકેલવામાં સુરત શહેર ક્રાઈમ બ્રાંચને સફળતા મળી છે. ગત ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ વેસુ વી.આઈ.પી. રોડ પર આવેલા લુથરા સર્કલ પાસેના એક શોરૂમ પાર્કિંગમાંથી એક એક્ટિવા ચોરાયું હતું. આ અંગે વેસુ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

શહેરના પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાંચની આર્મ્સ સ્કોડ તપાસમાં હતી. તે દરમિયાન મળેલી સચોટ બાતમીના આધારે અડાજણના જેપી નગર રોડ પર વોચ ગોઠવવામાં આવી હતી. ત્યાંથી વગર નંબરની એક્ટિવા સાથે પસાર થતા એક શંકાસ્પદ શખ્સને ઝડપી પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન એક્ટિવાની ડીકીમાંથી ચોરાયેલા વાહનની મૂળ નંબર પ્લેટો મળી આવી હતી.પકડાયેલ આરોપીની ઓળખ મનીષ રાજુ મોરે (ઉ.વ. ૨૧, રહે. ગોડાદરા, સુરત; મૂળ મહારાષ્ટ્ર) તરીકે થઈ છે. ક્રાઈમ બ્રાંચે કાયદેસરની કાર્યવાહી કરી આરોપીનો કબજો વેસુ પોલીસ સ્ટેશનને સોંપ્યો હતો. આમ, પોલીસે ગણતરીના દિવસોમાં જ ચોરીનો ભેદ ઉકેલી વાહન માલિકને રાહત અપાવી છે.



સુરતમાં પવનની દિશામાં ફેરફાર થવાના કારણે ઠંડીના પ્રમાણમાં વધારો ઘટાડો થઈ રહ્યો છે. આજે તાપમાનમાં થોડો વધારો થયો છે. પરંતુ વહેલી સવારે સુરત શહેરના અનેક વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાઈ ગયું હતું. (તસવીર : હનીફ મલેક)



ગણતંત્ર દિવસ તા.૨૬મી જાન્યુઆરીના રાષ્ટ્રીય પર્વની ઉજવણી અર્થે સુરત પોલીસ દ્વારા પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર ધ્વજવંદન પરેડ માટે દરરોજ વહેલી સવારે પોલીસ જવાનો દ્વારા રિહર્સલ કરવામાં આવી રહ્યું છે. (તસવીર : હનીફ મલેક)

## ટ્રાફિક પોલીસની સ્પેશીયલ ડ્રાઈવ એક દિવસમાં ૧૮૦ કેસો નોંધાયા

### વિશેષ ઝૂંબેશમાં ટ્રાફિક નિયમો ભંગ કરનાર ૧,૧૧,૯૬૧ વાહનચાલકો વિરૂદ્ધ પોલીસ કાર્યવાહી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

શહેર વિસ્તારમાં બનતા માર્ગ-અકસ્માતોના બનાવોમાં રોંગ સાઈડ વાહન ચલાવવાને કારણે ગંભીર પ્રાણઘાતક અકસ્માતનાં બનાવો બનતા હોય છે, જેમાં મૃત્યુદર તેમજ ગંભીર ઈજાનાં પ્રમાણ પણ વધુ જોવા મળે છે. ઉપરાંત ટ્રાફિક-સિગ્નલ મુજબ ટ્રાફિક નિયમનની કામગીરી કરાવવા સારૂ સિગ્નલ-ભંગ કરતા વાહન-ચાલકો વિરૂધ્ધ કાર્યવાહી કરવી જરૂરી હોય, જેથી શહેર વિસ્તારની સુચારુ ટ્રાફિક વ્યવસ્થા માટે ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા વાહન-ચાલકો વિરૂધ્ધ કાર્યવાહી કરવા સારૂ પોલીસ કમિશ્નર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર, ટ્રાફિકની સુચના અને માર્ગદર્શન મુજબ રોંગ-સાઈડ વાહન ચલાવવાને કારણે બનતા ગંભીર પ્રાણઘાતક અકસ્માતોમાં નોંધપાત્ર ઘટાડો લાવવા તેમજ ટ્રાફિક-સિગ્નલ મુજબ ટ્રાફિક નિયમનની કામગીરી કરાવવા અને ટ્રાફિક નિયમોની સુયોગ્ય અમલવારી કરાવવા સારૂ ગત તા.૨૮/૧૧/૨૦૨૫ થી સ્પે. ડ્રાઈવનું આયોજન કરવામાં આવેલ છે.

જે ડ્રાઈવ અંતર્ગત અસરકારક અને પરીણામલક્ષી કામગીરી કરવા / કરાવવા નાયબ પોલીસ કમિશ્નર, ટ્રાફિક, સેક્ટર-૧ અને ૨ તથા રીજીયન-૧, ૨, ૩, ૪ નાં એસીપીઓ તથા તમામ સર્કલ પીઆઈઓ દ્વારા અલગ-અલગ ટીમો બનાવી જે જગ્યાઓ પર રોંગ-સાઈડ વાહન ચલાવતા વાહન ચાલકોનું પ્રમાણ વધુ હોય, તેવા વિસ્તારમાં તેમજ જે જગ્યાઓ પર અકસ્માતો થવાની સંભાવના વધુ

અનુસંધાન પાના ૭ પર

## જૂનાગઢની જનસભામાં ધારાસભ્ય ઈટાલિયા પર જૂતું ફેંકવાનો પ્રયાસ

### જૂતું ફેંકવાનો પ્રયાસ કરનાર યુવકને પોલીસે પકડી લીધો

**જૂનાગઢ,તા.૧૬**

જૂનાગઢ જિલ્લાના માળિયા હાટીનાના ગડુ ખાતે ૧૬ જાન્યુઆરીની રાતે આયોજિત ખેડૂત સન્માન સભામાં અચાનક માહોલ ગરમાયો હતો. આ સભામાં આમ આદમી પાર્ટીના નેતા અને વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા સંબોધન કરી રહ્યા હતા, ત્યારે એક અજાણ્યા શખસ દ્વારા તેમના પર જૂતું ફેંકવાનો પ્રયાસ કરાયો હતો, જોકે આ ઘટના બનતાંની સાથે જ ત્યાં હાજર રહેલા જાગ્રત કાર્યકર્તાઓ અને પોલીસ સ્ટાફે તાત્કાલિક હરકતમાં આવી જૂતું કઢનારી વ્યક્તિને દબોચી લીધી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ મોટી ઈજા કે અનિચ્છનીય બનાવ બન્યો ન હતો, પરંતુ રાજકીય આલમમાં આ ઘટનાને લઈને ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે ગોપાલ ઈટાલિયા સાથે આ પ્રકારની ઘટના પહેલીવાર બની નથી. આ અગાઉ જામનગર ખાતે પણ એક કાર્યક્રમ દરમિયાન તેમના પર જૂતું ફેંકવાની ઘટના બની હતી. જામનગરની એ

અનુસંધાન પાના ૭ પર

## લસકાણામાં ઘરમાં સુતેલા યુવાનનું ઊંઘમાં જ મોત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

લસકાણા ખાતે રાત્રે જમ્યા બાદ સૂતેલો યુવક વહેલી સવારે પાણી પીવા માટે ઉઠ્યો, પાણી પીને સૂતા બાદ સવારે ૭ વાગે પત્નીએ જ્યારે યુવકને ઉઠાવ્યો તો ઉઠ્યો જ ન હતો.લસકાણા ઈન્ફીનિટી બગની નવી બંધાતી સાઈડ ઉપર રહેતો દયારામ કાળુભાઈ રાણા (૨૮) ગુરુવારે રાત્રે પત્ની સાથે જમ્યા બાદ ૧૦ વાગ્યાની આસપાસ રાબેતા મુજબ સુઈ ગયો હતો. ત્યારબાદ દયારામ વહેલી સવારે ચાર વાગ્યે પાણી પીવા ઉઠ્યો હતો, પાણી પીધા પછી ફરિવાર દયારામ સુઈ ગયો હતો.દરમિયાન સવારે સાત વાગે પત્નીએ તેને જગાડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે તે નીંદમાંથી ઉઠ્યો જ ન હતો. તેથી સારવાર માટે બેભાન અવસ્થામાં નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યા તબીબે મૃત જાહેર કર્યો હતો

## ૨૩.૯૩ લાખની ઠગાઈના કેસમાં કાપડ વેપારીની જામીન અરજી રદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

સુરતના ખટોદરા વિસ્તારમાં 'એસ.એસ. ફેશન' ના નામે ધંધો કરતા અજીત હરિસિંગે વેપારી અમિષકુમાર સરકારી પાસેથી રૂા. ૨૩.૯૩ લાખનો કાપડનો માલ ઉધારમાં ખરીદ્યા બાદ પેમેન્ટ ન ચૂકવી વિશ્વાસઘાત કર્યો હતો. આ કેસમાં દલાલ કમલેશ પટેલે આરોપીની ખોટી ઓળખ આપી વિશ્વાસ જીત્યો હતો.

પૈસા પરત ન મળતા ભોગ બનનાર વેપારીએ ખટોદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ગુનામાં જેલભેગા થયેલા આરોપી અજીત હરિસિંગે જામીન મેળવવા અરજી કરી હતી. જોકે, મૂળ ફરિયાદીના વકીલ નિમેષ પી. દલાલ અને સરકારી વકીલ રાજેશ ડોબરીયાની ધારદાર દલીલો તેમજ પુરાવાઓને ગ્રાહ્ય રાખી, ૧૧મા એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજે આરોપીની રેગ્યુલર જામીન અરજી રદ કરતો હુકમ કર્યો છે.

## સચીનમાંથી રૂા.૪.૭૮ લાખના ગાંજા સાથે વૃદ્ધાની ધરપકડ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

સચીન જીઆઈડીસી તલંગપુર રોડ વિશાલનગરમાંથી સચીન જીઆઈડીસી પોલીસે ૬૭ વર્ષિય મહિલાને રૂ.૪.૭૮ લાખના ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડી હતી. મહિલાને ગાંજાનો જથ્થો આપનાર સંજય ઉર્ફે શંકર નામના આરોપીને પોલીસે વોન્ટેડ જાહેર કરી આ મામલે ગુનો નોંધ્યો છે.સચીન જીઆઈડીસી પોલીસના પીએસઆઈ એચ.આર.પટેલ દ્વારા બાતમીને આધારે તેમની ટીમ સાથે સચીન જીઆઈડીસી તલંગપુર રોડ વિશાલનગરના પ્લોટ નં૪૯માં રેડ કરીને સોનાદેવી બસંત રામજી સિંગ (ઉ.વ.૬૭) મુળ રહે. બિહાર સીતામઢી મેલા રોડ વસાહતને ઝડપી પાડી તેની પાસેથી રૂ.૪.૭૮ લાખનો ગાંજો કબ્જે કર્યો હતો. પુછપરછમાં સોનાદેવીને સંજય ઉર્ફે શંકર નામના આરોપીને ગાંજો આપ્યો હોવાની કબુલાત કરી હતી. પોતાના મકાનમાં લાકડાના પલંગ નીચે વેચાણ કરવા માટે ગાંજાનો જથ્થો સંતાડી રાખ્યો હતો. પોલીસે હાલ સંજય ઉર્ફે શંકરની શોધખોળ હાથ ધરી છે.